ॐ

परमात्मने नमः।

પત્રાંક–૨૫૪

મુંબઈ, અષાડ સુદ ૮, ભોમ, ૧૯૪૭

નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે;
અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંતપ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુમુતા' નથી.

'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર

મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.

'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકન અલ્પ પણ સુખેચ્છા, [૧]પરમ દૈન્યતાની ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

એ બધાં કારણે ટાળવાનું બીજ હવે પછી કહેશું. તેપહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા

---

૧. પાઠાન્તર : પરમ વિનયની ઓછાઈ

તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

[૨]સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની યોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ યોગ્યતાની હાનિ છે.

આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા

---

પાઠાન્તર : તથારૂપ ઓળખાણ થયે સદ્ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે. તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ પરમ વિનય જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.

મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે, અને જો તેઓમાં સર્વ પ્રકારે ([3]પરમ દૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ. પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ છે.

અધિક શું કહીએ ? અનંતકાળે એ જ માર્ગ છે.

પહેલું અને બીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.[4] અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.

મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે. તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે.

માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે; તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.

---

૩. પાઠાન્તર : પરમ વિનયની

૪. પાઠાન્તર : અને પરમ વિનયમાં વર્તવું યોગ્ય છે.

અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.

તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.

હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી; પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય; પણ તે ક્યે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી.

કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. તમને બધાને યથાયોગ્ય પહોંચે.

# પ્રવચન–૧

## તા. ૨૩-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

'કૃપાળુદેવ' પત્રના અંતના ભાગમાં લખે છે કે 'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પ્રતિપાદન કર્યો છે.' શાસ્ત્રનું રહસ્ય મુમુક્ષુજીવ માટે શું છે ? કેવું છે ? એ રહસ્ય અમે આ પત્રની અંદર પ્રતિપાદન કરેલો છે. 'તમે વારંવાર વિચારજો.' ખાલી વાંચી જવું એમ નહિ. વારંવાર વિચારજો અને અમે 'તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે; તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો...' શું આજ્ઞા છે એમની ? આ પત્ર અમે સંક્ષેપમાં લખેલો છે, ટૂંકામાં લખેલો છે પણ એનો જે વિષય છે, એ સંબંધી પરસ્પર વિચાર કરી અને વિસ્તાર કરજો એટલે કે એમાં જે કંઈ હું કહેવા માગું છું એના ઊંડાણમાં જવાનો પ્રયત્ન કરજો. પત્રમાં તો એક મર્યાદા હોય છે, એ કંઈ ગ્રંથ નથી, પત્ર એ કંઈ ગ્રંથ નથી, પત્ર એ પત્ર છે અને વિષય એવો છે કે જેના ઉપર ગ્રંથ લખી શકાય એવો વિષય છે, તો તમારે એનો વિસ્તાર કરવો જરૂરી છે એવી સ્પષ્ટ આજ્ઞા કરેલી છે. અને વિસ્તાર કરીને 'સમજવું એમ અમે કહીએ છીએ.' આ એમની સ્પષ્ટ આજ્ઞા છે. એટલે આ વિષય ઉપર, પત્ર ઉપર કૃપાળુદેવ જે કહેવા માગે છે એને વિસ્તારથી સમજવાનો આ દિવસોમાં આપણે સ્વાધ્યાય દરમ્યાન પ્રયાસ કરીશું.

પત્રનું મથાળું છે એ આ પત્રનું તાત્પર્ય છે. જીવને મુમુક્ષુતાનો પ્રારંભ થાય, એ મુમુક્ષુતા જઘન્ય કોટિમાંથી મધ્યમ કોટિને ગ્રહણ કરે, મધ્યમ

કક્ષામાંથી ઉત્તમ મુમુક્ષુતા ધારણ કરે અને એ ઉત્તમ મુમુક્ષુતા સમ્યગ્દર્શનની સમીપની ભૂમિકા હોય છે. એટલે કૃપાળુદેવે પ્રારંભથી લઈ અને પદાર્થ નિર્ણય સુધી એ વિષયને આમાં સંકલિત કર્યો છે.

પદાર્થ નિર્ણય એટલે પદાર્થ એટલે આત્મ પદાર્થ, આત્મ સ્વભાવ, આત્મ સ્વરૂપ. એ સ્વરૂપનો નિર્ણય છે એ સમ્યક્ત્વ સમીપની અથવા સમ્યગ્દર્શનની સન્મુખની ભૂમિકા છે. 'સમયસાર' જેવા મહાન પરમાગમમાં પણ એ વિષયને સંકેત મળે છે. 'સમયસાર'ની ૧૪૪ ગાથા છે એમાં સમ્યગ્દર્શન થાય છે ત્યારે એ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય ત્યારે જ્ઞાનના – મતિજ્ઞાનના, શ્રુતજ્ઞાનના કેવા પરિણામ હોય છે એનું સૂક્ષ્મ વર્ણન કરેલું છે, તાત્ત્વિક વર્ણન કરેલું છે ત્યારે પણ ટીકાકાર આચાર્યદેવ પદાર્થ નિર્ણય, સ્વરૂપ નિશ્ચયની વાતનો ઉલ્લેખ કરે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક કાર્ય છે અને એ કાર્યનું કોઈ કારણ હોય છે એ કારણનો ઉલ્લેખ ત્યાં પણ થયેલો છે કે, પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો.

'કૃપાળુદેવે' સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકાની એક સીધીસાદી સચોટ માર્ગદર્શિકા જેવી એક વાત લખી છે એ પત્રાંક ૭૫૧માં લખેલી છે. ૭૫૧ની અંદર પણ એમણે આ સ્વરૂપને નિશ્ચયને બીજું સમકિત કહ્યું છે. જોકે ત્યાં સ્પષ્ટ કરેલું છે કે એ સમકિતનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને, આરોપ કરીને અમે એને સમકિત કહીએ છીએ અને તે સમકિત વીતરાગોએ માન્ય કરેલું છે. એ સમકિત આદરવા લાયક છે, ઉપાસવા લાયક છે અને ભક્તિ કરવા લાયક છે. એ વાત ૭૫૧માં પણ સ્પષ્ટપણે કરેલી છે. એ સિવાય વ્યાખ્યાનસાર–૧ માં, વ્યાખ્યાનસાર–૧માં ૨૨૦ નંબરનું વચનામૃત છે. એમાં પદાર્થ નિર્ણયને અસ્તિત્વ ગ્રહણ બતાવ્યું છે અને એ અસ્તિત્વ ગ્રહણ અર્થાત્ પદાર્થ નિર્ણય છે તે સમ્યક્ત્વનું અંગભૂત છે, ત્યાં સમ્યક્ત્વનું અંગ કહ્યું છે.

ત્યાં 'કારણ' શબ્દ ઓછો પડ્યો છે એટલે 'અંગ' કહ્યું છે. એ તો સમ્યગ્દર્શનનું અંગ છે. એ મુમુક્ષુની ભૂમિકાની ઉત્કૃષ્ટ દશા છે, ચરમસીમા છે અને ત્યાંથી જીવ સમ્યક્ત્વ સન્મુખ થાય છે અને બહુ થોડા સમયમાં એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે.

આ પત્રમાં મુમુક્ષુતાના પ્રારંભથી લઈને પદાર્થ નિર્ણય સુધી પહોંચાડવાની 'કૃપાળુદેવ'ની જે પારમાર્થિક યોજના છે એ યોજના અહીંયાં ખુલ્લી મૂકી છે. કોઈપણ કામ યોજનાબદ્ધ રીતે થાય છે તો સર્વાંગ સુંદર થાય છે અને નિર્વિઘ્નરૂપે એ કાર્ય સંપન્ન થાય છે. એટલે એ દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને આપણે આ પત્રનો સ્વાધ્યાય કરીશું.

પ્રથમ જ મથાળું છે એ આ પત્રના તાત્પર્યભૂત વિષય છે. ખાસ કરીને જે જે પત્રોમાં મથાળા લખવામાં આવ્યા છે એ પત્રના વિષયને અનુસરીને અને જેને પત્ર લખ્યો છે તેની યોગ્યતાને અનુસરીને બહુભાગ લખવામાં આવ્યા છે. લખે છે કે 'નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે; અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.' નિઃશંકતા ક્યારે આવે ? પદાર્થનો યથાર્થ નિર્ણય હોય તો નિઃશંકતા આવે કે, મારું સ્વરૂપ આવું જ છે. જેવું અનંત ગુણાત્મક 'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ' જેવું જિનેશ્વર સર્વજ્ઞ પરમાત્માનું સ્વરૂપ છે એવું જ મારું સ્વરૂપ છે એમાં કોઈપણ પ્રકારનો તફાવત, કોઈપણ પ્રકારનો ભેદભાવ, રંચમાત્ર પણ ફેરફાર એમાં નથી. એવું સ્વરૂપ નિઃશંકપણે નિર્ણયથી થાય છે અને એ નિર્ણય કેવા પ્રકારે થાય, કેવો હોય એ વિષય આપણે સ્વાધ્યાય કરવા યોગ્ય છે એટલે એ પત્રના અનુસંધાનમાં લઈશું. 'કૃપાળુદેવ'ના વચનામૃતને અનુસરીને લઈશું પણ અહીંયાં તાત્પર્ય એમણે કાઢ્યું છે કે જો પદાર્થનો નિર્ણય નિઃશંકપણે થાય એટલે કે નિજ સ્વરૂપની ઓળખાણ નિઃશંકપણે થાય તો જીવને નિર્ભયતા ઉત્પન્ન થાય છે. સૌથી પહેલું કામ આ બને છે.

નિર્ભયતા એટલે શું ? કે, આ જીવ સંસારમાં સપ્ત ભય સહિત પરિભ્રમણ કરે છે. સાત ભય કહો કે બધા જ ભય કહો, એ સાતની અંદર બધા ભય આવી જાય છે. શાસ્ત્રકારોએ તમામ પ્રકારના ભયને સાત પ્રકારમાં વિભાજીત કરી નાખ્યા છે. સાતના પેટાભેદમાં બધા ભયો આવી જાય છે. નિર્ભયતા થાય એટલે કોઈપણ પ્રકારનો ભય ન રહે. ભયના પરિણામ છે એ આ જીવને દુ:ખનું કારણ છે. ભયના પરિણામ છે એ જીવને દુ:ખદાયક છે અને એ નિરંતર દુ:ખ આપ્યા જ કરે છે. જોકે જીવ ટેવાઈ ગયેલો છે એટલે એની ખબર એને ઓછી પડે છે પણ તેથી કરીને એને દુ:ખ નથી એવું કાંઈ નથી. અનેક ભવોમાં અનેક પ્રકારના નરક, નિગોદનાં દુ:ખ જીવે ભોગવ્યા એની અત્યારે ખબર નથી એટલે ભોગવ્યા નહોતા એવું તો કાંઈ નથી અથવા નથી ભોગતવો એવું કાંઈ નથી. એમ ભયની પરિણતિ તમામ સંસારી જીવોને નિરંતર હોય છે. એમાં મૃત્યુનો ભય, પીડાનો ભય, અકસ્માતનો ભય, ચોરીનો ભય, લૂંટનો ભય (ઇત્યાદિ) બધા ભય એને અંદર આવી જાય છે.

જ્યારે સ્વરૂપનો નિર્ણય નિ:શંકપણે થાય ત્યારે કોઈપણ પ્રકારના ભય છે એ ભયથી જીવ રહિત થાય છે. સ્વરૂપ પણ ભય રહિત છે અને તેથી એના નિર્ણયમાં પણ ભયનો અભાવ થવો એ સહજ છે. ભયના પરિણામ સંબંધી સંક્ષેપમાં થોડો વિચાર કરીએ તો એ પ્રકારે છે કે ભયની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ? અથવા ભયની ઉત્પત્તિનું કારણ શું ? કે આ જીવ પોતાના સ્વરૂપને ભૂલીને, પોતાના સ્વરૂપને ચૂકીને અન્ય પદાર્થમાં મમત્વ કરે છે એ મમત્વ ભયનું કારણ છે, બીજું કોઈ ભયનું કારણ નથી. જેમકે શરીર મારું છે, તો શરીરને કાંઈપણ થાય એનો ભય છે.

'મુંબઈ'માં તો બોંબબાર્ડિંગનો બધાએ ઠીકઠીક અનુભવ કરેલો છે. મોટો ધડાકો થાય, સંભળાય તો ભય સંબંધી વિકલ્પ કર્યા વિના ભય

વ્યાપી જાય. ભયનો વિકલ્પ કરવાનો સમય પણ ન રહે એ પહેલા ભય વ્યાપી જાય છે. કેમકે શરીરનું મમત્વ અને ભયની પરિણતિ જીવની ચાલુ જ છે, વગર વિકલ્પે નિર્વિકલ્પ પરિણતિ ચાલુ છે એટલે એનો ભય પણ ચાલુ જ છે. અને જ્યાં શરીરનો ભય છે ત્યાં શરીરને અનુકૂળતા આપનારા સાધનો પ્રત્યેનું જે મમત્વ છે, જેને અનુકૂળતાના સંયોગો કહેવામાં આવે છે એ બધા સંયોગો સંબંધીનો ભય ઉત્પન્ન થયા વિના રહે નહિ. જ્યાં મમત્વ છે ત્યાં ભય થયા વિના રહે નહિ. તો સ્વરૂપની નિઃશંકતા ઉત્પન્ન થાય ત્યારે સ્વરૂપમાં પોતાપણું, સૌથી પહેલા સ્વરૂપમાં પોતાપણું લાગે, પોતાપણું ભાસે. પોતાપણું ભાસ્યમાન થાય ત્યારથી અન્ય પદાર્થમાં પોતાપણાનો નિશ્ચય છે એ બદલાય જાય છે.

નિઃશંકતા સ્વરૂપના નિશ્ચયના કારણે આવેલી છે. સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કહો કે સાચો નિશ્ચય કહો, એ પહેલાં જે ખોટા નિશ્ચયો છે – આપણે જેને Misconcept કહીએ છીએ એને કારણે તમામ જીવો સંસારના ભયથી ગ્રસિત જ છે. ભલે કોઈ બહારથી ગમે તેટલા સાધનસંપન્ન કે સુખી દેખાતા હોય અને ગમે તેટલી Securitiesની વ્યવસ્થા કરેલી હોય (છતાં ભયવાન છે). આ ખાસ કરીને રાજદ્વારી પુરુષો માટેની Security તો પ્રસિદ્ધ છે. વડાપ્રધાન હોય, રાષ્ટ્રપતિ હોય, 'અમેરિકા'નો President હોય (તેમનો) રોજનો લાખો રૂપિયાનો ખર્ચ એની સલામતિ માટે હોય છે. એનું કારણ કે ભય પણ એટલો જ મોટો છે ત્યાં. એ ભયથી બધા જ ગ્રસિત છે. જો એટલા સત્તાધારી પણ ભયથી ગ્રસિત છે તો નીચેના માણસો કોણ ભયથી ગ્રસિત નથી ? એ સમજાવવાની જરૂર નથી રહેતી. અને 'મુંબઈ'નું જીવન તો કેટલું અનિશ્ચિત છે એ કાંઈ 'મુંબઈ'વાળાને સમજાવવાની જરૂર નથી રહેતી. ઘરમાંથી બહાર નીકળ્યો એ સાંજે ઘરે પાછો આવ્યો ત્યારે નિરાંત, નહિતર કાંઈ કહેવાય નહિ ક્યારે શું થઈ જાય.

આ તમામ પ્રકારના ભય જવા માટે જ્ઞાનીપુરુષોએ કરુણા કરીને આ વિષય સ્પષ્ટ ખુલ્લો મૂકેલો છે. જ્યાં સુધી નિઃશંકતા ન આવે ત્યાં સુધી નિર્ભયતા ન આવે અને જ્યાં સુધી જીવ ભયાન્વિત હોય, ભયથી ગ્રસિત હોય ત્યાં સુધી રાગ-દ્વેષ રહિત થઈને અસંગદશા, નિઃસંગદશાને એ પ્રાપ્ત ન થઈ શકે.

નિઃસંગ દશા એટલે કોઈપણ પરપદાર્થનો સંગ થાય એ પ્રકારે પરિણામ અથવા ઉપયોગ ન ચાલે. ઉપયોગ કેવળ સ્વરૂપમાં જ લાગેલો રહે એવી જે નિઃશંક દશા એ નિર્ભયતા વિના સંભવિત નથી. એટલે અહીંયાં પણ ક્રમ બોધેલો છે કે સ્વરૂપ નિશ્ચયથી નિઃશંકતાની ઉત્પત્તિ થાય, એ નિઃશંકતાના કારણે નિર્ભયતા ઉત્પન્ન થાય અને જો નિઃશંકપણે નિર્ભય હોય તો એ જીવ સ્વરૂપમાં ઠરવા માટે સમર્થ થાય, સ્વરૂપમાં સ્થિર રહેવા માટે એ સમર્થ હોઈ શકે અને એ સ્વરૂપમાં જે ઉપયોગ લીન થયો એને નિઃસંગદશા અથવા અસંગદશા કહેવામાં આવે છે. આ રીતે પવિત્ર એવી અસંગદશાનું મૂળ કારણ જે સ્વરૂપ નિશ્ચય એ સંબંધી આ એક 'કૃપાળુદેવ'નું મહાન સૂત્ર છે. એ સ્વરૂપ નિશ્ચય સુધી કોઈપણ સામાન્યજન કેવી રીતે પહોંચી શકે એની એક વ્યવસ્થિત યોજના આ પત્રની અંદર 'કૃપાળુદેવે' પ્રતિપાદન કરેલી છે.

'પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીર્વ મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.' અહીંયાં પહેલું વચનામૃત પૂરું થાય છે. હવે જ્યાં જ્યાં અલ્પવિરામ છે ત્યાં સુધીનો આપણે વિસ્તાર કરીશું. 'પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે;...' આ વાત કરી છે – કર્મ પ્રકૃતિની. 'કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ, તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ' 'આત્મસિદ્ધિ'માં એ પદ લીધું

છે. તો એનો – કર્મનો વિસ્તાર કેટલો છે ? કે અનંત પ્રકારના કર્મ છે અને એ ચિત્રવિચિત્ર પ્રકારે છે એટલે વિધવિધ પ્રકારે છે. અહીંયાં વિચિત્રનો અર્થ છે – વિધવિધ પ્રકારે છે અને એ કર્મપ્રકૃતિના ઉદયમાં જીવના પરિણામ જોડાય છે ત્યારે તે તે પ્રકૃતિ અનુસારનો દોષ જીવના પરિણામમાં જીવ સ્વયં કરે છે. જ્યાં સુધી જીવ પોતાના સ્વરૂપની ઓળખાણ કરીને – સ્વરૂપનો નિશ્ચય કરીને સ્વરૂપમાં લીન ન થાય, પોતાના પરિણામ પોતાના સ્વરૂપમાં ન લાગે ત્યાં સુધી જીવના પરિણામ અનન્યપણે, અનિવાર્યપણે, અનન્યપણે નહિ પણ અનિવાર્યપણે – નિવારી ન શકાય એ રીતે પ્રકૃતિના ઉદયમાં જોડાયા વિના રહે નહિ.

આ એક પરિણામસ્વભાવ છે અથવા આ એક પરિણામનું વિજ્ઞાન છે કે પરિણામ કાં તો આત્મામાં – આત્મસ્વરૂપમાં લાગે, જોડાય અને કાં આત્મસ્વરૂપને છોડીને કર્મના ઉદયમાં જોડાય. પરિણામને કાંઈને કાંઈ આલંબન જોઈએ. કાં એ સ્વરૂપનું આલંબન લે અને કાં એ કર્મના ઉદયનું આલંબન લે. બેમાંથી એક પ્રકાર થાય, થાય ને થાય જ. એ સિવાયનું કોઈ ત્રીજા પ્રકારનું પરિણામ જગતમાં કોઈ જીવને નથી હોતું. જ્યારે જીવને સ્વરૂપજ્ઞાન થાય અથવા સ્વરૂપ નિશ્ચય થાય ત્યારથી, પદાર્થ નિર્ણય થાય ત્યારથી જીવના પરિણામનું વલણ બદલાય છે, પરિણામનો પ્રવાહ છે એ દિશા બદલે છે, સ્વરૂપ સન્મુખ થાય છે અને ત્યારથી એ પરિણામ સ્વરૂપમાં લાગવાના શરૂ થઈ જાય છે. શરૂઆતમાં એના અંશો ઓછા હોય છે પછી તે વર્ધમાન થઈને પૂર્ણતાને પામે છે. એ પહેલાં તમામ સંસારી જીવોને કર્મના ઉદયમાં અનિવાર્યપણે જોડાણ હોય છે. એટલે એ કર્મના પ્રકાર અનંત હોવાથી જીવના દોષના પ્રકાર પણ અનંત ભાસે છે અથવા અનંત પ્રકારના દોષ અનુભવગોચર થાય છે.

હવે મુમુક્ષુજીવ એટલે એનું એક શબ્દચિત્ર લઈએ તો કે મુમુક્ષુજીવ એટલે જેને કાંઈક પોતાની વર્તમાન દશામાં અસંતોષ છે તેથી એ પોતાની

દશા વર્તમાન પ્રવર્તે છે એનાથી કાંઈક સુધાર કરવા માગે છે એવો જીવ. ફરીથી, પોતાની વર્તમાન દશાથી જે અસંતુષ્ટ છે, એમાં એને કાંઈક બગાડ દેખાય છે એમાં ફેરફાર કરીને એ સુધાર કરવા માગે છે એવા જીવને માટે એક વિચારની ઉત્પત્તિ થાય છે, એક એ અભિપ્રાય બાંધે છે કે મારે કાંઈક એવું કરવું છે કે જેથી મારામાં સુધાર થાય. અથવા તો જેને અવગુણ પસંદ નથી, જેને અવગુણ ન જોઈએ પણ સદ્‌ગુણ જોઈએ એવો કાંઈક જેને વિચાર હોય છે એ જીવને આ વાત, એવા જીવને આ વાત સ્પષ્ટ ખ્યાલમાં આવે એવી છે, પોતાના અનુભવથી ખ્યાલમાં આવે એવી છે કે જીવના દોષના પ્રકાર પણ ઘણા છે. એ પોતાના દોષથી જ એને ખ્યાલમાં આવે એવું છે.

મહાપુરુષોના વચનો, જ્ઞાનીપુરુષોના વચનો છે એનો સ્વાધ્યાય કઈ પદ્ધતિથી કરવો, કઈ રીતે કરવો એ વાત અહીંથી થોડી નિર્દેશ કરવા જેવી લાગે છે. વાત તો 'કૃપાળુદેવ' એટલી જ કરે છે અહીંયાં કે દોષના પ્રકાર પણ અનંત ભાસે છે. આ વચનમાં, આ વાક્યમાં થોડો મર્મ છે. એવું સીધું નથી લખ્યું, વાતને ખોલવી હોય તો એમ ખોલી શકાય કે દોષના પ્રકાર પણ અનંત છે, કર્મ પ્રકૃતિના પ્રકાર અનંત છે તેથી દોષના પણ અનંત પ્રકાર છે, એમ નથી લખ્યું પણ એમ લખ્યું છે કે 'દોષના પ્રકાર પણ અનંત ભાસે છે;...' ભાસવું એટલે શું ? ભાસવું એટલે લાગવું. લાગવું એટલે શું ? Feel થવું.

હવે સ્વાધ્યાય પદ્ધતિને અનુસરીને વિચારીએ. સ્વાધ્યાય પદ્ધતિ બે પ્રકારે જોવામાં આવે છે. એમાં બહુભાગ એક પ્રકાર એવો છે જે બહુભાગે હોય છે કે જે વૈચારિક ભૂમિકાની મર્યાદામાં સમાપ્ત થાય છે. વિચાર એ તર્ક અને અનુમાન પ્રધાન, ન્યાય અથવા Logic સાથે સંકળાયેલી એક વૈચારિક ભૂમિકા છે. જ્યારે અનુભવપદ્ધતિમાં પોતાના અનુભવને સ્પર્શીને, અનુભવને અવલોકીને, અનુભવને અનુભવથી સમજીને એ જ

વાતને સમજવામાં આવે છે ત્યારે એ વિષયનું તળસ્પર્શી જ્ઞાન થાય છે.

ખાસ કરીને આપણો જે ધાર્મિક સ્વાધ્યાય છે એ ધાર્મિક સ્વાધ્યાયના મુખ્ય બે વિષય છે. એક વિષય જીવનો દૂષિત પરિણામનો છે અને એક વિષય જીવના નિર્દોષ – પવિત્ર પરિણામનો છે અને આ પ્રયોજનભૂત વિષય છે. દોષનો વિષય દોષના અનુભવથી સમજવો જોઈએ અને નિર્દોષતાનો વિષય નિર્દોષતાના અનુભવથી સમજવો ઘટે છે અને તો જ એ યથાર્થ સમજાય, સાચા અર્થમાં સમજાય છે. યથાર્થ સમજાય એટલે સાચા અર્થમાં સમજાય. નહિતર સ્વાધ્યાય કરનાર જે સમૂહ છે, જે મનુષ્યોનો સમૂહ છે એ બહુભાગ બુદ્ધિથી પ્રવર્તનારો સમાજ છે. બૌદ્ધિક Level ઉપર આપણું જીવન ચાલે છે. આપણે કમાઈએ છીએ એ પણ બુદ્ધિ ચલાવીને કમાઈએ છીએ. આપણું ઉપજીવન જેને કહેવામાં આવે છે એ પણ બૌદ્ધિક સ્તર પર ચાલે છે અને એ જ બુદ્ધિશક્તિ આપણે સ્વાધ્યાય કરવામાં લગાવીએ ત્યારે આપણે જે કાંઈ ગ્રંથનો, જે કાંઈ શાસ્ત્રનો, આગમનો સ્વાધ્યાય કરીએ એમાં આગમનો અર્થ શું છે, આગમાર્થ જેને કહેવામાં આવે છે, એ આગમમાં ન્યાય શું છે એને નયાર્થ કહેવામાં આવે છે, શબ્દના અર્થને શબ્દાર્થ કહેવામાં આવે છે, એના તાત્પર્યને ભાવાર્થ કહેવામાં આવે છે, અન્ય મતો સાથે એની સરખામણી કરવામાં આવે ત્યારે એને મતાર્થ કહેવામાં આવે છે અને એ તર્ક અને અનુમાનથી એનો વિશેષ વિચાર કરવામાં આવે છે.

પત્રના અનુસંધાનમાં વાત એ છે કે 'કૃપાળુદેવે' દોષના પ્રકારના અનંત 'ભાસે છે' એમ શબ્દ કેમ પ્રયોગ કર્યો છે ? ભાસવું એટલે લાગવું – To feel – અનુભવ થવો. તો મુમુક્ષુજીવ આ જ વચનામૃતને એ રીતે Practical sideથી સમજે કે મારામાં કેટલા પ્રકારના દોષ થાય છે ? તો એને સમજાય જાય એવું છે કે અનેક પ્રકારના દોષ મારામાં થાય છે એ ઉપરથી કહેનાર કોઈ અનુભવી પુરુષ છે અને એમનું વચન

સ્વીકાર કરવા યોગ્ય છે, માન્ય કરવા યોગ્ય છે, આદર કરવા યોગ્ય છે એમ આપોઆપ લાગ્યા વિના નહિ રહે. વિચારથી માન્ય કરવું અને લાગીને માન્ય કરવું એમાં બહુ ફરક છે, બહુ મોટો ફરક છે એની અંદર.

જ્ઞાનીપુરુષની અને એમાં પણ 'કૃપાળુદેવ'ની જે વચનપદ્ધતિ છે એમાં આ એક વિશેષતા છે અને એ વિશેષતા અનેક જીવોને સ્પર્શી જાય એવી છે. એવો કોઈ વચન અતિશય છે. એમની તો આપણે સ્વાધ્યાય દરમ્યાન ભક્તિ કરશું, બહુમાન કરશું પણ એમના વચનોની પણ ભક્તિ અને બહુમાન કરવા યોગ્ય છે. એમનો જે વચન અતિશય છે એ વચન અતિશય જીવના પરિણામને બહિર્મુખતાને છોડાવીને અંતર્મુખ ગતિ કરાવે એવો એક વિશિષ્ટ પ્રકાર, જીવના પરિણામની દિશાને એક નવો મોડ આપે એવો એક પ્રકાર એમના વચનોમાં અસાધારણ, અસામાન્ય પ્રકાર સ્પષ્ટ જોવામાં આવે છે અને અનુભવપ્રધાનતાનો પ્રત્યેક વચનમાં રહેલી છે. જો કહેનારની પદ્ધતિ અનુભવપ્રધાન છે તો એ વચનોનું શ્રવણ, વાંચન કે ચિંતન કરનારની પદ્ધતિ અનુભવપ્રધાન હોવી ઘટે છે. અન્યથા એટલે કે બીજા પ્રકારે જો સ્વાધ્યાય કરવામાં આવે તો એમને જે કહેવું છે એ કદાચ સમજવાથી વંચિત રહી જવાય ખરું.

આ એક એવો વિષય છે, બહુ રહસ્યભૂત વિષય છે. અનંતકાળથી જીવને પત્તો નથી લાગ્યો એવો એક વિષય છે, ગૂઢ વિષય છે અને તેથી એ વિષયને વાંચન અને શ્રવણ સુધી સમીપ આવ્યા પછી પણ જો એના રહસ્યથી કે એના પરમાર્થથી વંચિત રહી જવાય તો એના જેવો બીજો કોઈ અફસોસ નથી એમ સમજવા યોગ્ય છે. એટલે એક શબ્દમાંથી કેટલી વાત નીકળે છે કે દોષના પ્રકાર પણ અનંત ભાસે છે એ વચનામૃતનો સ્વાધ્યાય કરતા પોતાના દોષ ભણી એક દૃષ્ટિપાત કરવામાં આવે તો At a glance એક સેકંડમાં સમજાય જાય કે

કહેનારનો આની પાછળ અનુભવ શું છે. પોતાના અનુભવથી એને સમજાય કે આ જીવ પણ આખા દિવસમાં અનેક પ્રકારના દોષ કરે છે અને એનો અનુભવ એને વર્તે છે, એના અનુભવથી પોતે એ વાતને સમજી શકે છે.

હવે જ્યારે દોષના પ્રકાર અનંત છે અને પોતાને અમુક અમુક પ્રકારના દોષ થયા જ કરતા હોય ત્યારે દોષને મટાડવાનો જેનો અભિપ્રાય હોય છે એ જીવને એમ થાય છે કે આને કેવી રીતે મટાડવો ? એક સામાન્ય દૃષ્ટાંત આપણે લઈએ કે મુખ્ય ચાર પ્રકૃતિ છે – ક્રોધ, માન, માયા, લોભ. ચાર પ્રકારના દોષની જે પ્રકૃતિ છે એમાં દોષમાં કોઈને માન વિશેષ હોય, કોઈ લોભી હોય તો એને લોભની વિશેષતા હોય, કોઈ માયાચાર વિશેષ કરતું હોય તો કોઈ ક્રોધી પ્રકૃતિવાળા પણ મનુષ્યો હોય છે. આમ તો ચારે પ્રકારના દોષ સામાન્ય(પણે) થાય પણ વિશેષપણે કોઈને કોઈ પ્રકૃતિદોષ એક કે બે કે ત્રણ કે એવી રીતે હોય ત્યારે જેને દોષ મટાડવાનો અભિપ્રાય છે એને એમ થાય કે આનો રસ્તો શું ? મારે માન હોય તો માન કેવી રીતે મટાડું ? ક્રોધ થતો હોય તો ક્રોધ કેવી રીતે મડાડું ? હવે દોષ તો અનંત પ્રકારના, અનેક પ્રકારના થાય છે તો બધાયને મટાડવા માટે જુદો જુદો ઉપાય કેવી રીતે કરવો ? આ એક વિટંબણા લાગે છે અથવા એક અઘરો વિષય માણસને લાગે છે અને તેથી એ વિષયને સ્પર્શવા માટે જીવ અનેક પ્રકારના ધર્મ સાધનને કરે છે. અનેક પ્રકારના ધર્મસાધન કરવામાં જ્યાં સુધી એને યોજનાબદ્ધ રીતે વ્યવસ્થિત કાર્યપદ્ધતિ હાથમાં નથી આવતી ત્યાં સુધી એ પોતાની મતિ કલ્પના પ્રમાણે કાંઈને કાંઈ કર્યા કરે છે.

સામાન્ય બધાની સમજણ એવી છે કે સંસાર છે એના કાર્યો દોષનું ઠેકાણું છે અને ધર્મના ક્ષેત્રો છે ત્યાં કાંઈક નિર્દોષ થવાની વાતો ચાલે છે. પછી જે તે સંપ્રદાયમાં જે તે ધર્મની રૂઢિગત પ્રણાલિકા હોય છે

એને બહુભાગ જીવ અનુસરે છે. એ વાત 'કૃપાળુદેવ' કરશે પણ એનું નામ કાંઈ યથાર્થ પદ્ધતિ કે મુમુક્ષુતા નથી. એટલે આ વિષયની મૂંઝવણ મટી જાય એવી એક બહુ ઉત્તમ વાત આ જગ્યાએ 'કૃપાળુદેવે' કરી છે.

'પણ સર્વથી મોટો દોષ એ છે કે...' તું નાના નાના દોષને પકડી પકડીને એનો નાશ કરવાના ઉપાયમાં જા એના કરતા એક મોટો દોષ તને બતાવી દઈએ. એ દોષ જો મટાડ તો બધા દોષ આપોઆપ જાશે. નહિતર શું થાય છે કે 'ખાળે ડૂચા ને દરવાજા મોકળા'. દરેક ધર્મ સંપ્રદાયમાં આ ભૂલ છે. એક દૃષ્ટાંત લઈએ કે મુસલમાન લોકો વ્યાજ ખાવાને મોટો દોષ ગણે છે. જે મક્કા હજ કરી આવે એ લોકો વ્યાજ ન ખાય. એને પ્રતિજ્ઞા હોય છે કે વ્યાજ નહિ ખાવાનું. એટલે પોતાની મૂડી એ વ્યાજે ન રાખે. દોષ બહુ મોટો નથી, વ્યાજ ખાવું એ દોષ છે પણ કાંઈ બહુ મોટો દોષ નથી પણ નાના દોષને મોટો કરી નાખે. કેમકે એની પાસે દોષ મટાડવાની કોઈ યોજના નથી. એ ધર્મના સંપ્રદાયમાં એવી કોઈ યોજના નથી કે કેવી રીતે દોષોને મટાડવા. એટલે કોઈ કોઈ પ્રકારે, કોઈ કોઈ પ્રકારે (પ્રવર્તે છે). છેવટે કાંઈ નહિ (તો) માન ન ચડે તો હજ કરી આવ્યા પછી લેંઘો ઊંચો પહેરવો. એ લોકો ટૂંકો લેંઘો પહેરે. પાયજામો પહેરે એ ટૂંકો પહેરે. તમે જોજો દાઢી રાખે. એ બધા દોષ મટાડવા માટેની યુક્તિ, પ્રયુક્તિ હોય છે. આ ઈશ્વરકર્તાવાળા લ્યો ને. ભાઈ ! શું કરીએ ભગવાન જે રીતે કરે છે એ રીતે આપણે માન્ય રાખો. બધું ભગવાનને માથે નાખી દે. કોઈ સારું કામ કરીએ તો કહે, એ ભગવાને કરાવ્યું, મેં નથી કર્યું. નકામું મને માન ચડી જશે. મારી પાસે ઈશ્વરે કરાવ્યું. (એમ) દોષ મટાડવા માટેની કાંઈને કાંઈ યુક્તિ, પ્રયુક્તિ દરેક સંપ્રદાયમાં હોય છે. એની પાછળ એનું થોડું ન્યાયનું પ્રકરણ એટલે Logic પણ હોય છે. પણ જ્ઞાનીપુરુષનો જે માર્ગ છે, જે વાસ્તવિક

જૈનદર્શન છે. 'કૃપાળુદેવ' એને જ્ઞાનીપુરુષનો માર્ગ કહે છે. જૈનદર્શનનો શબ્દપ્રયોગ એટલા માટે ઓછો કરે છે કે આજે જૈન સંપ્રદાયની અંદર પણ અનેક ફીરકા ચાલે છે, અનેક ગચ્છ, મત ચાલે છે અને વિભિન્ન પ્રકારે દરેક પદ્ધતિ જુદી જુદી, થોડી થોડી થોડી જુદી જોવામાં આવે છે. એટલે જ્ઞાનીપુરુષનો જે માર્ગ છે એ માર્ગ જ્યાં સુધી જીવને હાથમાં નથી આવતો, એ માર્ગે જીવ ચડતો નથી ત્યાં સુધી એ મનમાની અથવા પોતાને ઠીક પડે અથવા પોતાના સંપ્રદાયમાં રૂઢિ હોય એ પ્રકારે કાંઈને કાંઈ ધર્મસાધન કરી અને નિર્દોષ થવાનો પ્રયત્ન કરે છે.

અહીંયાં એક બહુ વિશિષ્ટ વાત એ છે કે 'સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા...' અથવા મુમુક્ષુતા જ ઉત્પન્ન ન થાય, ન હોય. આ સર્વથી મોટો દોષ છે. પછી મુમુક્ષુતા શું એ નીચે કહેશે. પણ આ સર્વથી મોટો દોષ છે. એટલે એમ ન કહ્યું કે તું સવારે નમસ્કાર મંત્ર નથી બોલતો એ મોટો દોષ છે અથવા તું કારખાનું ચલાવે છે માટે મોટો દોષ છે અથવા તું ગૃહસ્થને યોગ્ય પરિણામ કરે છે માટે મોટો દોષ છે અથવા ક્રોધ, માન, માયા કરે છે માટે મોટો દોષ છે, એવું કાંઈ ન કહ્યું. મુમુક્ષુતા ઉત્પન્ન નથી થઈ એ સર્વથી મોટો દોષ છે.

ઘણા વિશાળ જ્ઞાનના અને ઊંડા અનુભવના પ્રકારમાંથી આ એક વચન નીકળેલું છે. એક એક વચન પાછળ જો 'કૃપાળુદેવ'ને આપણે સમજવા હોય તો એમના અનુભવને સમજવો પડશે. પોતે નાનપણથી– બચપણથી જાતિસ્મરણ જ્ઞાનના ધારક હતા એ તો સર્વ વિદિત છે. એટલે એમને ઘણા ભવોના પ્રસંગો અને હકીકતો યાદ હતી. એમાં પોતે આત્મકલ્યાણ માટે ઘણો પરિશ્રમ અનેક પ્રકારે કર્યો છે એ પણ એમને યાદ હતું અને ત્યારપછી એમને મૂળ માર્ગ મળ્યો. મુમુક્ષુતા સંપન્ન થઈ અને મોક્ષમાર્ગમાં આરૂઢ થયા, એ બધું પણ એમને ખ્યાલમાં છે. એ બધા જ્ઞાનનો અને બધા અનુભવનો સરવાળો એ રૂપે આ વચનામૃત

આપણી સમક્ષ છે. આ ખાલી પત્રો નથી. એને શાસ્ત્ર કહીએ, એને આગમ કહીએ, એને પરમાગમ કહીએ એ બધું આની અંદર છે. એનું Form – દેખાવ, બાહ્ય દેખાવ ભલે પત્રનો છે પણ એની અંદર અમૂલ્યમાં અમૂલ્ય વાતો લખાયેલી છે અને એ અનેક ભવોના અનુભવ પછી, અનેક શાસ્ત્રોના ઊંડા અને વિશાળ જ્ઞાનના તાત્પર્યરૂપ એ બધી વાતો આવી છે.

જીવમાં મુમુક્ષુતા ઉત્પન્ન નથી થઈ એ જ સર્વથી મોટો દોષ છે. એ મુમુક્ષુતા એટલે ખરી મુમુક્ષુતા લેવી છે. અત્યારે આપણે મુમુક્ષુ મંડળમાં નામ Register કરાવીએ કે લવાજમ ભરીએ એ વાત નથી. પછી જીવન ગમે તેવું હોય, એ પ્રકારની વાત નથી. સાચી મુમુક્ષુતા જે પોતે નીચે કહેવા માગે છે એવી મુમુક્ષુતા જ્યાં સુધી ઉત્પન્ન ન થાય ત્યાં સુધી જીવનો સૌથી મોટો દોષ ઊભો છે અને જ્યાં સૌથી મોટો દોષ ઊભો છે ત્યાં નાના નાના દોષ થયા જ કરવાના અને નહિ મટવાના એ વાત સમજાવવાની ભાગ્યે જ જરૂર રહે એવી વાત છે. એટલે આ વચનામૃત ઉપરથી 'કૃપાળુદેવ' મુમુક્ષુ પ્રત્યે એક ધ્યાન ખેંચવા માગે છે કે જો ખરેખર મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરીને મોક્ષ સુધી પહોંચવું હોય, મોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે, તો સાચી મુમુક્ષુતા આવ્યા વગર કોઈને મોક્ષમાર્ગ ઉત્પન્ન થયો હોય એવું ત્રણકાળ કે ત્રણલોકમાં સંભવિત નથી અને એ સાચી મુમુક્ષુતા શું છે એ વિષય ઉપર એમને અહીંયાં પ્રકાશ પાડવો છે, એ વાત પોતે સ્પષ્ટ કરે છે કે અહીંયાં મુમુક્ષુતા વિષે મારે કહેવું છે. જુઓ ! નીચે લખે છે કે, 'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે...' આ પત્રમાં શું કહેવું છે ? મુમુક્ષુતા વિષે મારે વાત કરવી છે કે એનો પ્રારંભ કેવી રીતે થાય ? એ મુમુક્ષુતા વર્ધમાન કેવી રીતે થાય ? અને એ મુમુક્ષુતા ચરમસીમાએ પહોંચે – છેલ્લી હદે પહોંચે ત્યારે એને જ્ઞાનપ્રાપ્તિ થઈ એ જીવ મોક્ષમાર્ગે ચડે છે.

એટલે 'સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય.' તીવ્ર મુમુક્ષુતા એટલે જ્ઞાનદશા. એ વ્યાખ્યા એમણે નીચે કરી છે. 'અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.' પહેલા સામાન્ય મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે પણ એ સાચી મુમુક્ષુતા છે અને ત્યારપછી તીવ્ર મુમુક્ષુતા એટલે જ્ઞાનદશાની પ્રાપ્તિ થાય છે.

આગળ કહે છે કે, 'ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે,...' જ્યારે કોઈપણ માણસનો જન્મ થાય છે ત્યારે એ કુટુંબ કોઈને કોઈ સંપ્રદાયમાં હોય જ છે. વિશ્વની અંદર એવો કોઈ મનુષ્ય નથી કે કોઈને કોઈને સંપ્રદાયમાં ન હોય એવું કોઈ કુટુંબ જ નથી. અત્યારે આપણે જે વિશ્વમાં છીએ એમાં સૌથી વધારે ક્રિશ્ચિયન અને મુસલમાન લોકો છે. પછી તો નાનામોટા થઈને સેંકડો સંપ્રદાયો છે પણ કોઈને કોઈ સંપ્રદાયની અંદર, ધર્મમતમાં મનુષ્યની ઉત્પત્તિ થાય છે અને તેથી તે તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે. પછી એ સંપ્રદાયની અંદર જે કાંઈ ધર્મની કાર્યપદ્ધતિ હોય છે, રૂઢિ હોય છે, બાહ્ય ક્રિયા હોય છે એને એ અનુસરે છે.

Tregedy એ વાતની છે, જીવનની આ એક કરુણતા છે, મનુષ્યજીવનની આ એક બહુ મોટી કરુણતા છે કે જીવનના બધા જ ક્ષેત્રોમાં જીવ બધે ચકાસણી કરે છે, બુદ્ધિ લગાવે છે, પરીક્ષા કરે છે, ઘણી માથાકૂટ અને ચીકાશ કર્યા પછી નિર્ણય લ્યે છે. એક ધર્મનું ક્ષેત્ર એવું છે કે જ્યાં આંધળુકિયા કરે છે. જે ધર્મ સંપ્રદાયમાં હોય એમાં એ ચાલ્યો જાય છે. કોઈવાર કોઈ માણસો સંપ્રદાય બદલે છે પણ એમાં એટલી બુદ્ધિ નથી લગાવતા. કાં કોઈ મિત્રને હિસાબે  કાં કોઈ પોતાના પિતાને હિસાબે, કાં કોઈ એવો કોઈ પ્રસંગ અથવા જીવનની અંદર એવો કોઈ પ્રસંગ બની જાય, કોઈ ઘટનાના આધારે એમને એમ કોઈને કોઈ ધર્મમતને અનુસરે છે.

ધર્મમાં અંધશ્રદ્ધા એ એક વિશ્વવ્યાપી દોષ છે એમ કહી શકાય. એવું નથી કે ધર્મના ક્ષેત્રમાં જનારાને બુદ્ધિ નથી હોતી. એવું કાંઈ નથી. એમાં પણ મોટા મોટા સુપ્રીમ કોર્ટના જજો છે એ પણ એમાં એની અંદર જ છે, મોટા મોટા વકીલો પણ એની અંદર છે, જે બહુ બુદ્ધિ લગાવતા હોય છે. અથવા કોઈપણ બુદ્ધિશાળી માણસ પોતાના ધર્મમતની અંદર અંધશ્રદ્ધાથી ચાલે છે એ વાત પ્રત્યક્ષ જોવામાં આવે છે અને બહુભાગ ધર્મના નેતાઓ, ધર્મના પ્રણેતાઓ, ધર્મના ગ્રંથો અંધશ્રદ્ધાને પોષક એવી વાતો પણ કરે છે, એવો ઉપદેશ પણ કરે છે, એક જૈનદર્શન સિવાય. જ્ઞાનીઓ સિવાય એ વાત સ્પષ્ટ જોવામાં આવે છે કે, ભાઈ ! તમે કાંઈ વિચારો નહિ, અમે કહીએ એમ કરો. જૈનદર્શનમાં એ વાત નથી. અહીંયાં પરીક્ષાપ્રધાનતા છે. ચકાસણી કરવાની છે એકે એક વાતની ઝીણામાં ઝીણી ચકાસણી કરીને એનો નિર્ણય કરવાની પદ્ધતિ જૈનદર્શનની અંદર છે, વીતરાગમાર્ગની અંદર છે. જો એ પ્રકારે ધર્મ પ્રવૃત્તિ ન થતી હોય તો એ જૈન હોવા છતાં જૈનદર્શનમાં નથી એમ માનવા યોગ્ય છે, એમ સ્વીકારવા યોગ્ય છે. કેમકે અન્ય મતમાં પણ એમ જ ચાલે છે. અજૈનમાં પણ એમ જ ચાલે છે અને આપણે પણ જો એમ જ ચાલીએ તો એમનામાં અને આપણામાં કોઈ ફરક નથી. પણ આપણા જે જ્ઞાનીપુરુષો થયા, આપણા જે ગુરુઓ થયા, સંતો થયા એમણે ઠોકીબજાવીને એ વાત કરી છે કે એમ આંધળુકિયા નહિ ચાલે. તમારે અમારા માર્ગને અનુસરવું હોય તો એમ આંધળુકિયા નહિ ચાલે. તમારે વિચાર કરવો પડશે, ઊંડો વિચાર કરવો પડશે અને અનુભવ સાથે અમારી વાતને મેળવવી – મીંઢવણી કરવી પડશે, ત્યારે એ સમજાશે અને એ રીતે તમે નહિ સમજો અને અંધશ્રદ્ધાથી, જેને આપણે આપણી જૈન પરિભાષામાં ઓઘસંજ્ઞા કહીએ છીએ, શું કહીએ છીએ ? ઓઘસંજ્ઞા કહીએ છીએ. ઓઘસંજ્ઞાએ ધર્મ પ્રવૃત્તિ કરશો તો તમને કોઈ પારમાર્થિક લાભ નહિ, આત્મલાભ

નહિ થાય, ખરેખર ધર્મનો લાભ નહિ થાય. એટલે કે તમને વાસ્તવિક આત્મશાંતિ પ્રગટ નહિ થાય, આત્માની સુખ-શાંતિ નહિ મળે.

એટલે એ કહ્યું કે, 'ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.' એ કાંઈ ખરેખર મુમુક્ષુતા નથી, એને મુમુક્ષુતા કહી શકાય નહિ. એ રીતે મુમુક્ષુતાના વિષય ઉપર પ્રારંભથી થોડો પ્રકાશ પાડ્યો છે. વિશેષ વાત હવે પછીના પત્રાંશમાં આવશે. અત્યારે સમય પૂરો થયો છે.

# પ્રવચન-૨

## તા. ૨૪-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

---

મુમુક્ષુનું પ્રકરણ છે, મુમુક્ષુનો વિષય છે. મુમુક્ષુતા – સાચી મુમુક્ષુતા, ખરી મુમુક્ષુતા કેવી હોય કે જે યથાર્થ મુમુક્ષુતાને કારણે જીવને સિદ્ધપદ સુધીની સફળતા પ્રાપ્ત થાય. નીચેથી વિચારીએ તો સિદ્ધપદનો પાયો છે એ યથાર્થ મુમુક્ષુતા છે. મોક્ષમાર્ગ પહેલાંની ભલે એ નીચી કોટિની દશા છે તોપણ એનું મહત્ત્વ ઊંચા મકાનના પાયા જેટલું મહત્ત્વ છે. સામાન્યપણે મકાનની ઊંચાઈ લોકો જોવે છે, એ ઊંચાઈની પ્રશંસા પણ કરે છે કે મકાન બહુ ઊંચું છે પણ કયા પાયા ઉપર એની ઊંચાઈ રહેલી છે એનું મહત્ત્વ એ વિષયના જાણકારો હોય છે એ જ જાણે છે કે આટલી ઊંચી ઇમારત છે પણ પાયો બરાબર છે તો એ ઇમારતનું જીવન છે, નહિતર એ ઇમારત ટકી શકે નહિ. એમ સિદ્ધપદ જે ઉત્પન્ન થાય છે, નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે, જીવ પોતાનું પરમેશ્વરપદ પ્રગટ કરી શકે છે, પણ ક્યારે ? કે જ્યારે યથાર્થ મુમુક્ષુતા આવે ત્યારે.

એ યથાર્થ મુમુક્ષુતાનો પ્રારંભ ક્યાંથી થાય છે ? એ વિષય કાલના સ્વાધ્યાયથી આપણે ચાલે છે. કેમકે જે પ્રારંભ છે એ જ સિદ્ધપદનું મંગલ શિલાન્યાસ છે. કોઈપણ સારું બિલ્ડીંગ બનાવવું હોય તો એનું શિલાન્યાસ છે એ પણ ભવ્ય રીતે કરવામાં આવે છે. એનું Function કરે છે. નીચે રત્નો નાખે છે, પંચ રત્ન નાખે છે કે નહિ ? અમારું મકાન ચાંદીના પાયે છે. શું કહે ? એટલે મજબુત છે. એમ જે નિર્વાણપદ સાદિ અનંત કાળ પર્યંત પરમાનંદની દશામાં કેવળજ્ઞાનાદિ પરિપૂર્ણ શુદ્ધ દશામાં રહેવાનું

છે એનો પાયો પણ તથા પ્રકારનું માંગલિક છે, સુંદર છે અને એ સૌથી પહેલું કોઈપણ મુમુક્ષુજીવનું મંગલાચરણ છે, મંગલ આચરણ છે. એ વિષય 'કૃપાળુદેવ' આ પત્રમાં ખોલવા માગે છે.

એવું નથી કે પોતાના ધર્મમત પ્રમાણે કરી લ્યે એટલે મુમુક્ષુતા આવી જાય છે અથવા પોતાના ધર્મમતથી જુદા પડીને પણ ભલે જ્ઞાનીના વચનોનું સેવન કરવામાં આવે, અધ્યયન કરવામાં આવે, સ્વાધ્યાય કરવામાં આવે પણ એ પણ જો એક Routine બની જાય, જોકે સ્વાધ્યાય આદિ નિયમતિ કરવા યોગ્ય તો છે પણ નિયમિત કરવા યોગ્ય હોવાથી એ એક Routine થઈ જાય કે કલાક, દોઢ કલાક, બે કલાક જે કાંઈ સમય નિશ્ચિત કર્યો હોય એ પ્રમાણે ઉપસ્થિત રહી જવું અને ઉપર ઉપરથી ચાલવું એ પ્રકારે જ્યારે બને છે ત્યારે જ્ઞાનીપુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતા એવા વચનો પણ જીવને પોતાના આત્મામાં અસર કરતા નીવડતા નથી. એવી પરિસ્થિતિ ન થાય એ પણ એક પડખેથી, એ એક પડખેથી વિચારવા જેવી વાત છે. એના માટે બહુ બહુ વિચાર અને અનુભવના અંતે સંક્ષેપમાં યથાર્થ મુમુક્ષુતાનું લક્ષણ શું છે ? જોકે પાત્રતાના અનેક લક્ષણો છે તોપણ અહીંયાં એક માર્મિક વિષય 'કૃપાળુદેવ' આ પત્રમાં શરૂ કરે છે.

'મુમુક્ષુતા' તે છે...' પત્રની શરૂઆતની છઠ્ઠી લીટી છે. 'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈને એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો...' એક વાક્યની અંદર મુમુક્ષુતાની પરિભાષા કરી છે — વ્યાખ્યા કરી છે. એક જ વાક્યમાં કરી છે. 'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈને...' મોહાસક્તિથી મૂંઝાઈને – આ એક વિશિષ્ટ પ્રકારનું પરિણમન છે. જે સર્વસામાન્ય રીતે મનુષ્યને હોતું નથી. સંસારમાં કોઈપણ જીવને મોહાસક્તિના પરિણામ થાય છે ત્યારે એમાં રસ આવે છે, એમાં મીઠાશ આવે છે, એમાં જીવની તલ્લીનતા થઈ

જાય છે, એકાગ્રતા થઈ જાય છે અને તે કાળમાં જીવ વધુને વધુ એ સમયમાં કર્મબંધન કરે છે અથવા તો પોતાના આત્મરસથી વિરૂદ્ધરસને પીવે છે. જો આત્મરસને અમૃતરસ ગણીએ તો આ ઝેર છે. વિષય કોઈપણ હોય પણ જીવને સ્વરૂપને છોડીને કોઈપણ અન્ય પદાર્થ અને અન્ય વિષયમાં રસ આવ્યો અને જેટલા પ્રમાણમાં રસ આવ્યો એટલું ઝેર એ વખતે એણે ખાધું. પછી 'સૂરત'ની તુવેરદાળનો ભલે સબડકો લીધો હોય કે ભઈ ! બહુ સારી. આ દાળ તો એવી બને છે. એમ કોઈ એક ચીજ, કોઈ એક પ્રસંગ અને કોઈ એક ક્ષણ જીવ અન્ય પદાર્થ કે અન્ય વિષયમાં રસ લે છે એ જ જીવને બંધન છે અને એ આત્મરસથી વિરૂદ્ધ એવો રસ છે. એમાં જીવ તન્મય થાય છે, એકાગ્ર થાય છે અને વધુમાં વધુ નુકસાન એ વખતે પોતાને કરે છે. નુકસાન કરે છે એ એ અર્થમાં છે કે એ વખતે એ પોતાની આત્મશાંતિથી વિરૂદ્ધ એવા પરિણામ કરે છે, જેને અશાંતિના પરિણામ કહી શકાય એવા પરિણામ કરે છે. આત્માની શાંતિને વધારેમાં વધારે ખરાબ કરવી હોય તો આ પ્રકારના પરિણામ છે.

જે જીવ આત્મહિત પ્રત્યે વળવા માટેની કંઈપણ યોગ્યતામાં આવે છે, પ્રાથમિક યોગ્યતામાં આવે છે અથવા યથાર્થ મુમુક્ષુતામાં આવે છે ત્યારે એના પરિણામમાં જે કોઈ ફેરફાર છે એ મોટો ફેરફાર આ છે કે એ વખતે એને મૂંઝવણ થાય છે, મૂંઝાય છે, એ પરિણામથી એને કોઈ ગુંગળામણ થતી હોય એવું લાગે છે અને ખરેખર એની આત્મશાંતિને તો એ ગુંગળાવીને જ પરિણામ ઉત્પન્ન થયેલા છે. એટલે જેને આત્માશાંતિ પ્રગટ કરવી છે અથવા પ્રગટ કરવાની યોગ્યતા છે એને મુંઝવણ થાય છે તો કોઈને ગભરાટ પણ થાય છે. જેમ કોઈ મોટું નુકસાન આવી પડે તો જીવ ગભરાય જાય છે કે નથી ગભરાતો ? આમ આ પણ એને મોહાસક્તિના પરિણામમાં ગભરાટ પણ ઉત્પન્ન થાય છે. અને

એવી પરિસ્થિતિ થવાના કારણથી એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો...' આ એક સહજ ઉત્પન્ન થતી પરિસ્થિતિ છે કે જો જીવ મૂંઝાય તો એનાથી છૂટવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ. બેભાન દશામાં પણ કોઈપણ માણસનું મોઢું બંધ થઈ ગયું હોય અને ખુલતું ન હોય તો નાક દાબે. નાક દાબે તો મોઢું ખુલી જાય. કેમકે શ્વાસોશ્વાસ લેવાની બીજી કોઈ પરિસ્થિતિ નથી. નાકથી શ્વાસ બંધ કરો એટલે Automatic મોઢું ખુલી જાય. એમ મોહાસક્તિના પરિણામથી જો મૂંઝવણ થાય તો એનાથી છૂટવાનો સહજ પ્રયત્ન થયા વિના રહે નહિ. જુઓ ! આ શરૂઆતમાં જ સહજતાથી પ્રયત્નની શરૂઆત થાય છે. સહજતાથી થાય છે એટલે કે કૃત્રિમતાથી નથી થતી. શરૂઆત જ સહજતાથી છે કે સહેજે પ્રયત્ન ચાલે.

હવે, અહીંયાં 'કૃપાળુદેવે' 'મોક્ષ' શબ્દને અવતરણ ચિહ્ન કરેલું છે. પત્રની અંદર 'એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો...' એમાં 'મોક્ષ' શબ્દને અવતરણ ચિહ્નમાં મૂકેલો છે. કાંઈક એની પાછળ, અવતરણ ચિહ્ન કરવા પાછળ કોઈ ખાસ વાતનું Indication હોય છે, એમાં કાંઈ ખાસ નિર્દેશ કરવો છે કે એક મોક્ષને વિષે જ યત્ન કરવો. 'એક' શબ્દ એટલા માટે વાપર્યો છે કે ધર્મના ક્ષેત્રમાં આવેલા જીવો એક ધર્મ, એક મોક્ષ માટે જ પ્રયત્ન નથી કરતા, સાથે સાથે સંસારના કાર્યોનો પ્રયત્ન ને પુરુષાર્થ ચાલુ રાખે છે. બે ઘોડાની સવારી પરિણામે નિષ્ફળ જાય છે. પરિણામે ધર્મનું સાધન છે એ નિષ્ફળ જાય છે.

જોકે અહીંયાં એવો પ્રશ્ન થવા યોગ્ય છે કે, તો પછી સંસારના બધા કામ અમારે છોડી દેવા કાંઈ ? અને છોડી દેવાથી જો કંઈ થઈ જતું હોય તો એ પણ કરી લઈએ. પણ એમ પણ કામ તો થતું નથી. ઘણાએ છોડ્યું, ઘણાએ છોડ્યું અને આપણા જીવે પણ અનંતવાર છોડીને જિનદીક્ષા ધારણ કરેલી છે. તેથી જો કામ થઈ જતું હોય તો તો ક્યારનું

થઈ ગયું હોત. અહીંયાં તો પ્રકરણ ત્યાગનું નથી ચાલતું. શું છોડવું એ પ્રકરણ નથી અહીંયાં. યથાર્થ મુમુક્ષુતા નિર્વાણપદનો પાયો કેવો હોય એ વિષય ચાલે છે.

કહે છે કે, જેનું ધ્યેય પૂર્ણ શુદ્ધિનું હોય એને મોક્ષ કહે છે. મોક્ષ કોને કહે છે ? 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં એની વ્યાખ્યા કરી છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ' પોતાના પરિણામોની પરિપૂર્ણ શુદ્ધતા થાય તે મોક્ષ છે અને તેનો ઉપાય, પંથ એટલે એનો ઉપાય છે એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એક મોક્ષને વિષે જ યત્ન કરવો. શેનો પાયો નાખ્યો છે ? મોક્ષનો પાયો નાખ્યો છે માટે મોક્ષને વિષે યત્ન કરવો. સમ્યગ્દર્શનનો પાયો નથી, મુનિદશાનો પાયો નથી. મુમુક્ષુતા એ મોક્ષદશાનો પાયો છે, એમ કહેવું છે. કેમકે (સમ્યગ્દર્શન અને મુનિપણું) એ તો સાધકની અધુરી દશા છે. અને પાયા વખતે મકાનના છેલ્લા માળનો જ વિચાર કરવાનો હોય છે કે છેલ્લા માળ સુધી પહોંચીએ ત્યારે આ પાયો બરાબર વ્યવસ્થિત રહે કે ન રહે. નહિતર કેટલું મોટુ નુકસાન આવી પડે એ સમજાવવાની જરૂર નહિ પડે. એટલે મુમુક્ષુની ભૂમિકાનો જે પ્રયત્ન છે એ મોક્ષ અંગેનો પ્રયત્ન છે અને તેથી તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અથવા જે પોતાનું પરમ સાધ્ય છે, મોક્ષ છે એ સાધ્ય દશા છે અને સાધ્ય દશાને અનુલક્ષીને જો પ્રયત્ન ન હોયતો એ પરિણામને સાધન પણ કેવી રીતે કહી શકાય ? કેમ ? કે, વર્તમાન પરિણામ સાધનભૂત થાય છે અને એ સાધનભૂત ત્યારે જ ગણી શકાય કે જ્યારે એનું અનુસંધાન સાધ્ય સાથે હોય. સાધન-સાધ્ય બન્ને એકબીજાના અપેક્ષિત પરિણામ છે. સાધ્ય વિના કોઈ પરિણામને સાધન ન કહી શકાય. મુમુક્ષુનું સાધ્ય છે – મોક્ષ અને એ મોક્ષને માટે પ્રયત્ન કરે છે. એટલે એના પ્રમાણમાં પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે. વાત ક્યાં આવીને ઊભી રહે છે ? કે, મુમુક્ષુની ભૂમિકાનો પુરુષાર્થ છે એ મોક્ષરૂપ

સાધ્યને અનુલક્ષીને હોવાથી એના પ્રમાણમાં એ પુરુષાર્થની ઉત્પત્તિ હોય છે. જ્યાં સુધી એવું પ્રમાણ જળવાતું નથી ત્યાં સુધી યથાર્થ મુમુક્ષુતા નથી.

આ એક બહુ જ વિચારવા જેવો વિષય છે. એમ નથી કે શાસ્ત્ર વાંચી લઈએ એટલે મુમુક્ષુતા થઈ જાય કે દયા, દાન કરી લઈએ એટલે મુમુક્ષુતા થઈ જાય, કોઈ મંદિર – જિનમંદિર બંધાવી લઈએ એટલે મુમુક્ષુતા થઈ જાય કે કોઈ ઉપવાસાદિ, તપશ્ચર્યાદિ, કોઈ વ્રતાદિ કરીએ કે ક્રિયા કરીએ માટે મુમુક્ષુતા આવી જાય છે એવું કાંઈ નથી કે બે-ચાર કલાક ભક્તિ કરી લઈએ માટે મુમુક્ષુતા આવી જાય છે એમ નથી. મોહાસક્તિના પરિણામથી મૂંઝાઈને એથી છૂટવાનો પૂર્ણ શુદ્ધિના લક્ષે જે કાંઈ પુરુષાર્થ ચાલે, પ્રયત્ન ચાલે, પ્રયાસ ચાલે ત્યારે યથાર્થ મુમુક્ષુતા આવે છે. કોઈપણ કાર્યમાં પ્રયાસ છે એ એના અંતિમ લક્ષ – Target ઉપર આધારિત છે. નાનો વેપાર કરવો હોય એની એટલી તૈયારી નથી હોતી પણ જેમાં કરોડોનું Involvement હોય એની તૈયારી એના પ્રમાણમાં જ કરવી પડે. એમાં ગમે તેમ ગફલતમાં રહે એ ન ચાલે. હીરાનો વેપાર શાકભાજીની જેમ ન થાય. શાકભાજી છે, બગડી ગયું તો પાંચ-પચીસ, પચાસ, સો-બસો રૂપિયાનું નુકસાન (થાય). આ મોક્ષાર્થીપણું જે છે, મુમુક્ષુતા છે તે મોક્ષાર્થીપણું છે અને એ મોક્ષાર્થીપણાના પરિણામનો વ્યાપાર હીરાના વેપાર કરતાં વધારે કિંમતી છે અને વધારે સાવધાની અને જાળવણીથી કરવા યોગ્ય છે.

'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં પણ 'કુંદકુંદાચાર્યદેવે' 'મોક્ષાર્થી' શબ્દનો પ્રયોગ કર્યો છે. માગધી ભાષામાં 'मोक्खकामेण' એવો શબ્દ છે. જેને મોક્ષની કામના છે એવો જીવ ભેદજ્ઞાનનો પ્રયત્ન કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ધર્મને પ્રાપ્ત કરી શકે. ત્યાં એટલું પ્રકરણ ચાલ્યું છે. પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કોણ પ્રાપ્ત કરે (કે) જે મોક્ષનો

માર્ગ છે અને જેનું ફળ મોક્ષ છે ? કે, જે મોક્ષાર્થી હોય તે. 'આત્માર્થી' શબ્દનો પણ ત્યાં શબ્દપ્રયોગન નથી કર્યો. 'આત્માર્થી' શબ્દ એવો શબ્દપ્રયોગ ત્યાં નથી કર્યો. 'મોક્ષાર્થી' (એમ લખ્યું છે). કેમ ? હજી તો મુમુક્ષુ છે. મુમુક્ષુ જ એને કહેવાય કે જે મોક્ષાર્થી હોય તે. મોક્ષની ઇચ્છાવાળાને જ મુમુક્ષુ કહી શકાય. નહિતર નામમાત્ર મુમુક્ષુતા છે. એ પ્રકારે જેનો પ્રયત્ન ચાલે છે, પ્રયાસ શરૂ થાય છે તે જીવના પરિણામ કેવા કેવા થાય એની ચર્ચા હવે પછી કરશે. એ પહેલા વચમાં જ્ઞાનદશા વિષે એક વાક્ય લખ્યું છે.

'અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.' તીવ્ર મુમુક્ષુતા એટલે જ્ઞાનદશા. જે જ્ઞાની છે, મોક્ષમાર્ગી છે એ પ્રતિક્ષણે – ક્ષણે ક્ષણે એટલે પ્રત્યેક ક્ષણે મોક્ષના માર્ગમાં પ્રવૃત્તિ કરે છે અને અનન્ય પ્રેમે એ પ્રવૃત્તિ કરે છે. એવી પ્રવૃત્તિ કરવામાં તેમની અત્યંત રુચિ હોય છે. પરાણે કોઈ કાર્ય કરવું છે, સહન કરતા કરતા કાર્ય કરવું છે એવો મોક્ષનો માર્ગ નથી. પોતાના અનંત આત્મલાભનો વ્યાપાર છે કે જેમાં અનંત આત્મલાભની કમાણી થવાની છે. એટલા માટે જે ઉત્સાહિત થયો છે, જેને સ્વકાર્ય કરવાનો ઘણો ઉમંગ છે એવો જીવ અનન્ય પ્રેમે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે. એ જ્ઞાનદશાની વાત (થઈ), એની ચર્ચા અહીંયાં કરવી નથી, એમ કહે છે.

'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી...' આ પત્રનું પ્રકરણ મુમુક્ષુતાના વિષયનું છે, આ પત્રમાં જ્ઞાનદશાની ચર્ચા નથી કરવી. એટલે લખે છે કે 'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે,...' મુમુક્ષુતાને પણ અવતરણ ચિહ્નમાં લીધું છે. અહીંયાં જ્ઞાનદશા – 'તીવ્ર મુમુક્ષુતા'ને પણ અવતરણ ચિહ્ન કર્યું છે. 'મુમુક્ષુતા'ને પણ અવતરણ ચિહ્ન કર્યું છે. એટલે અહીંયાં ખાસ વાત કરવી છે. મોક્ષમાર્ગ શરૂ થાય એ પહેલાંના પરિણામ કેવા હોય કે જેના કારણે

મોક્ષમાર્ગની શરૂઆતથી માંડીને મોક્ષપદ સુધીની બધી જ દશાઓ સહજમાત્રમાં પ્રગટે, સહેજે સહેજે પ્રગટે, આપોઆપ પ્રગટ થાય એ વિષય અહીંયાં વિચારવો છે.

'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.' ક્યાંથી શરૂઆત થાય છે ? જ્યારે જીવનું ધ્યેય પૂર્ણ શુદ્ધિનું હોય છે, મોક્ષનું ધ્યેય હોય છે ત્યારે એના પરિણામોની શરૂઆત ક્યાંથી થાય છે ? કે પોતાના દોષ જોવામાં અને તે પણ અપક્ષપાતપણે પોતાના દોષ જોવામાં એ જીવની પ્રવૃત્તિ ચાલુ થાય છે. પોતાના દોષ જોવા એ કોઈ શાસ્ત્રવાંચન નથી. પોતાના દોષ જોવા એ કોઈ ભગવાનના નામનો જાપ નથી કે માળા ફેરવવા બેસી જાઓ. બહારમાં એ કોઈ ધર્મક્રિયા નથી, કોઈપણ પ્રકારે બીજી તો ધર્મક્રિયા નથી પણ શાસ્ત્રવાંચનની ક્રિયા પણ એમાં નથી. એ એક પરિણમનનું કાર્ય છે. વાંચન તો નથી પણ વિચાર પણ નથી. જોકે વિચાર સાથે હોય છે તોપણ એ વિચારૂપ ક્રિયા નથી. જોવાની ક્રિયા છે. વિચારની ક્રિયા એક વાત છે અને જોવાની ક્રિયા એક તદ્દન બીજી વાત છે. એટલે અહીંયાં જોવાની વાત કરી છે કે પોતાના દોષ જોવા.

વિચારવામાં અને જોવામાં તફાવત એ છે કે પોતાના દોષનો વિચાર તો ઘણાને ક્યારેક ક્યારેક આવતો હોય છે અથવા દોષ મટાડવા પ્રત્યે જેને કાંઈપણ વિચારણા છે એને પણ પોતાના દોષનો વિચાર આવે છે. પણ વિચાર એક વાત છે અને જોવું તે બીજી વાત છે. કોઈ જીવ જ્યારે જોવે છે ત્યારે એ ચાલતા દોષને જોવે છે અને વિચારે છે ત્યારે એ વ્યતીત થયેલા, ચાલ્યા ગયેલા દોષને એ વિચારે છે. વિચારનો વિષય પ્રત્યક્ષ નથી, જ્યારે જોવાનો વિષય પ્રત્યક્ષ છે. ચક્ષુ ઇન્દ્રિયનું દૃષ્ટાંત લઈએ તો જે વ્યક્તિ સામે પ્રત્યક્ષ હોય એનો વિચાર નથી કરવો પડતો

પણ જે વ્યક્તિ પરોક્ષ હોય એનો વિચાર આવે છે. એ વિચાર અને જોવામાં તફાવત છે. આ વિષય પરિણમનનો થયો. પરિણમન એટલે વિચારકક્ષાથી આગળ વધેલું એક પગલું જીવ અહીંયાં ભરે છે. મુમુક્ષુની ભૂમિકામાં બાહ્ય ક્રિયાથી પણ આગળ વધીને અંતર વિચારથી પણ આગળ વધીને જોવાની ક્રિયામાં આવે છે તે એથી આગળનો વિષય છે અને યથાર્થ મુમુક્ષુતામાં અહીંથી શરૂઆત થાય છે.

એટલું જ નહિ અહીંયાં તો એમ કહે છે કે એ દોષ જોવામાં જેને અપક્ષપાતતા છે એ મુમુક્ષુતા છે. એવા શબ્દનો પ્રયોગ કેમ કર્યો છે ? એ વાત કેમ કરી ? કે, સામાન્યપણે કોઈ જીવને પોતાનો દોષ જ દેખાતો નથી. ગમે ત્યારે એને જો એમ કહેવામાં આવે કે તમે આમ કેમ ભૂલ કરો છો ? તો એ તરત બીજાને માથે ઓઢાડશે. શું કરીએ સંયોગો એવા છે એટલે એમ કર્યા વગર ચાલે એવું નથી. મેં ગુસ્સો કર્યો કારણ કે મારું અપમાન થયું હતું. ન અપમાન થયું હોત તો મારે ગુસ્સો કરવાનું કાંઈ કારણ નહોતું. ગુસ્સો કર્યો એ મારો દોષ છે, સ્વતંત્રપણે મારો દોષ છે એ વાતનો સ્વીકાર કરવાને બદલે દોષનો આરોપ બીજા ઉપર લઈ જવો એ પોતાના દોષનો પક્ષપાત છે. એવો પક્ષપાત જેને મટી ગયો છે, એમ કહેવું છે.

પોતાના દોષનો પક્ષપાત કરવો એ કોઈ જીવને શખીડાવવું નથી પડતું, શીખવવું નથી પડતું. કેમ ? એટલા માટે કે જીવને અનાદિથી ગુણદૃષ્ટિ પ્રગટ થઈ નથી અને દોષદૃષ્ટિ ચાલુ છે. પોતાને જેના ઉપર વિશેષ મમત્વ હોય એનો દોષ નથી. જેમાં એ કાંઈક મમત્વ કરે છે એના દોષનો પક્ષ કરે તો પોતાના દોષનો તો પક્ષ કર્યા વિના રહી જ ન શકે. એ અનાદિની દોષદૃષ્ટિને લીધે સહેજે સહેજે જીવને તે પ્રકારનો અપરાધ થાય છે. પણ સાચી મુમુક્ષુતાની શરૂઆત જ હજી જ્યાં થાય છે ત્યારે ગુણદૃષ્ટિ પ્રગટવાની પણ શરૂઆત થાય છે અને ગુણદૃષ્ટિ

પ્રગટવાની શરૂઆતને કારણે પોતાના દોષ જોવામાં પક્ષપાત નથી થતો. એકદમ મધ્યસ્થ થઈને પોતાના દોષનું અવલોકન કરે છે.

કોઈ પોતાના દોષ દર્શાવે તો તેના પ્રત્યે તેને જરાપણ દુઃખ નથી લાગતું. દુઃખ તો નથી લાગતું પરંતુ ઊલટાનું એ દોષને દેખાડનાર પ્રત્યે ઉપકાર ભાવના વ્યક્ત કરે. એ ઉપકારી છે કે જે વાત આપણને સમજાતી નહોતી એ એણે દર્શાવી આપણને બતાવી. એમ દોષ દેખવામાં, દોષ અવલોકવામાં સરળતા પણ ઉત્પન્ન થાય છે, મધ્યસ્થતા પણ ઉત્પન્ન થાય છે અને નમ્રતા પણ ઉત્પન્ન થાય છે.

સત્સંગ કરવાની પદ્ધતિ આપણે ત્યાં એવી હજી નથી શરૂ થઈ. પણ એવી પદ્ધતિ શરૂ થવી ઘટે છે અથવા આવશ્યક છે કે જેમાં સત્સંગ કરનારાઓ પોતાના દોષ પ્રગટ કરે, વ્યક્ત કરે અને પોતાના જે દોષ પોતાને ન જણાતા હોય એ જણાવવા માટે બીજા સત્સંગીઓને પ્રાર્થના કરે કે મારા એવા પણ દોષ હોઈ શકે કે જે મારી નજરમાં ન આવતા હોય, એવા દોષ જો તમે કોઈ જાણતા હો, તમને જાણવામાં આવતા હોય તો અવશ્ય અવશ્ય એ વાત બતાવવાની મહેરબાની તમે કરજો, તો હું તમારો ઉપકાર ભૂલીશ નહિ. તમે મારા ખરા હિતચિંતક છો એમ ગણીશ.

જો બે મિત્રો હોય, અરે...! એક મિત્ર બીજા મિત્રને એના દોષ ન બતાવે, ન કહે, ન સમજાવે તો એ ખરેખર મિત્ર નથી પણ દુશ્મન છે. મિત્રતા એ કોઈ Flattering કરવાનો, પ્રશંસા કરવાનો વ્યવસાય નથી. મિત્રતા એનું નામ છે કે જે હિતને ઇચ્છે, હિતને ચિંતવે અને જાણવા છતાં ન કહે તો એ મિત્ર નથી પણ મિત્રના લેબાશમાં એ દુશ્મન છે એમ સમજવા યોગ્ય છે.

અહીંયાં તો પોતાના દોષ મધ્યસ્થપણે કોઈ અવલોકે છે ત્યારે એનું

ફળ શું આવે છે ? કે 'તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.' સ્વચ્છંદ એટલે શું ? સ્વચ્છંદ બે પ્રકારે થાય છે. એક તો તીવ્ર રસે કરીને વિષય-કષાયના પરિણામ થવા. તીવ્ર રસે કરીને એટલે જેને કોઈ Control ન હોય, Control છૂટીને જે પરિણામ થાય છે એને સ્વચ્છંદરૂપ પરિણામ કહેવામાં આવે છે. એ એનો એક પ્રકાર છે. અને બીજો પ્રકાર છે જ્ઞાનીની આજ્ઞાએ નહિ પ્રવર્તતા પોતાની ઇચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરવી એને પણ સ્વચ્છંદ કહેવામાં આવે છે. પછી એ ધર્મ પ્રવૃત્તિ ગમે તે પ્રકારની હો. આ એક સ્વચ્છંદ મટાડવાનો રામબાણ ઉપાય છે. કેવો ઉપાય છે ? રામબાણ ઉપાય છે. કે જે કદી નિષ્ફળ ન જાય. જેમ 'રામ'નું બાણ કદી નિષ્ફળ જતું નહિ એમ આ ઉપાય કદી નિષ્ફળ જતો નથી.

જીવનો મોટામાં મોટો કોઈ દોષ હોય, જે મુમુક્ષુતાનો ઘાતક દોષ છે એ સ્વચ્છંદ નામનો મહાદોષ છે અને એ દોષને લઈને બીજા ઘણા દોષ પાંગરે છે. તે દોષ 'સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ' સૌથી સહેલો ઉપાય બહારમાં જ્ઞાનીપુરુષને અનુસરવું તે છે અને અંદરમાં પોતાના દોષોનું અવલોકન કરવું તે છે. 'માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય' નહિતર આ માનની પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલો સ્વચ્છંદ નામનો દોષ છે એ પોતાની મેળે મરાતો નથી, એને મારી શકાતો નથી.

જો ચાલતા પરિણામમાં પોતાના દોષનું મધ્યસ્થપણે, અપક્ષપાતપણે અવલોકન થાય તો તે જ વખતે તે દોષના રસની ડિગ્રી, એ ડિગ્રીનો પારો નીચે આવ્યા વિના રહે નહિ. આ વિષય માત્ર બૌદ્ધિક સ્તરથી સમજીને નિર્ણય કરવા જેવો નથી પણ અવલોકન કરીને અનુભવ કરવા જેવો વિષય છે. અને ચાલતા દોષને જોવા, અવલોકવાનો અને અપક્ષપાતપણે નિષ્પક્ષપણે અવલોકવાનું જો કાર્ય થાય, એકવાર પણ જો બરાબર થાય તો 'કૃપાળુદેવ'ના આ વચનોની અનુભવથી પ્રતીત આવશે કે ખરેખર દોષ મટાડવાનો આ રામબાણ ઉપાય છે. પ્રયોગ કરવો

હોય તો આજે જ કરી જોવો. તરત સમજાય એવી વાત છે અને પ્રયોગથી ને અનુભવથી જે વાત સમજાશે એ જિંદગીભર વિસ્મૃત નહિ થાય.

અનુભવજ્ઞાનમાં સામર્થ્ય ઘણું છે. દસ વર્ષની ઉંમરે સાયકલ ચલાવવા શીખેલે બાળક, છોકરો એને Two wheeler ઉપર Balance રાખતા આવડી ગયું, ન આમ પડે, ન આમ પડે એ પચાસ વર્ષ સુધી સાયકલ ન ચલાવે અને સાંઈઠમે વર્ષે સાયકલ ચલાવે તો એને Balance રાખતા આવડે. પણ દસ વર્ષની ઉંમરે ચોપડી વાંચી હોય એ પાંચ વર્ષ ન વાંચે તો ભૂલી જાય, મેં શું વાંચ્યું હતું ને શું શીખ્યો હતો ? ઇતિહાસમાં શું આવ્યું હતું ને ભૂગોળમાં શું આવ્યું હતું ? યાદદાસ્તનો વિષય વિસ્મૃત થાય છે, અનુભવજ્ઞાનનો વિષય વિસ્મૃત થતો નથી. શાસ્ત્ર વાંચેલું યાદ ન રહે પણ અનુભવની Practice થોડી પણ કરી હોય તો જીવના પરિણામ ઉપર એની છાપ બહુ ઊંડી હોય છે.

અહીંયાં મુમુક્ષુતાની Practical side શું છે એ વિષય ‘કૃપાળુદેવે’ શરૂ કર્યો છે. મુમુક્ષુતાની ભૂમિકામાં સૌથી મોટો જે સ્વચ્છંદ નામનો મહાદોષ છે, જે મુમુક્ષુતાનો ઘાતક છે એનો નાશ કરવા માટે આ પ્રયોગ ચાલુ કરવો. ક્યારે ચાલુ કરવો ? મોક્ષનું ધ્યેય બાંધીને ચાલુ કરવો. આ Second stage ચાલે છે. પહેલા Stageમાં તો મોહાસક્તિથી મૂંઝાઈને એક મોક્ષને વિષે જ પ્રયત્ન કરવો. બે પ્રયત્ન કરવા એમ નહિ. સંસારના કાર્યો કરવા પડે એ એક વાત છે અને ભવિષ્યના ધ્યેયે કરવાનો ઉત્સાહ આવે, રસ આવે એ બીજી વાત છે. મુમુક્ષુ તે છે કે એને સંસારના કાર્યો કરવા નથી, કરવા પડે છે તો ખેદસહિત કરે છે. એવી પરિસ્થિતિ હોય તો ખેદસહિત કરે છે. અને પરિસ્થિતિ હોય તો સહજમાત્રમાં એ નિવૃત્તિ લઈ લે અને આત્મકાર્યમાં લાગી જાય. એવા મોક્ષના ધ્યેયપૂર્વક પોતાના દોષ અપક્ષપાતપણે જોવામાં આવે તો તત્કાળ તે દોષ મોળા પડ્યા વિના રહેતા નથી.

આ જ બન્ને પ્રકારના Stageને – બન્ને ભૂમિકાને એક બીજા દષ્ટિકોણથી પણ વિચારવા જેવા છે. જ્યારે કોઈપણ આત્મા મોક્ષનું ધ્યેય બાંધે છે કે હવે મારે પરિપૂર્ણ શુદ્ધ થવું છે. દોષનો એક કણ મારા માટે કલંકરૂપ છે, એમ જાણીને એનો પ્રયત્ન જ્યારે શરૂ થાય છે, એક મોક્ષને વિષેનો જ પ્રયત્ન જ્યારે શરૂ થાય છે ત્યારે જીવનો સર્વથી મોટો પ્રકૃતિદોષ દર્શનમોહનો છે એ મોળો પડે છે. શાસ્ત્રભાષામાં એમ કહેવાય કે દર્શનમોહનો અનુભાગ તૂટે છે અથવા ઘટે છે. અનુભાગ એટલે ફળદાન શક્તિ, ફળ આપવાની શક્તિ. 'કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ, તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.' મોહનીય કર્મ છે એ સૌથી મુખ્ય કર્મ છે અને 'કર્મ મોહનીય ભેદ બે, દર્શન, ચારિત્ર નામ' દર્શનમોહ અને ચારિત્રમોહ નામના બે ભેદ છે. એમાં દર્શનમોહ છે એ અનંત સંસારમાં પરિભ્રમણ કરવાનું કારણ છે. ચારિત્રમોહ તે અનંત સંસારમાં પરિભ્રમણ કરવાનું કારણ નથી. અને એક પરિસ્થિતિ એવી વિચિત્ર છે કે ચારિત્રમોહના દોષ અત્યંત સ્થૂળ હોવાને લીધે બધાને સમજાય છે જ્યારે દર્શનમોહનો મોટો દોષ સૂક્ષ્મ હોવાને લીધે સમજમાં આવતો નથી. એટલે તમામ ધર્મમતમાં અને તત્ત્વદષ્ટિના અભાવમાં જૈન સંપ્રદાયમાં પણ ચારિત્રના દોષો ઘટાડવા માટેના અનેક પ્રકારના વિધિ-વિધાનો ને પ્રયોગો ને માથાકૂટ ચાલે છે અને દર્શનમોહ બળવાન થતો જાય છે. પરિણામે દર્શનમોહ બળવાન થતો જાય છે. કેવી રીતે એ દર્શનમોહ બળવાન થાય છે એની ખબર પણ હોતી નથી અને બફમમાં ને બફમમાં હું ધર્મ કરું છું, એમ માનીને જીવ આયુષ્ય પૂરું કરે છે.

એટલા માટે 'કૃપાળુદેવ' જ્ઞાનીના માર્ગને અનુસરવાનું એટલા માટે કહે છે કે, જ્ઞાનીનો માર્ગ છે એ દર્શનમોહને તોડવાથી શરૂ થાય છે. મોટો દોષ મટાડવા માટેનો કોઈ પ્રયોગ હોય તો એ જ્ઞાનીના માર્ગનોછે અને પોતે એ માર્ગે ચાલ્યા છે એટલે જ્ઞાનીનો માર્ગ કહેવામાં આવે છે.

અને જ્ઞાનીનો માર્ગ છે એ જ જિનમાર્ગ છે, બીજો કોઈ જિનમાર્ગ નથી, એક જ જિનમાર્ગ છે.

પૂજ્ય શ્રી 'સોભાગભાઈ'નું દૃષ્ટાંત એક જીવંત ઉપકારી થાય એવું દૃષ્ટાંત છે. તેમના સ્વર્ગવાસ પછી એમના કુટુંબીઓ પ્રત્યે એમણે જે પત્ર લખ્યો, પત્ર છે–૭૮૨મો પત્ર છે આમાં. એ પત્રમાં એમણે 'સોભાગભાઈ'નું સ્મરણ કર્યું છે અને એ સ્મરણ કરવામાં એ વાત સ્પષ્ટ કરી છે કે એમની જે મુમુક્ષુતા હતી અને જ્ઞાનીના માર્ગે ચાલવાનો તેમનો જે અદ્ભુત નિશ્ચય હતો એ અમને વારંવાર સાંભરી આવે છે. પાનું છે–૬૦૬. ૭૮૩ નંબરનો પત્ર છે, ૭૮૨ નહિ પણ ૭૮૩ નંબરનો પત્ર છે. 'શ્રી સોભાગની મુમુક્ષુદશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.' આ બહુ મોટો ગુણ હતો. 'સોભાગભાઈ'માં આ સૌથી મોટો ગુણ હતો કે જ્ઞાનીના માર્ગે ચાલવું, જેથી સ્વચ્છંદ ન થાય અને એ વિષયનો એમનો જે નિર્ણય–નિર્ધાર હતો એનો પ્રકાર કેવો હતો ? અદ્ભુત હતો, સાધારણ નહોતો. એ આજ્ઞાકારિતા નામનો બહુ મોટો ગુણ છે. અનેક પ્રકારના દોષોથી બચવા માટેનો આ સહેલામાં સહેલો ઉપાય છે અને ઊંચામાં ઊંચો ઉપાય છે.

એક અન્ય પત્રમાં પોતે બહુ સ્પષ્ટ લખે છે કે, જો જીવ આજ્ઞાંકિતપણે સત્સંગને ઉપાસે નહિ તો જ્ઞાનીપુરુષ અત્યંત સ્પષ્ટપણે પારમાર્થિક રહસ્યને ખોલતા હોય, કહેતા હોય, દર્શાવતા હોય તોપણ જીવની નજરમાં તે વાત આવતી નથી અથવા એ વાત એના ધ્યાન ઉપર, લક્ષ ઉપર આવતી નથી. એવો આ એક બહુ મોટો ગુણ છે અને એનો નિર્દેશ એમણે ૭૮૩મા પત્રમાં કર્યો છે.

મુમુક્ષુતાનું લક્ષણ એ છે કે 'પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે,...' આ એક લક્ષણને પોતામાં એ લક્ષણ ઉત્પન્ન થઈને કાર્ય કરે છે કે નથી કરતું, એ વિચારીને મુમુક્ષુતા છે કે નહિ, એનો નિર્ણય

કરવા યોગ્ય છે. આપણે ગમે તે ધર્મસાધન કરતા હોઈએ પણ જો 'કૃપાળુદેવ'ના વચનોને આપણે આજ્ઞા છે, એમ સમજતા હોઈએ તો પોતાના દોષ અપક્ષપાતપણે જોવાનું કાર્ય આપણને ચાલે છે કે નહિ ? એ મુમુક્ષુતા ઉત્પન્ન થઈ એનું લક્ષણ છે, એમ કહે છે. એ મેળવી લેવા જેવું છે, મિંઢવી લેવા જેવું છે. નહિતર મુમુક્ષુતા નથી એ વાત સાબિત કરવાની જરૂર પણ નથી. કેમકે પોતાના દોષ તથારૂપ જાગૃતિ વિના જોવાનું બની શકતું નથી. બહુભાગ એવું બને છે કે એ બધા જે કાંઈ દોષો થતા હોય તે વ્યતીત થઈ ગયા પછી એનો વિચાર આવે છે કે ખ્યાલ જાય છે. ચાલતા દોષ જોવા માટે તો જાગૃતિ જોઈએ અને જેટલી જાગૃતિ હોય એટલા જ દોષ જણાય. જેટલી જાગૃતિ હોય એટલું જ એ કાર્ય કરી શકે, થઈ શકે, એથી વધારે ન થઈ શકે. અને બીજી ભાષામાં કહીએ તો એ જાગૃતિ જેટલી છે એટલી જ મુમુક્ષુતા છે. જો તે પ્રકારની જાગૃતિ બિલકુલ નથી તો મુમુક્ષુતા પણ બિલકુલ નથી એમ જ વિચારવા યોગ્ય છે. એટલે મુમુક્ષુતા સત્શાસ્ત્ર વાંચીએ છીએ માટે મુમુક્ષુતા છે કે ભક્તિ, પૂજા કરીએ છીએ માટે મુમુક્ષુતા છે, દયા-દાન કે કોઈ વ્રતાદિ કરીએ છીએ માટે મુમુક્ષુતા છે એ વાત નથી રહેતી.

પોતાના જ ચાલતા દોષ જોવાની જાગૃતિ છે કે નહિ ? એમાં પણ બે પ્રકાર છે. પોતાના દોષ જોનાર મોક્ષાર્થી થઈને જોવે છે કે મોક્ષાર્થી થયા વિના જોવે છે ? અહીંયાં 'કૃપાળુદેવ'ની આજ્ઞા અનુસાર વિચારવામાં આવે તો મોક્ષાર્થી થઈને એ કાર્ય થવું જોઈએ અને મોક્ષાર્થી થઈને જો એ પ્રકારની અંતર પ્રવૃત્તિ અંદરમાં થાય તો તે યથાર્થ થાય અને નહિતર તે યથાર્થ ન થાય. ક્રમ એટલા માટે બોધ્યો છે કે જો ક્રમથી પ્રવૃત્તિ થાય તો તે યથાર્થ થાય અને અક્રમે પ્રવૃત્તિ થાય તો તે અયથાર્થ હોવાને લીધે નિષ્ફળ જાય. એટલા માટે આ પત્રનો આપણે કાલે સ્વાધ્યાય શરૂ કર્યો ત્યારે એ વિષય ઉપર વજન આપ્યું હતું કે, આ પત્રમાં મુમુક્ષુતાનો

વિષય પ્રતિપાદિત કર્યો છે એટલું જ નહિ પણ એ મુમુક્ષુતાના ક્રમસહિત એ વિષયનું પ્રતિપાદન છે એ પણ એક બહુ અતિ મહત્ત્વની વાત છે. ક્રમથી કાર્ય થવું એ વ્યવસ્થિતપણે કાર્ય થવાની કાર્યપદ્ધતિ છે કે જેથી એ કાર્યની સફળતા થાય. સંસારમાં કોઈપણ કાર્ય છે એની વ્યવસ્થા હોય છે અને તો જ એ બરાબર કાર્ય થાય છે. જેને આખો સંસાર તરવો છે એ કાર્યનો પાયો જ્યાં મુમુક્ષુતા છે એના ક્રમની કોઈ વ્યવસ્થા ન હોય એમ કેમ બની શકે ? આટલું મોટું કામ છે કે જેનું નિર્વાણપદ છે એની વ્યવસ્થા ન હોય શકે એમ કેમ બની શકે ? મકાનના પાયામાં પણ Civil enginering જોઈએ છે, એની અંદર કેટલા જણા ઉતરે ત્યારે એ પાયો નક્કી થાય છે. Architactથી માંડી ને એના સળિયા ગોઠવવાવાળા અને એનું મિશ્રણ તૈયાર કરવાવાળા બધાયની અંદર એના Technicianની એ વિષયના નિષ્ણાતની – Expertની જરૂર પડે છે, તો એક મકાન ઊભું થાય છે. અહીં તો ચૌદ ગુણસ્થાનનું મહાન કાર્ય કરવાનું છે ત્યારે સિદ્ધપદ ઉપર પહોંચાય છે. એ કોઈ સામાન્ય કામ નથી. સ્વયંભૂરમણ સમુદ્રને ભુજાએ કરીને બાહુબળથી તરવાની વાત છે. એ વિષયમાં જરા પણ બેદરકારી કેમ ચાલે ? કાળજી વિના એ કામ કેમ કરાય ? ત્યાં પણ મહત્ત્વનું કાર્ય હોય તો સારા સારા માણસોને માથે ઉભા રહીને કરાવવું પડે છે કે અહીંયાં કસર રહી ગઈ તો ઉપાધિનો પાર નથી. એમ મુમુક્ષુતામાં કસર રહી ગઈ એ ન પાલવે. પછીની દશામાં આપોઆપ કામ થતું હોવાથી એટલી વિટંબણા નથી, જેટલી વિટંબણા મુમુક્ષુતા શરૂ કરવામાં છે.

ફરીથી, યથાર્થ મુમુક્ષુતા આવવામાં જેટલી વિટંબણા છે એટલી વિટંબણા મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં નથી કે મોક્ષની પ્રાપ્તિમાં પણ નથી. એવી વાત છે. કેમકે જીવનો પરિભ્રમણમાં જે અનંત કાળ ગયો અથવા જાય છે એ યથાર્થ મુમુક્ષુતાના અભાવને કારણે જાય છે. એકવાર પણ જો

યથાર્થ મુમુક્ષુતા – ખરી મુમુક્ષુતા આવે તો નિર્વાણપદની પ્રાપ્તિ અવશ્ય થાય, થાય ને થાય જ. એમાં કોઈ મિનમેખ નથી. અને એ વાત તો ઘણી જગ્યાએ 'કૃપાળુદેવ' કરે છે. એટલે એ ક્રમથી અવલોકનના Stage ઉપર કોઈ આવે છે તો અવશ્ય એનો સ્વચ્છંદ નાશ પામે, પામે ને પામે.

એ 'સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય.' કેવી સરસ વાત કરી છે ! કે જેટલો સ્વચ્છંદ હાનિ પામે એટલી યોગ્યતા આવે કે જે યોગ્યતાને લઈને આત્મજ્ઞાન અથવા આત્મબોધ, એનું બીજ ત્યાં વાવી શકાય. કોઈપણ સારું બીજ વાવવા માટે એની જમીન એ પ્રકારની તૈયાર થવી ઘટે છે. નહિતર એ બીજ વાવેલુ નકામું જાય એ દુનિયામાં પ્રસિદ્ધ વાત છે. એમ અહીંયાં પણ આત્મજ્ઞાન કે જે એકમાત્ર સર્વ દુઃખથી અને સર્વ ક્લેશથી મુક્ત થવાનો ઉપાય છે એને આત્મબોધ કહે છે અને એનું બીજ વવાય એવી ભૂમિકા મુમુક્ષુતામાં પહેલા સ્વચ્છંદની હાનિ થાય ત્યારે થાય છે અને એ સ્વચ્છંદની હાનિ પોતાના દોષ અપક્ષપાતપણે જોવામાં થાય છે, જે મોક્ષના ધ્યેયપૂર્વકની પ્રવૃત્તિ હોવી ઘટે છે. આટલી Sequence છે એની અંદર. આટલા ક્રમથી એ વિષય જળવાવો જોઈએ તો અવશ્ય એને બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

બોધબીજ શું છે ? આત્મજ્ઞાન તે સ્વસંવેદનરૂપ આત્મસ્વરૂપનો અપરોક્ષ પ્રત્યક્ષ અનુભવ છે, જે ૪૯૩ (પત્રના) સારાંશમાં વિસ્તારમાં વિસ્તારથી 'કૃપાળુદેવે' લીધો છે કે આ છ પદનો જે પત્ર છે એ પત્રનું ફળ શું ? કે પ્રત્યક્ષ આત્માનો અનુભવ થવો તે. એને આત્મબોધ કહે છે, આત્માનું જ્ઞાન કહે છે અને તે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય એવું જે કોઈ મૂળભૂત કાર્ય – બીજભૂત કાર્ય હોય તો તે આત્માની ઓળખાણ થવી, આત્માનો નિશ્ચય થવો, આત્માનો મૂળ સ્વરૂપે પ્રતિભાસ થવો એને

બોધબીજ કહેવામાં આવે છે. બીજમાંથી મૂળનો અંકૂર ફૂટે છે. ફળ પછી ભલે છેલ્લે આવે છે પણ એ ફળનું અંદરનું મૂળ કારણ, કોઈ શક્તિરૂપ કારણ હોય તો મૂળ નથી પણ બીજ છે. એમ મોક્ષરૂપી ફળ છે એનું મૂળ ભલે સમ્યગ્દર્શન છે તોપણ એનું બીજ છે એ સ્વરૂપની ઓળખાણ અને સ્વરૂપનો નિશ્ચય છે, જેને અહીંયાં પદાર્થ નિર્ણય કહ્યો છે. આ પત્રમાં એને 'પદાર્થ નિર્ણય' એવા નામથી સંબોધન કર્યું છે. એ બોધબીજ છે અને એ બોધબીજ યોગ્ય જે ભૂમિકા છે, પદાર્થ નિર્ણય સુધી પહોંચવું છે એમાં સૌથી પહેલા સ્વચ્છંદની હાનિ થવી ઘટે છે અને તે યથાર્થ પ્રકારે પોતાના દોષના અવલોકનથી થાય છે, બીજા કોઈ પ્રકારે થતી નથી.

આ એક મોક્ષમાર્ગ અથવા આત્મજ્ઞાન સુધી પહોંચવાનો નિયત ઉપાય છે. કેવો ઉપાય છે ? આ નિયત ઉપાય છે. જેમ ત્રણે કાળે મોક્ષનો માર્ગ 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એ નિયત છે એમ મોક્ષમાર્ગનો Aproach છે એ પણ નિયત છે અને એ ક્યા પ્રકારે છે એનો ઉલ્લેખ, એનો વિસ્તાર 'કૃપાળુદેવ' આ પત્રમાં કરે છે.

જ્યાં સ્વચ્છંદ હાનિ પામે, જેટલા પ્રમાણમાં હાનિ પામે, થોડીઘણી એટલે જેટલા પ્રમાણમાં હાનિ પામે, તેટલા પ્રમાણમાં ત્યાં આત્મસ્વરૂપનો–પદાર્થનો નિર્ણય થવાની–બોધબીજ યોગ્ય ભૂમિકા તૈયાર થાય છે. અત્યારે સમય પૂરો થાય છે. વિશેષ હવે પછી.

# પ્રવચન–૩
## તા. ૨૫-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

મુમુક્ષુજીવ પદાર્થ નિર્ણય સુધી કેવી રીતે પહોંચે છે તેનું વ્યવસ્થિત વિષય નિરૂપણ આ પત્રમાં થયું છે. બે દિવસ સ્વાધ્યાય ચાલ્યો છે. સંક્ષેપમાં એનો સાર લઈએ, પછી આગળનો વિષય લઈએ. કોઈપણ ધર્મમતમાં મનુષ્ય હોય તોપણ એને મુમુક્ષુતા પ્રાપ્ત થવી એ જરૂરી છે. મુમુક્ષુતા વિના આત્મજ્ઞાન નથી. એ મુમુક્ષુતાની શરૂઆત જો જીવ મોહાસક્તિના પરિણામમાં મૂંઝાઈને એકમાત્ર મોક્ષ માટે પ્રયત્ન કરે છે, મોક્ષનો વિષે જ યત્ન કરે છે કે જે પૂર્ણ શુદ્ધિના ધ્યેયે એનું પરિણમન ચાલુ થાય છે. એ પરિણમન ઘણું બળવાન હોય છે ત્યારે એને મુમુક્ષુતાની શરૂઆત થાય છે. એ પહેલાં કોઈપણ ધર્મસાધન કરે તોપણ ત્યાં મુમુક્ષુતાની શરૂઆત થઈ નથી. ભલે એ ધર્મસાધન કરતા આખી જિંદગી વ્યતીત થઈ હોય તોપણ શરૂઆત નથી થઈ અથવા ક્યારે તો શરૂઆત થઈ છે, એ સિવાય પણ ક્યારેક શરૂઆત થઈ ગઈ છે એવું માનવું, એવું સ્વીકારવું એ એક ભ્રમ છે.

મુમુક્ષુતાની શરૂઆત તો મોક્ષના ધ્યેયથી જ થાય એવો સર્વ જ્ઞાનીઓનો અભિમત છે. એટલી મુમુક્ષુતા આવ્યા પછી સ્વતઃ આપોઆપ જીવના પરિણામ પોતાના દોષ જોવામાં અપક્ષપાતપણે કામ કરતા થઈ જાય છે. આ પરિણામ આપોઆપ કામ કરે છે એ એક માપપટ્ટી છે, માપવાનું એક સાધન છે કે જીવને મોક્ષનું ધ્યેય અથવા મોક્ષનું લક્ષ બંધાયું છે કે નહિ. જો અપક્ષપાતપણે પોતાના દોષ જોવાની પ્રવૃત્તિ ચાલુ

ન થાય તો મોક્ષને માટે જે પ્રયત્ન કરે છે અને મોક્ષનું એને લક્ષ થયું છે, એને મુક્ત થવું છે, મુક્ત થવાનો નિર્ધાર કર્યો છે એ વાત રહેતી નથી. જ્યારે એ પરિણામ આપોઆપ પોતાના દોષ નિષ્પક્ષપણે જોવામાં લાગે છે ત્યારે તેના ફળ સ્વરૂપે જીવનો સ્વચ્છંદ છે એ હાનિ પામે છે અથવા નાશ પામે છે. કોઈને થોડો હાનિ પામે છે, કોઈને ઘણો હાનિ પામે છે, કોઈને નાશ પામે છે. અને જેટલો સ્વચ્છંદ હાનિ પામ્યો તેટલું બીજજ્ઞાન થવાનું ત્યાં કારણ ઉત્પન્ન થયું.

બીજજ્ઞાન એટલે સ્વરૂપની ઓળખાણ, બીજજ્ઞાન એટલે પદાર્થનો નિર્ણય અથવા પદાર્થનું ભાવભાસન. જે સમ્યગ્દર્શનનું અંગભૂત કારણ છે, અનન્ય કારણ છે. ૭૫૧ પત્રમાં તો એ બીજજ્ઞાનને 'કૃપાળુદેવે' બીજું સમકિત કહ્યું છે. સમ્યગ્દર્શનની અવસ્થા છે એના પૂર્વ ક્રમમાં કોઈપણ જીવને નિયમથી બીજજ્ઞાનની ઉત્પત્તિ હોય છે. બીજજ્ઞાન ઉત્પન્ન થયા પહેલા કોઈને સીધેસીધું આત્મજ્ઞાન ઉત્પન્ન થાય એવું બનતું નથી. પાત્રતા સિવાયની કોઈપણ ઉપરની દશાની પર્યાય છે, કોઈપણ ઉપરની દશા છે, કોઈપણ ઉપરની પર્યાય છે એ નીચેના પર્યાય થયા પછી થાય છે, એવી એક અપેક્ષિત પરિસ્થિતિ છે.

પાત્રતા છે એના માટે કોઈપણ પૂર્વ પર્યાયની અપેક્ષા નથી. સંસારમાં પરિભ્રમણ કરતો જીવ ક્યારે પણ પોતાના આત્મકલ્યાણ કરવા માટે ઉત્સુક થાય, આત્મકલ્યાણનો નિર્ધાર કરે, પરિભ્રમણથી છૂટવાનો અંતરથી નિર્ધાર કરે, ઉપર ઉપરથી નહિ, તત્કાળ એને પાત્રતા પ્રગટે જ. પછી એ જ ભાવનાથી, એ જ આત્મકલ્યાણની ભાવનાથી પાત્રતા વૃદ્ધિગત થાય છે અને એ કેવી રીતે વૃદ્ધિગત થાય છે એ આ પત્રનો વિસ્તાર છે પણ પાત્રતા સિવાય બીજજ્ઞાન નથી અને બીજજ્ઞાન સિવાય આત્મજ્ઞાન નથી અને આત્મજ્ઞાન સિવાય મુનિદશા નથી. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ જોય, બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય'

આત્માર્થી પણ નથી. આત્મજ્ઞાન વિના મુનિપણું નથી અને મુનિપણા વિના કેવળજ્ઞાન નથી. સીધું કોઈને કેવળજ્ઞાન થાય કે દીક્ષા લઈ લે તેથી સીધું મુનિપણું આવે કે ધ્યાન લગાવે એટલે આત્મજ્ઞાન થાય અને આત્મધ્યાન થાય એવું કદી બનતું નથી. આ ક્રમથી, આ જ્ઞાનીનો માર્ગ છે, જ્ઞાનીનો બોધેલો માર્ગ છે, જ્ઞાનીઓનો અનુભવેલો માર્ગ છે.

હવે અહીંથી આગળ લઈએ છીએ કે, 'સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.' શું કહ્યું ? કે, સ્વચ્છંદ હાનિ પામ્યા પછી પણ નીચે કહ્યા એવા જે ત્રણ કારણો છે એ પણ માર્ગપ્રાપ્તિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન છે ત્યાં સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સાથે હોય છે અને એ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે, એ મોક્ષમાર્ગની પ્રાપ્તિનો રોકનારા, એ મોક્ષમાર્ગની પ્રાપ્તિને અવરોધરૂપ એવા ત્રણ કારણો પ્રાયે મુમુક્ષુજીવને હોય છે ત્યાં સુધી એને માર્ગપ્રાપ્તિ થતી નથી.

એ ત્રણ કારણોમાં પહેલું કારણ લીધું છે, 'આ લોકની અલ્પ પણ સુખેચ્છા...' બીજું કારણ લીધું છે, 'પરમ દૈન્યતાની ઓછાઈ...' પરમ દૈન્યતા કહો કે પરમ વિનય કહો. દૈન્યતા એટલે દીનપણું. દીનપણું એટલે અહીંયાં કોઈ દીનવૃત્તિની વાત નથી પણ વિનયવૃત્તિની વાત છે. સંસારમાં જે દીનપણું હોય છે એ તો દુઃખને કારણે જીવને હોય છે અથવા પોતાને કોઈ આધાર શોધવો હોય ત્યારે દીનપણું આવે છે, પોતાને કોઈ સાધન ન હોય તો એ સાધનની અપેક્ષાથી કોઈ પદાર્થની અપેક્ષાથી દીનપણું આવે છે અથવા દરીદ્રતા હોય તો એની સાથે મોટાભાગે દીનપણાની વૃત્તિ હોય છે. એ દીનપણાનો અહીંયાં પ્રકાર નથી લેવો.

અહીંયાં જ્ઞાનીપુરુષ પ્રત્યેનો જે વિનય છે એ પ્રકારે જે દીનપણું છે એ પરમ વિનય હોવો ઘટે છે. વિનયમાત્ર નહિ, સામાન્ય વિનય નહિ, વિરોધનો તો સવાલ નથી પણ વિનય પણ સામાન્ય નહિ, પરમ

વિનય, પૂરેપૂરો વિનય, અધૂરો નહિ. એમાં ઓછપ હોય તોપણ માર્ગપ્રાપ્તિ ન થાય. અને 'પદાર્થનો અનિર્ણય...' એટલે આત્મસ્વરૂપનો નિશ્ચય ન થવો, ઓળખાણ ન થવી, ભાવભાસન ન થવું. એવો જે પ્રકાર છે એ પણ માર્ગપ્રાપ્તિમાં બાધક કારણ છે અથવા ત્યાં સુધી માર્ગપ્રાપ્તિ થતી નથી. આ ત્રણ કારણો બતાવ્યા તે પ્રકારના પરિણામ જ્યાં સુધી જીવને વિદ્યમાન રહે છે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી એમ અમે જાણીએ છીએ, એમ અમારો અનુભવ બોલે છે.

મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ સુધી અથવા પદાર્થ નિર્ણય સુધી પહોંચાડવા માટેનો આવો સ્પષ્ટ ખુલાસાવાળો, કોઈ સ્પષ્ટીકરણ અન્ય શાસ્ત્રોમાં તો હજી જોવામાં આવ્યો નથી. 'કૃપાળુદેવ'નું વચનામૃત જે શાસ્ત્ર છે એ શાસ્ત્રની અંદર મુમુક્ષુની ભૂમિકાની સેંકડોગમે સલાહ, સૂચના, માર્ગદર્શન અને સ્પષ્ટીકરણ મળે છે. એ સિવાય એ પ્રકારનું એટલું માર્ગદર્શન અન્ય ગ્રંથોમાં આજે ઉપલબ્ધ નથી.

મોટાભાગના ગ્રંથો પ્રાચીન કાળમાં લખાયેલા છે. કદાચ એ વખતે મુમુક્ષુઓને આટલી હદે સમજાવવાની આવશ્યકતા તે તે જ્ઞાનીપુરુષોનો, મહાત્માઓને કદાચ નહિ લાગી હોય પણ 'કૃપાળુદેવ' સંપર્કમાં આવેલા સોએક વર્ષ પહેલાના મુમુક્ષુઓ, એમને યથાર્થ માર્ગદર્શન આ પત્રોથી મળેલું છે અને ત્યારપછી તો કાળ વધારે હીણો ઉતરતો કાળ આવ્યો છે. એટલે આ પત્રો વર્તમાનના મુમુક્ષુજનો માટે તો અમૃત સમાન છે. એટલું પ્રયોજનભૂત માર્ગદર્શન 'કૃપાળુદેવ'ના વચનોમાં જે મળે છે એટલું તો બીજે ક્યાંય ઉપલબ્ધ નથી. આ ભૂમિકાનું – મુમુક્ષુની ભૂમિકાનું માર્ગદર્શન છે અને બહુ વ્યવસ્થિત છે.

'એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું.' એ નીચે કહેશે. અને નીચે ક્યાં કહ્યું છે એ જોવું હોય તો 'અધિક શું કહીએ ?' એની

ઉપરની લીટી છે. 'એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.' ત્યાં લખ્યું છે. એ ત્રણે 'કારણો ટાળવાનું બીજ હવે પછી કહીશું.' એ નીચે કહ્યું છે કે, 'એ ત્રણેનું બીજ મહાત્માને વિષે...' એટલે જ્ઞાનીપુરુષમાં 'પરમ પ્રેમાર્પણ એ છે.' જ્ઞાનીપુરુષ મારા આત્માને માટે તરવાનું પરમ કારણ છે, એકમાત્ર કારણ છે એવું સમજાયા પછી, એમનું સ્વરૂપ ઓળખાયા પછી એમના પ્રત્યે જે અનન્ય પ્રેમ, પરમ પ્રેમ આવે છે તે આત્મા પ્રત્યેનો પ્રેમ છે. જ્ઞાનીપુરુષ પ્રત્યેનો પ્રેમ એ આત્મા પ્રત્યેનો પ્રેમ છે અને એ પરમ પ્રેમ આવે ત્યારે એ ત્રણે કારણો ટળવાનું બીજ એટલે એવી યોગ્યતારૂપ કારણ એ મુમુક્ષુજીવમાં ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :– અહીંયાં પ્રત્યક્ષની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ વિના તો કેવી રીતે (ઓળખે) ? ઓળખાણ તો પરોક્ષની કોઈ દિવસ બની શકે નહિ. કેમકે પરિચય માગે છે. ઓળખાણ વિના બહુમાન નહિ અને ઓળખાણ છે એ પરિચય વિના થાય નહિ અને પરિચય પ્રત્યક્ષ વિના સંભવિત નથી, એટલા માટે.

એ બધા કારણો (ટાળવાનું) બીજ હવે પછી કહેશું. 'તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.' તે જ કારણોને હવે વિસ્તારથી અહીંયાં દર્શાવ્યા છે. પહેલું કારણ છે. 'આ લોકની અલ્પ પણ સુખેચ્છા...' આ જે કારણ છે એ અભિપ્રાય પ્રધાનતાથી છે, આચરણ પ્રધાનતાથી નથી, ચારિત્ર પ્રધાનતાથી નથી. કેમકે વિષય મુમુક્ષુની ભૂમિકાનો ચાલે છે. મુમુક્ષુની ભૂમિકા એ અભિપ્રાયને બદલવાની ભૂમિકા છે. જેટલા પણ વિપરીત અભિપ્રાયો છે – Misconcept જેટલા પણ છે એ મુમુક્ષુની ભૂમિકામાં અનુક્રમે ક્રમશઃ બદલાય અને યથાર્થતામાં આવે છે. જ્યાં સુધી અભિપ્રાયની ભૂલ સુધરે નહિ ત્યાં સુધી પરિણમનનો યથાર્થ સુધારો ન થાય. અયથાર્થ સુધારો તે સુધારો નથી. એ તો ભ્રમ થવાનું કારણ છે. એટલે આ લોકના કોઈપણ પદાર્થ પ્રત્યે અલ્પ પણ સુખની ઇચ્છા, અપેક્ષા,

ઇચ્છા એટલે અપેક્ષા, ઇચ્છા એટલે આશા, મહત્ત્વકાંક્ષાનો તો અહીંયાં કોઈ વિચાર જ કરવાનો નથી. જગતના પદાર્થોની મહત્ત્વકાંક્ષા ઊભી થાય છે એની તો ચર્ચા કરવાની પણ જગ્યા નથી. પણ આશા, અપેક્ષા અલ્પ પણ રહે ત્યાં સુધી આ જીવને મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં અવરોધ ઊભો છે એમ સમજવા યોગ્ય છે. કેમ ? કે, એ સુખબુદ્ધિપૂર્વક હોય છે. અભિપ્રાય છે એ સુખબુદ્ધિને સૂચવે છે. અને જ્યાં સુધી પરપદાર્થમાં, કોઈપણ પરપદાર્થમાં સુખબુદ્ધિ રહે ત્યાં સુધી આત્મામાં સુખ છે એવી બુદ્ધિ એટલે કે એ નિર્ણય, પદાર્થ નિર્ણય જેને કહે છે એ ઉત્પન્ન ન થાય.

બે વિરુદ્ધ નિર્ણય અથવા બે વિરુદ્ધ અભિપ્રાય કદી પણ કોઈ જીવને એકસાથે રહી શકે નહિ. કાં અભિપ્રાય હામાં આવે અને કાં અભિપ્રાય નામાં આવે. Yes, No સિવાય એમાં બીજી કોઈ પ્રકારાંતરે સ્થિતિ નથી.

મુમુક્ષુ :– પચાસ-પચાસ ટકા ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :– પચાસ ટકા મારો અભિપ્રાય એવો છે કે કેટલાક પદાર્થોમાં અથવા અનુકૂળતાઓમાં થોડું સુખ છે અને થોડોક અભિપ્રાય એવો પણ છે કે, ના, ના આત્મામાં પણ સુખ છે. એમ કોઈ દિવસ ન હોય. એમાં ટકાવારીનો સવાલ નથી. એટલે એ શબ્દ વાપર્યો છે કે અલ્પ પણ સુખેચ્છા ન હોય, અલ્પ પણ આશા ન હોય. કેમકે એ સુખબુદ્ધિપૂર્વકની ઇચ્છા, અપેક્ષા અને આશા હોય છે. તો આત્મામાં પણ સુખબુદ્ધિ થાય અને પરપદાર્થમાં પણ સુખબુદ્ધિ થાય એવું એકસાથે ન બને.

અનાદિથી પુદ્ગલ પદાર્થોમાં, પુદ્ગલની પર્યાયોમાં જીવને સુખબુદ્ધિ છે, જે કલ્પનામાત્ર છે. કેમકે કોઈપણ પરમાણુની કોઈપણ પ્રકારની અવસ્થા ઉત્પન્ન થાય તોપણ તેમાં સુખરહિતપણું, સુખના અભાવપણું

હંમેશાં હંમેશાં હોય જ. કેમકે જડ પરમાણુમાં સુખગુણ નથી, તો એ જડ પરમાણુમાં ગુણ વિના સુખની પર્યાય હોય એમ કેવી રીતે બની શકે ? એ જડ પરમાણુમાં કદી પણ સુખ નથી. જ્યાં સુધી જડ પરમાણુમાં સુખબુદ્ધિ છે ત્યાં સુધી જીવ ન તો જડનું સાચું સ્વરૂપ સમજ્યો છે, ન તો જીવનું સ્વરૂપ જીવ સમજ્યો છે. બેમાંથી એકેયનું બરાબર નથી (સમજ્યો).

જ્યારે જીવને આત્મામાં સુખ છે એવું પદાર્થ નિર્ણયના કાળમાં પ્રતિભાસે, ઓળખાણ થાય છે ત્યારે સુખની ઓળખાણ સાથે સાથે થાય, એ વાત જરૂર છે કે જગતના બધા જ જીવોને, કોઈપણ જીવને સુખ જ જોઈએ છે અને સર્વનો પ્રયત્ન સુખ માટે છે. અત્યારે આપણે ઘર છોડીને અહીંયાં આવ્યા એ પણ કંઈક સુખ માટે (આવ્યા) અને અહીંયાં બેઠા પછી પગ ફેરવવાનો વિકલ્પ આવે તોપણ સુખ માટે, આમ નહિ ને આમ બેસવું છે, અડધી કલાક પછી જરાક ફાવતું નથી, (એમ) કોઈપણ નાનામાં નાની પ્રવૃત્તિ કે મોટામાં મોટી પ્રવૃત્તિની પાછળ જીવનો સુખસ્વભાવ હોવાને લીધે એ સુખ જ ઇચ્છે છે અને સુખ માટે જ એનો પ્રયત્ન હોય છે. તકલીફ એ વાતની છે કે સુખ ક્યાં છે અને સુખ કેવું છે એની ખબર નથી. એ સંબંધમાં જે કાંઈ જગતવાસી જીવોનો નિર્ણય છે એવો નિર્ણય પોતાનો પણ અનાદિનો છે અને એવો સ્વીકાર હોવાથી જે જગતના જીવો જે પ્રકારે સુખ મેળવવા પ્રયત્ન કરે છે એમ આપણે, દરેક જીવ સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે.

અનેક અનુકૂળતાના સાધનોની શોધ થઈ અને એ સાધનો લોકો વસાવવા માંડ્યા. ઘણા સાધનો વસાવ્યા પછી પરિસ્થિતિ એ ઊભી થઈ કે સુખરહિતપણું – સુખનો અભાવ એમ ને એમ ઊભો રહ્યો અને સુખ માટેનો પ્રયત્ન ચાલુ રહ્યો. દેવલોકના દેવો પણ, અહીંયાં તો હજી એવી કાંઈ સગવડ નથી પણ દેવલોકના દેવો જ્યાં દૈવી સંપત્તિ છે એ

લોકો પણ, એ જીવો પણ હંમેશાં સુખ માટે પ્રયત્નવાન રહ્યા છે. કેમકે એ જડ સંપત્તિમાં ત્યાં પણ એમને સુખની પ્રાપ્તિ થઈ નથી અથવા થતી નથી. એ સુખનો પ્રયત્ન એમ બતાવે છે કે સુખ મળ્યું નથી, જો મળ્યું હોય તો પ્રયત્ન કરવાનો પ્રકાર ઊભો ન હોય. એટલે પદાર્થ નિર્ણય સુધી જ્યાં સુધી પહોંચવું છે ત્યાં આ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે કે સુખ ક્યાં લાગ્યું છે ?

સુખ અને દુઃખ આ બન્ને અવસ્થા અનુભવથી સમજાય છે, વિચારથી સમજવાનો એ વિષય નથી. તત્ત્વજ્ઞાનના અભ્યાસ દ્વારા અથવા સત્સંગના યોગે સુખ કેવું હોય, દુઃખ કેવું હોય એ સમજવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ પણ સુખ અને દુઃખ એ સમજવાનો વિષય નથી, અનુભવીને સમજવાનો વિષય છે. એમ ને એમ સમજવાનો વિષય નથી. અનુભવપૂર્વક સમજવાનો વિષય છે. કેમકે એ બન્ને દશા અનુભવ વિના ખરેખર સમજાતી નથી.

મુમુક્ષુ :– એક દૃષ્ટાંત.

પૂજ્ય ભાઈશ્રી :– દૃષ્ટાંત એ છે કે, ખાવાની ચીજ ચાખવાથી સમજાય, જોવાથી કે સૂંઘવાથી ન સમજાય. કાળા જાંબુ કડવાં જ હોય એવું નથી, મીઠાં પણ અને ખાટા પણ હોય. ચાખ્યા વગર કેમ ખબર પડે ? એમ ખાદ્ય પદાર્થ ચાખવાથી સમજાય છે, એના સ્વાદના અનુભવપૂર્વક, એમ સુખ અને દુઃખ એ અનુભવથી સમજવાનો વિષય છે, માત્ર વ્યાખ્યાથી કે પરિભાષાથી, તર્કથી કે અનુમાનથી, ન્યાયથી કે આગમથી એનો વિચાર કરીએ માટે સમજાય જાય એવો એ વિષય નથી. એટલે પ્રયોજનનો વિષય અનુભવપ્રધાન છે. સુખનું જે પ્રયોજન, એ પ્રયોજનનો વિષય અનુભવપ્રધાન છે. એને અનુભવથી જ સમજવો રહ્યો.

પ્રશ્ન :– પચાસ-પચાસ ટકા નહિ, નવ્વાણુ અને એક હોય તો ?

સમાધાન :– પ્રશ્ન જ નથી. આત્મામાં નવ્વાણુ ટકા સુખ છે કે એક ટકો સુખ છે ? જડમાં નવ્વાણુ ટકા સુખ છે કે એક ટકો સુખ છે ?, સોએ સો ટકા જડ પરમાણુમાં સુખ નથી અને સોએ સો ટકા સુખ આત્મામાં છે. જ્યાં સુધી એવો નિર્ણય ન થાય ત્યાં સુધી ઊલટો નિર્ણય ઊલટી પ્રવૃત્તિ કરાવશે. ઊલટો નિર્ણય શું કરાવશે ? ઊલટી પ્રવૃત્તિ કરાવશે. અને એ જ જીવને દુઃખનું કારણ થશે. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' એમ કેમ કહ્યું ? કે, સુખનો નિર્ણય ખોટો છે અથવા વિપરીત છે. તો એને પ્રાપ્ત કરવા જતાં ઊલટાનું સુખ ટળે છે એટલે દુઃખની પ્રાપ્તિ થાય છે. 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે' અથવા એવું સુખ પ્રાપ્ત કરતા દુઃખ મળે છે, એમ કહો. સુખ ટળે છે એમ કહો કે દુઃખ મળે છે એમ કહો. દુઃખની પ્રાપ્તિ થાય છે.

એટલે અહીંયાં અભિપ્રાયની પ્રધાનતાથી વાત છે. નહિતર સુખની ઇચ્છા બાહ્ય પદાર્થમાં જે આચરણ પ્રધાનતાથી છે એ તો પંચમ ગુણસ્થાન સુધી ઓછીવત્તી માત્રામાં રહે છે પણ સુખબુદ્ધિ તો મુમુક્ષુની ભૂમિકામાં એ અભિપ્રાય તો બદલાય શકે છે અને બદલાય જાય છે પછી જ જ્ઞાનદશાની ઉત્પત્તિ થાય છે.

'ઓ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે...' તીવ્ર મુમુક્ષુતા એટલે જ્ઞાનદશા. આગળ એ વાત આવી ગઈ. તીવ્ર મુમુક્ષુતો કોને કહેવી ? કે, જ્યાં સુધી જ્ઞાનદશાની ઉત્પત્તિ નથી થઈ હોતી ત્યાં સુધી ઘણું કરીને આ લોકની અલ્પ પણ સુખેચ્છા એટલે એ પ્રકારનો અભિપ્રાય હોય છે. એ અભિપ્રાયની મોળપ મુમુક્ષુતાના પ્રારંભથી શરૂ થાય છે. એ અભિપ્રાય ઢીલો પડે છે, શિથિલ પડે છે. એવો ફેરફાર થાય છે અને જ્યારે મોક્ષને માટે જ યત્ન કરવાની ભૂમિકામાં આવે છે ત્યારથી એના અભિપ્રાયમાં ફેર પડે છે, ફેર પડતો આવે છે.

મુમુક્ષુ :- જ્યારે પૂર્ણતાનું લક્ષ બંધાય ત્યારે આ એક .... છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક અભિપ્રાયમાં ફેર પડી જાય છે. કેમકે એનો પ્રયત્ન જગતના સુખ માટે નથી પણ ગુણથી ઉત્પન્ન થતા સુખ માટે હોય છે અને ત્યાંથી અભિપ્રાય બદલાય છે.

તે અભિપ્રાય 'હોવાનાં કારણો...' જીવનો એ અભિપ્રાય કેમ રહે છે ? 'તે 'સત્' છે એવું દઢ થયું નથી,...' તે એટલે આત્મા, સત્ એટલે પોતાનું સ્વરૂપ. પોતાનું જે આત્મસ્વરૂપ છે એ સત્ છે એવું દઢ થયું નથી. સત્ એટલે શું અહીંયાં ? સત્ છે એ અસ્તિત્વને દર્શાવનારું પદ છે. સત્ એટલે હોવાપણું. કેવું હોવાપણું ? કે નિરાલંબ નિરપેક્ષ એવું મારું આત્મસ્વરૂપ છે.

વૈજ્ઞાનિક દષ્ટિએ વિચારવા જેવો વિષય અત્યારે આપણી સામે છે. સુખબુદ્ધિ અને આધારબુદ્ધિને લીધે જીવના તમામ પ્રકારના સંસારના પરિણામો રહેલા છે. તપાસી લ્યો ! જે કોઈ સંસાર સંબંધીના પરિણામો આ જીવને છે એમાં અભિપ્રાયના મુખ્ય બે Factor રહેલા છે. એક સુખબુદ્ધિ અને એક સુખબુદ્ધિને કારણે ઉત્પન્ન થયેલી આધારબુદ્ધિ. તો 'કૃપાળુદેવે' એ સુખબુદ્ધિને સમજાવવા માટે એના ફળથી વાત ઉપાડી છે કે, આ જીવને આધારબુદ્ધિ પરપદાર્થમાં છે.

શરીર વિના હું જીવી નહિ શકું, શરીર છૂટવાનો કાળ એટલે આયુષ્ય પૂરું થશે ત્યારે હું મરી જઈશ માટે શરીરના આધારે હું જીવું છું, એ શરીરમાં શ્વસોશ્વાસ ચાલે છે માટે શ્વાસોશ્વાસના આધારે હું જીવું છું, શ્વાસોશ્વાસમાં હવાની જરૂર છે એટલે હવાના આધારે હું જીવું છું. પછી તો એની વણઝાર બહુ મોટી છે. પાણી, ખોરાક, હવા-પાણી, ખોરાક મેળવવા માટેના સાધનો, પૈસા, પ્રવૃત્તિ, દુકાન, ધંધો, વેપાર, વ્યવસાય, કુટુંબ-પરિવાર બહુ મોટી પરંપરા એની પાછળ લાગેલી છે. મૂળમાં સુખ

પરપદાર્થમાં છે અને તેથી તેના આધારે મારું જીવન છે એમ સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ છે એ બે કારણથી, બે પ્રકારના અભિપ્રાયના કારણથી આ જીવ સંસારમાં પરિભ્રમણ કરવાના અને અધોગતિમાં જવાના બધા જ પરિણામ કરે છે.

એટલે અહીંયાં સુખબુદ્ધિ સમજાવવા માટે સત્‌ની વાત લીધી છે. વાત તો બન્ને લેશે પણ પહેલી વાત આધારબુદ્ધિ લીધી છે કે પોતાનો આત્મા સત્ છે એવું નિઃશંકપણે દૃઢ થયું નથી. કોઈના વિના પણ અત્યારે હું પરિપૂર્ણ છું, શાશ્વત છું અને મારું શાશ્વતપણું અબાધિત છે, અવ્યાબાધ સ્વરૂપે છું એવી નિઃશંકતા આત્મા પ્રત્યે જ્યાં સુધી આવતી નથી ત્યાં સુધી જીવની પરપદાર્થની આધારબુદ્ધિ અનાદિની જે છે એ મટે નહિ, છૂટે નહિ અને આધારબુદ્ધિ ન મટે તો સુખબુદ્ધિ પણ મટે નહિ ને છૂટે નહિ, કેમકે એ તો મૂળમાં રહેલી વાત છે.

એટલે સર્વપ્રથમ આત્માનું હોવાપણું અને તે પણ એ પ્રકારે કે મારું સ્વરૂપ નિરાલંબ નિરપેક્ષ છે. કોઈના કારણે હું ટકું છું, નભું છું, જીવું છું એવું મૂળમાં વસ્તુના સ્વરૂપમાં જ નથી. અસ્તિથી લઈએ તો જીવમાં જે અનંત શક્તિ છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ આદિ, એ અનંત શક્તિમાં એક જીવત્વ શક્તિ છે એ પહેલી છે. આચાર્ય મહારાજે એને 'સમયસાર'માં પહેલો નંબર આપ્યો છે. ૪૭ શક્તિમાં પહેલી જીવત્વ શક્તિ લખેલી છે અને જ્ઞાન, દર્શનને એના પ્રાણ બતાવ્યા છે. હવા, પાણી ને ખોરાકને પ્રાણ નથી બતાવ્યા. શ્વાસોશ્વાસ એના પ્રાણ નથી. જો એમ હોય તો સિદ્ધાલયમાં કોઈ સિદ્ધ જીવોનું અસ્તિત્વ જીવંતપણે ન રહે, પણ ત્યાં શરીરેય નથી અને શરીરને ટકવાના સાધનભૂત કોઈ પરમાણુઓ ત્યાં નથી. અશરીરીપણે સાદિઅનંત કાળ સિદ્ધ પરમાત્માઓ, મુક્તાત્માઓ બિરાજમાન રહે છે.

એટલે નિઃશંકપણે પોતાનું નિરપેક્ષ અસ્તિત્વ જ્યાં સુધી નિર્ણયમાં

ન આવે ત્યાં સુધી આધારબુદ્ધિ મટે નહિ. પરપદાર્થની આધારબુદ્ધિ છે એ છૂટે નહિ, એ મટે નહિ અને જ્યાં સુથી એ આધારબુદ્ધિ હોય ત્યાં સુધી પરપદાર્થના પરિણામોમાં પાછા વળવાનો કોઈ ફેરફાર ઊભો ન થાય. એટલે કે પરપદાર્થથી પરિણામ વળીને સ્વપદાર્થ તરફ અંતર્મુખ થાય એવી કોઈ સ્થિતિ, એવો કોઈ અવસર આવી ન શકે. આ બહુ પાયાની વાત છે.

મુમુક્ષુતા શા માટે સિદ્ધપદનો પાયો છે એ સમજાય એવી વાત છે. સિદ્ધાત્માઓ ક્યા પાયા ઉપર બિરાજમાન છે એ અહીંથી સમજાય એવી વાત છે. મુમુક્ષુતામાં એ નિર્ણય – નિઃશંક નિર્ણય થવો ઘટે કે આ આત્મા સત્ છે અને પરમાનંદરૂપ છે. બીજું પદ એ લીધું છે. 'તે હોવાનાં કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી...' નિઃશંક નિશ્ચય નથી થયો. આ નિશ્ચય પ્રધાનતાથી – અભિપ્રાય પ્રધાનતાથી વાત છે. આત્મા સત્ પરનાનંદરૂપ છે એવો નિઃશંક નિર્ણય જ્યાં સુધી ન થાય, એવું ભાવભાસન ન થાય ત્યાં સુધી સ્વરૂપ સન્મુખ થઈ શકે નહિ અને પરસન્મુખતા એની મટી શકે નહિ.

ફરીથી, 'આ લોકની અલ્પ પણ સુખેચ્છા' એવો જે અભિપ્રાય 'એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે...' તીવ્ર મુમુક્ષુતા પદાર્થ નિર્ણય પછીની ભૂમિકાને પણ લઈ શકાય. કેમકે પદાર્થ નિર્ણય થયા પછી આ પ્રકારની ભૂલ રહેતી નથી.

મુમુક્ષુ :– ૫૩૬માં છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૫૩૬ ? જોઈએ. 'વિચારદશા અને બીજી સ્થિતપ્રજ્ઞદશા. સ્થિતપ્રજ્ઞદશા વિચારદશા લગભગ પૂરી થયે અથવા સંપૂર્ણ થયે પ્રગટે છે. તે સ્થિતપ્રજ્ઞદશાની પ્રાપ્તિ આ કાળમાં કઠમ છે, કેમકે

આત્મપરિણામને વ્યાઘાતરૂપયોગ આ કાળમાં પ્રધાનપણે વર્તે છે, અને તેથી વિચારદશાનો યોગ પણ સદ્ગુરુ સત્સંગના અંતરાયથી પ્રાપ્ત થતો નથી, તેવા કાળમાં કૃષ્ણદાસ વિચારદશાને ઇચ્છે છે, એ વિચારદશા પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ છે, અને તેવા જીવને ભય, ચિંતા, પરાભવાદિ ભાવમાં નિજબુદ્ધિ કરવી ઘટે નહિ, તોપણ ધીરજથી તેમને સમાધાન થવા દેવું અને નિર્ભય ચિત્ત રખાવવું ઘટે છે.'

વિચારદશા પૂરી થયા પછી સ્થિતપ્રજ્ઞદશા લીધી છે. 'સ્થિતપ્રજ્ઞ' શબ્દ વેદાંતની પરિભાષામાં મુખ્યપણે વપરાય છે અને 'ગીતા'માં પણ એનો ઉલ્લેખ છે. બીજા અધ્યાયમાં એ વિષય લીધો છે. ત્યાં સ્થિતપ્રજ્ઞને જ્ઞાની લીધા છે. જેની પ્રજ્ઞા પરમબ્રહ્મમાં સ્થિત થઈ તેને સ્થિતપ્રજ્ઞ કહે છે. ત્યાંનો વિષય બધો અધ્યાત્મનો ચાલ્યો છે. કેમકે સાંખ્ય યોગ છે. સાંખ્યનો અભિપ્રાય એટલે ત્રિકાળી શુદ્ધાત્માનો અભિપ્રાય, સમ્યગ્દર્શનના વિષયનો અભિપ્રાય. એટલે ત્યાં અધ્યાત્મનો વિષય ચાલ્યો છે.

ચાલતા પ્રકરણમાં જીવને પરપદાર્થમાં સુખબુદ્ધિ હોવાનું કારણ નિજ પદાર્થમાં સુખબુદ્ધિ અને નિરપેક્ષ અસ્તિત્વનો નિર્ણય – નિઃશંક નિર્ણય નથી થયો તે છે. શું કહ્યું ? મારો આત્મા અનંત સુખથી પરમ સુખથી, પરમ આનંદથી, પરમ શાંતિથી ભરેલો છે અને તેને કોઈના અવલંબન અને આધારની જરૂર નથી, એ પોતે જ સ્વતંત્ર સત્ છે. પરમાનંદરૂપે અનાદિઅનંત રહેનારું એ પરમ સત્ પોતે સ્વતંત્ર છે. એવો જ્યાં સુધી નિર્ણય નથી થયો અથવા પદાર્થની ઓળખાણપૂર્વક એવો નિશ્ચય નથી થયો ત્યાં સુધી જીવની અનાદિની પરપદાર્થમાં સુખુબુદ્ધિને કારણે એની આશા અને અપેક્ષા રહ્યા જ કરે, મટે જ નહિ એ સ્થિતિ અનિવાર્ય છે.

મુમુક્ષુ :– નિંદ્રામાં સુખ ...

પૂજ્ય ભાઈશ્રી :– સુખ નથી પણ સુખાભાસ છે. સુખાભાસ છે, સુખ નથી. કેમકે સ્વાભાવિક સુખ છે એમાં થાક ન લાગે. અસ્વાભાવિક અથવા કૃત્રિમ સુખ હોય એમાં થાક લાગે, આ એક એનું બીજું લક્ષણ છે. જેમકે આપણે ચાલતા ચાલતા થાકી ગયા, તો એ આપણી ચાલવાની સ્થિતિ સ્વાભાવિક નથી, આપણે બેસી ગયા. બેઠા બેઠા થાકી ગયા એટલે આપણે સૂઈ ગયા. કેમકે બેસવાની સ્થિતિ આપણી સ્વાભાવિક નથી. પણ સૂતા સૂતા આપણે થાકી ગયા તો પાછા બેઠા થઈ ગયા. કેમકે સૂવાની સ્થિતિ પણ આપણી સ્વાભાવિક નથી. શરીરની જે સ્વાભાવિક સ્થિતિ છે એ શ્વાસોશ્વાસની છે. કેમકે એ એના પ્રાણ છે. તો શ્વાસોશ્વાસ છે એમાં થાક ન લાગે. એ ચોવીસ કલાક ચાલ્યા કરે. ઊઠ-બેસ ચોવીસ કલાક ન કરી શકાય, પણ શ્વાસોશ્વાસ ચોવીસ કલાક ચાલે, હાર્ટ ચોવીસ કલાક ચાલે, લોહીનું પરિભ્રમણ ચોવીસ કલાક ચાલે. અને એ ચોવીસ કલાક ચાલે (એમ) નહિ, ચાલવું જ જોઈએ, એને બંધ કરો તો ઊલટાની તકલીફ થાય. કેમકે એ સ્વાભાવિક છે.

એમ ઊંઘ છે એ સ્વાભાવિક સુખ નથી. એનાથી પણ જીવ થાકે છે. સૂતા સૂતા પણ થાકે છે એટલે એ સ્વાભાવિક સુખ નથી. પણ ત્યાં બીજા વિષય કષાયોની ઊંઘમાં પરિણામની પ્રવૃત્તિ નહિ હોવાને લીધે કષાયની તીવ્રતાનું ત્યાં દુઃખ નથી, પણ કષાયની મંદતાનું દુઃખ તો અવશ્ય છે. કોઈ માણસ ઊંઘી જાય એટલે એ નિષ્કષાય થયો છે, કષાયનો અભાવ થઈ ગયો છે એમ તો કહી શકાય નહિ. અને જ્યાં કષાયનો સદ્‌ભાવ રહ્યો છે ત્યાં આકુળતા અને દુઃખનો સદ્‌ભાવ છે એમ સાબિત કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :– ..

પૂજ્ય ભાઈશ્રી :– ભ્રમ, સુખનો ભ્રમ. સુખ નહિ પણ સુખનો ભ્રમ. તો ભ્રમવાળી દશા તો કલ્પિત દશા છે, એથી કાંઈ જીવને સુખ નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બીજા પદાર્થના અભાવમાં પણ. કેમકે શરીરાશ્રિત બુદ્ધિ તો ત્યાં છે. હું ઊંઘી જાઉં તો મને સુખ થાય અને મારા શરીરને શાંતિ રહે અથવા શાતા રહે, એ પ્રકારની શરીરમાં સુખબુદ્ધિ તો ત્યાં છે જ. શરીરમાં પાંચે ઇન્દ્રિયો આવી જાય છે. શરીરમાં કઈ ઇન્દ્રિય બાકી રહી ? એટલે એ શરીરની સુખબુદ્ધિ છે. કોઈ એક ઇન્દ્રિયની નહિ, પાંચે ઇન્દ્રિયોનો સરવાળો ત્યાં તો છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– ક્યાંક એ વાત જ્ઞાનીએ લીધી છે તોપણ એ દૃષ્ટાંતરૂપે છે, સિદ્ધાંતરૂપે નથી. જેમકે સોનાનું દૃષ્ટાંત લઈએ તો સોનું છે એ પદાર્થ નથી, એ તો અનેક પરમાણુનો જથ્થો છે. પાણીનો દૃષ્ટાંત લઈએ તો પાણી પણ કાંઈ એક પદાર્થ નથી. ઘણા પરમાણુનો જથ્થો છે. એમ દૃષ્ટાંતમાં એ લઈ શકાય, પણ એ દૃષ્ટાંત છે એ સિદ્ધાંત નથી. એ તો કોઈ એક Point સમજાવવા માટેની વાત છે. ત્યાં Point કેટલો લેવો છે ? View point – એક દૃષ્ટિકોણ સમજાવવા માટેની વાત છે કે જુઓ ! ઘણી આકુળતા કરતા મંદ આકુળતામાં સુખ લાગે છે કે નથી લાગતું ?

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– તો સિદ્ધ પરમાત્માને અનંત નિંદ્રા આવે. જીવનો એવો સ્વભાવ હોય અને એ સ્વાભાવિક લક્ષણ હોય તો. પણ નિંદ્રા છે એ તો મુનિદશાથી જ ઘટતી જાય છે. મુનિદશામાં બહુ અલ્પ નિંદ્રા હોય, ગાઢ નિંદ્રા ન હોય. અરિહંત પરમાત્માને તો નિંદ્રા હોય જ નહિ. કેમકે નિંદ્રા છે એ શરીરરોગ છે. જેમ ક્ષુધા છે એ શરીરરોગ છે, તૃષા છે એ શરીરરોગ છે એમ નિંદ્રા છે એ પણ શરીરરોગ છે એ તો. અને

અરિહંત અવસ્થામાં એ અઢાર દોષ રહિત શરીર હોય છે. પરમ ઔદારિક શરીર થાય છે ત્યારે ક્ષુધા, તૃષા, નિંદ્રા, આહાર, નિહાર, પ્રસ્વેદ એ કાંઈ હોતું નથી. એવું પરમ ઔદારિક શરીર બની જાય છે.

મુમુક્ષુ :– ચેતનને જડ બનાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જો ચેતનને જડ જેવો, જડ એટલે જડ જેવો બનાવે છે. એને ઇચ્છવા યોગ્ય કેમ માનવું ? એને ઇષ્ટ કેમ મનાય ? કે ન મનાય. પણ મુદ્દો ચાલતા પ્રકરણનો આપણો મુદ્દો એ છે કે, આત્માના સ્વરૂપ નિશ્ચય જ્યારે થાય છે ત્યારે એ સ્વરૂપ નિશ્ચયના મુખ્ય બે મુદ્દાઓ ઓળખાણના બને છે – એક જ્ઞાન અને એક સુખ અથવા આનંદ.

જ્ઞાનસ્વભાવી આત્માનો જ્ઞાન લક્ષણથી નિશ્ચય થાય અને જ્યારે જ્ઞાન લક્ષણથી નિશ્ચય થાય ત્યારે અનંત જ્ઞાન સાથે અનંત સુખનો નિશ્ચય પણ થાય, થાય ને થાય જ. હવે એ કેવી રીતે ? કે, જ્ઞાન છે એ કષાયના અભાવ સ્વભાવે છે. જ્ઞાનસામાન્ય લ્યો તો. એમાં કષાયનો કણ નથી. કષાય છે, રાગ, દ્વેષ, મોહાદિ પરિણામ એ ચારિત્રગુણની અવસ્થા છે. દર્શનમોહ એ શ્રદ્ધાની અવસ્થા છે અને રાગ-દ્વેષ છે એ ચારિત્રમોહની અવસ્થા છે. જ્યારે જ્ઞાનગુણ છે એમાં એ બેમાંથી એકેય નથી. જ્ઞાનની પર્યાયમાં એ બન્નેમાંથી એકેય નથી. એટલા માટે મિથ્યાત્વ અવસ્થામાં પણ આત્માની ઓળખાણ જ્ઞાનથી થાય છે.

જો આત્માના બધા જ ગુણ વિપરીત પરિણમતા હોય તો અને પૂરેપૂરા વિપરીત પરિણમતા હોય તો આત્માના સ્વભાવને ઓળખવા માટે, પગ મૂકવાની ક્યાંય જગ્યા નથી. Footing space – ઊભા રહેવા માટેની જગ્યા તો જોઈએ ને, કે ક્યાં ઊભા રહીને ઓળખાણ કરવી ? તો કહે છે, એ જ્ઞાનપદ એવું છે. એ જ્ઞાનપદના આધારે, જ્ઞાન લક્ષણના આધારે જ્ઞાન સ્વભાવી આત્માનો નિશ્ચય થાય છે. ('સમયસાર') ૧૪૪ ગાથામાં શું કહ્યું ? કે, જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય થાય ત્યારે મતિજ્ઞાન

અને શ્રુતજ્ઞાન મર્યાદામાં આવી અને આત્મ સન્મુખ થાય, એની દિશા બદલે, અંતર્મુખ થાય. આત્મ સન્મુખ થાય એટલે અંતર્મુખ થાય.

એવું જે પરિણમન છે એ સ્વરૂપના ઓળખાણના કાળમાં થાય ત્યારે સુખનો નિશ્ચય કેમ સાથે સાથે થાય છે ? કે, જીવનું પ્રયોજન તો સુખનું છે, જ્ઞાનનું નથી. કોઈપણ જીવને જ્ઞાન પ્રાપ્ત કરીને પણ સુખ જ પ્રાપ્ત કરવું છે અને જ્ઞાનનો અભાવ કરીને પણ એને સુખ જ પ્રાપ્ત કરવું છે. આ ઊંઘી જાય છે એટલા માટે, કે ત્યાં જ્ઞાનનો વ્યાપાર નથી. એટલે જ્ઞાનની જરૂર નથી, સુખની જરૂર છે. ત્યારે જ્ઞાન પોતે કષાયના અભાવ સ્વભાવે હોવાને લીધે જ્યારે જ્ઞાનસ્વભાવની ઓળખાણ થાય ત્યારે અકષાય સ્વભાવની ઓળખાણ થાય છે અને અકષાયપણું તે સુખનું સ્વરૂપ છે. કેમકે આકુળતા કષાયમાં છે અને નિરાકુળતા અકષાયમાં છે. આ પરિસ્થિતિ છે. એટલે અનંત જ્ઞાનની સાથે અનંત સુખ જડાયેલું છે, અભેદ છે એવો નિશ્ચય સાથે સાથે જ થાય છે. અને એવો નિશ્ચય થતો હોવાને કારણે જીવને સુખ મેળવવાની જે વૃત્તિ અથવા અભિપ્રાય છે એ અધિક જોર કરે છે. સુખ તો જોઈએ જ છે પણ સુખ દેખાય અને સુખની પ્રાપ્તિ સમીપ લાગે ત્યારે સુખ પ્રાપ્તિની વૃત્તિ બળવાન થાય એ સમજી શકાય એવી વાત છે. કલ્પિત પદાર્થોમાં પણ એમ જ બને છે. એક સુખનો નિર્ણય કરી લીધો કે ફલાણા પદાર્થમાં મારું સુખ છે પછી ઉદયમાં એ પદાર્થનો સંયોગ થાય ત્યારે તીવ્ર પરિણામ થયા વિના રહેતા નથી. એ તો સુખનો અભાવ છે ત્યાં પણ એવું બને છે તો જ્યાં અનંત સુખનો સાગર દેખાય અને એ પોતામાં જ છે એટલે એની ઉપલબ્ધિ સમીપ છે એમ જ્યાં દેખાય, ત્યાં એ સુખ પ્રાપ્તિની વૃત્તિ અત્યંત બળવાન થાય એ સમજાવવાની જરૂર રહેતી નથી. સમજાવવાની જરૂર ન રહે એવી વાત છે. એટલે અંતર સુખની પ્રાપ્તિનો પ્રયત્ન જોરથી, જેવું સ્વરૂપનું ભાવભાસન આવે એવું જોરથી શરૂ થઈ

જાય. પુરુષાર્થનો એક નવો તબક્કો શરૂ થાય અને એ પુરુષાર્થનું પરાક્રમ આગળ જતાં એવું થાય કે જીવને પ્રદેશે પ્રદેશેથી સુખ અને આનંદનો અનુભવ લઈને (જંપે). ન લ્યે ત્યાં સુધી એ જંપે નહિ. એવો પુરુષાર્થનો ઉપાડ આવે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– જણાય છે પણ કષાય અંદર ભળતો નથી, મળતો નથી. જ્ઞાન ક્રોધને જાણે છે પણ જેને હયાતીમાં ક્રોધનું જાણવું થાય છે એવું જે જ્ઞાન એ જ્ઞાન સત્ છે અને ક્રોધ રહિત છે. ક્રોધને જાણનારું જ્ઞાનરૂપે કદી થતું નથી. અજ્ઞાન અવસ્થામાં પણ નથી થતું. જ્ઞાન અવસ્થામાં તો ચર્ચા કરવાનો વિષય જ નથી એ કે, જ્ઞાનીનું જ્ઞાન ક્રોધરૂપે થાય. જ્ઞાનીનું જ્ઞાન ક્રોધરૂપે થાય એ તો ચર્ચાનો જ વિષય નથી પણ અજ્ઞાનીનું જ્ઞાન પણ ક્રોધરૂપે કદી થતું નથી. જ્ઞાન જ્ઞાનરૂપે જ રહે છે, ભલે ક્રોધને જાણે ત્યારે પણ. પણ ભ્રાંતિ એટલી થાય છે કે મને ક્રોધ થયો. એ અજ્ઞાન દશામાં ભ્રાંતિ થાય છે. જ્ઞાનદશામાં એવી ભ્રાંતિ નથી થતી કે મને ક્રોધ થયો. ક્રોધને મેં જાણ્યો, હું ક્રોધનો જ્ઞાયક છું એમ જ્ઞાન થાય છે. ક્રોધનો જાણનારો છું, એમ જ્ઞાન થાય છે. મને ક્રોધ થયો એવું જ્ઞાન નથી થતું. એટલે જ્ઞાન તો ત્રણે કાળે જ્ઞાનીનું હો કે અજ્ઞાનીનું હો, ત્રણે કાળે જ્ઞાન કષાયના અભાવ સ્વભાવે છે અને તેથી અકષાય સ્વભાવ એવો જે આત્મા, આત્માનો સ્વભાવ એ જ્ઞાન લક્ષણથી ઓળખાણમાં આવે છે. એ જ્ઞાન તો એનો નમૂનો છે. આખી ચીજનો એમાંથી નિર્ણય થઈ જાય છે.

એક બીજી વાત કરે છે. મુમુક્ષુ ક્યાં ભૂલે છે ? સુખાભાસમાં ભૂલે છે. 'અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે,...' મુમુક્ષુતા મંદ કષાયની ભૂમિકા છે. 'કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ, ભવે ખેદ પ્રાણીદયા ત્યાં આત્માર્થ નિવાસ' કષાયની મંદતા,

ઉપશમપણું થાય છે, કષાયરસ ઠંડો પડે ત્યારે જીવને કેટલોક આનંદ અનુભવાય છે 'તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!)' એને એકાંત ગમે, ધમાલીયું વાતાવરણ ન ગમે, બહારમાં અશાતા થાય એવું કાંઈ ન ગમે, ક્લેશવાળું કુટુંબ ન ગમે, શાંતિવાળા મિત્રો ગમે અથવા અનુકૂળતાઓ ગમે અને પ્રતિકૂળતાઓ ન ગમે. કેમકે વિકલ્પ વધે.

'અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.' બહુ સરસ વાત કરી છે. અહીંયાં આ સ્થળે 'કૃપાળુદેવે' એક સૂક્ષ્મ વાત કરી છે એ જરાક ખોલવા જેવી વાત છે. 'મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે,...' એટલે શું ? કે, જ્યારે જીવ ઉપરના ક્રમથી મુમુક્ષુતામાં પ્રવેશ કરે છે ત્યારે એનો સ્વચ્છંદ દબાયો ત્યાં સુધી તો આવી ગયો. એ પ્રકારના જ્યાં પરિણામ છે ત્યારે એની અવસ્થામાં એ પહેલાં જે પ્રકાર હતો અને આ પ્રકારના પરિણામ થયા એમાં બહુ મોટો ફરક છે. આવા યથાર્થ મુમુક્ષુતાના પરિણામમાં પણ જીવ આવ્યો નથી. એટલે એને બાહ્ય શાતા વધે છે અથવા એની આકુળતા ઘણી ઘટી જાય છે, ચંચળતા પણ ઘણી ઘટી જાય છે. અને ઘણી ચંચળતા ઘટે ત્યારે ઘણાને જુદી જુદી જાતના અનુભવ પણ થવા મંડે છે. કોઈને લાલ, પીળા દેખાવા મંડે છે, કોઈને ચકરડા દેખાવા મંડે, કોઈને ઝણઝણાટી થવા મંડે છે, કોઈને કાંઈ થાય, કોઈને કાંઈ થાય, કોઈને કાંઈ થાય. આ ચંચળતા ઘટે ને આકુળતા ઘટે ત્યારે કોઈ કોઈને ચિત્રવિચિત્ર પ્રકારો ઉત્પન્ન થાય છે, કોઈને નથી પણ થતા. ત્યારે એને એમ લાગે કે, મને કાંઈ આનંદ આવ્યો.

અહીંયાંથી પરિણામે એક નવી ગુલાંટ ખાવાની છે. અત્યાર સુધી જે પર્યાય પ્રધાનતા છે એ ગુલાંટ ખાયને દ્રવ્ય પ્રધાનતામાં આવવાનો હવે અવસર આવ્યો છે. જો એ દ્રવ્યદૃષ્ટિ માટે દ્રવ્ય પ્રધાનતામાં ન આવે

તો આ જે પર્યાય પ્રધાનતા છે એમાં ઉપરનો દોષ — આ લોકની અલ્પ પણ સુખેચ્છા છે એ દોષ રહી જશે અને તેથી યોગ્યતા રોકાઈને મોક્ષમાર્ગની પ્રાપ્તિ નહિ થાય. 'કૃપાળુદેવે' આ વાત બહુ સરસ કરી છે. બહુ ઊંડાણથી વાત કરી છે.

'અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે,...' એને આનંદ લાગે એ. ચંચળતા ઘટે, કષાયની મંદતા ઘણી થાય, પહેલા જે ગુસ્સાના કારણો, માન-અપમાનના કારણો, બીજા-ત્રીજા કારણોને તો ઘોળીને પી જાય. હવે એવું કાંઈ થાય જ નહિ. સારી એવી મુમુક્ષુતા આવી હોય પણ એ મુમુક્ષુતામાં આનંદનો અનુભવ મુખ્ય કરવા જેવો નથી. હવે સ્વરૂપનો નિર્ણય કરવાનો અવસર આવ્યો છે. આત્મા સત્ પરમાનંદરૂપ છે એ મૂળ સ્વરૂપનો નિર્ણય છે. એવો નિઃશંક નિર્ણયમાં એની પ્રધાનતા આવવી જોઈએ, પર્યાય અંશની નહિ.

જુઓ ! અત્યારે તો હજી આત્માનો આનંદ નથી આવ્યો. એને જે અનુભવાય છે (એ) હજી આત્માનો નથી પણ જ્યારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની નિર્વિકલ્પ દશાની ઉત્પત્તિ થાય, પહેલું ઉપશમ સમ્યગ્દર્શન થાય ત્યારે આત્માનો સ્વાભાવિક ગુણમાંથી આનંદ પ્રગટ થાય, અપૂર્વ આનંદ પ્રગટ થાય, પ્રદેશે પ્રદેશે અનુભવ થાય. પણ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ એ આનંદની મુખ્યતા કદી કરતા નથી અને જો મુખ્યતા થઈ તો એનું સમ્યગ્દર્શન ગયું, જ્ઞાનદશા ગઈ અને પર્યાયદૃષ્ટિ થઈ જાય. આવી સૂક્ષ્મ વિષયની વાત 'કૃપાળુદેવે' મુમુક્ષુની ભૂમિકામાં પણ ખોલી છે. બહુ સમજવા જેવો વિષય છે.

આ આત્મા મુમુક્ષુતામાં પ્રવેશ કરે છે ત્યારે પૂર્ણતાના લક્ષે, પર્યાયના લક્ષે પ્રવેશ કરે છે. આગળ વધે છે એમાં પર્યાયનો સુધાર થાય છે પણ એ પર્યાયનો સુધાર પર્યાયદૃષ્ટિને મજબૂત કરે તો એ માર્ગપ્રાપ્તિમાં અવરોધક કારણ છે. એ પર્યાયનો સુધાર થઈને મુમુક્ષુજીવે એક નવી

ગુલાંટ ખાવી પડે છે ત્યાંથી. પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટો કે કેવળજ્ઞાન પ્રગટો, મારે હવે એની કોઈ જરૂર નથી, એવું જે મારું સ્વરૂપ એનો અભેદપણે મને પત્તો લાગી ગયો છે.

એ વાત 'કૃપાળુદેવે' ૧૬૫ પત્રમાં જ્ઞાનપ્રાપ્તિ થઈ ત્યારે કરી છે કે, મોક્ષની હવે જરૂર નથી. ૧૬૫ પત્રમાં જ એ વાત એમણે કરી છે. કેમ એ સીધી વાત કરી ? જેવી જ્ઞાનપ્રાપ્તિ થઈ, ૧૯૪૭ શુદ્ધ સમકિત પ્રકાશ્યું ત્યાં સીધી કેવળજ્ઞાનની પર્યાયની ગૌણ કરી નાખી કે મોક્ષની હવે મારે જરૂર નથી. એમ કેમ આવ્યું ? એ વાત લખવાનું કારણ શું ? એવો વિકલ્પ ને લખાણ કેમ થયું ? બહુ વિચાર માગે એવો વિષય છે. પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. મોક્ષની આપણને કાંઈ જરૂર નથી. આ વાક્ય લખ્યું છે. મોક્ષની હવે મને કંઈ જરૂર નથી. કેમ ? કે, પર્યાયદૃષ્ટિ ગઈ. મોક્ષ તો એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન અને મોક્ષદશામાં જે ઋદ્ધિ-સિદ્ધિ આત્માની ઉત્પન્ન થાય છે એના Percentage કાઢી ન શકાય. એટલું મારું પદ ઊંચું છે. એની દૃષ્ટિમાં એ સાધક પર્યાય કે સિદ્ધ પર્યાય એ કંઈ છે જ નહિ. એવી દૃષ્ટિ તે સમ્યક્‌દૃષ્ટિ, તે વીતરાગદૃષ્ટિ, તે દ્રવ્યદૃષ્ટિ છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં પદાર્થ નિર્ણયમાંથી પર્યાયની ગૌણતા અને દ્રવ્યની પ્રધાનતા ઉત્પન્ન થઈ આવે છે એમ અહીંયાં કહેવાનો નિર્દેશ છે. અહીંયાં વિષય બહુ સારો પ્રતિપાદિત થયેલો છે. આજનો સમય સમાપ્ત થયો છે. થોડું વિશેષ એ વિષયમાં કાલે લઈશું.

## પ્રવચન-૪
## તા. ૨૬-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

પાનું-૨૮૯. પત્રનો વિષય છે, મુમુક્ષુતાની શરૂઆતથી લઈને અનુક્રમે મુમુક્ષુતા વર્ધમાન થાય છે ત્યારે જીવ કેવા પરિણામથી પસાર થાય છે અને ઉત્કૃષ્ટ મુમુક્ષુ સમ્યક્ સન્મુખ, સ્વભાવ સન્મુખતા સુધી પહોંચે છે એ વિષયનો વિસ્તાર આ પત્રમાં કરેલો છે.

સ્વાધ્યાય ચાલી ગયો છે એનો સંક્ષેપ લઈએ તો કોઈપણ મુમુક્ષુજીવ જગતના પદાર્થો પ્રત્યેની મોહાસક્તિથી મૂંઝાઈને એક મોક્ષને વિષે જ યત્ન કરે છે ત્યારે તેને મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે. જ્યારે મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે ત્યારે તે જીવ પોતાના દોષને, પોતાના પરિણામમાં થતાં દોષિત ભાવોને અપક્ષપાતપણે અવલોકે છે, જુએ છે અને તેથી તેનો સ્વચ્છંદ મટે છે, કષાયરસ ઘટે છે અને જેટલો સ્વચ્છંદ અને કષાયરસ ઘટે છે તેટલા પ્રમાણમાં તેને સ્વરૂપની ઓળખાણ થવાની ભૂમિકા ત્યાં તૈયાર થાય છે. આવી કાંઈક ભૂમિકા તૈયાર થયા પછી સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવામાં ત્રણ મુખ્યપણે દોષ રહે છે અથવા મુમુક્ષુને હોય છે એ દોષ કેવી રીતે મટે ? અને દોષનું સ્વરૂપ શું છે ? એ સંબંધીનો વિસ્તાર હવે પછીના પત્રમાં છે.

એમાં સૌથી પહેલો દોષ આ લોકની અલ્પ પણ સુખેચ્છાનો છે. જીવના અભિપ્રાયમાં જ્યાં સુધી જગતના કોઈપણ પદાર્થ ને પ્રસંગમાં સુખબુદ્ધિ હોય છે, સુખનો નિશ્ચય હોય છે ત્યાં સુધી એને આત્મ સ્વરૂપનો નિશ્ચય, આત્મ સ્વરૂપની ઓળખાણ થઈ શકતી નથી. એટલા માટે કે

બે પરસ્પર વિરૂદ્ધ અભિપ્રાય છે.

આગળ પણ આ સંબંધમાં ૩૩૧ પત્રમાં પણ એ વાતનો ઉલ્લેખ એમણે કરેલો છે. પાનું–૩૧૮. 'ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકાર...' જ્યાં જ્યાં જીવને કોઈપણ પ્રસંગમાં, કોઈપણ વસ્તુમાં કોઈપણ પ્રકારે સુખ ભાસે છે એ ભ્રાંતિગતપણે ભાસે છે. કેમકે આત્માનું સુખ આત્મસ્વરૂપને છોડીને અન્યત્ર ક્યાંય પણ નથી. તેમ છતાં જીવને ભાસે છે એ જીવની ભ્રાંતિ છે અને જ્યાં સુધી એ ભ્રાંતિગત સ્વરૂપમાં જીવને સુખ ભાસે છે એટલે લાગે છે અને એની મીઠાશ આવે છે, વહાલપ વર્તે છે ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ, પોતાનું અનંત સુખમય એવું સ્વરૂપ ભાસવું અસંભવિત છે. ત્યાં સુધી એને પોતાના સ્વરૂપના ઓળખાણ ન થાય, ભાસ્યમાન ન થાય. અને જ્યાં સુધી એ પ્રકારમાં જીવ વર્તે છે ત્યાં સુધી સ્વરૂપ તો ભાસતું નથી પણ એ સિવાય એક વધારાનું નુકશાન એ છે કે ત્યાં સુધી એને સત્સંગનું માહાત્મ્ય એટલે સત્સંગનું મૂલ્યાંકન, સત્સંગની કિંમત યથાયોગ્યપણે, તથારૂપપણે એટલે યથાયોગ્યપણે લાગતી નથી અથવા લાગવી અસંભવિત છે. ભાસ્યમાન થવું અસંભવિત છે. ભાસ્યમાન થવું એટલે લાગવું – Feel થવું. વિચારમાં આવે કે સત્સંગનું મૂલ્ય ઘણું છે પણ એવું લાગે નહિ. આવી એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થાય છે અને જીવ એમાં છેતરાય છે. મારા વિચાર તો બરાબર છે, સત્સંગ ઘણો કિંમતી છે પણ એને યથાયોગ્યપણે એ વાત લાગી નથી અથવા લાગવું અસંભવિત છે. આવી એક પરિસ્થિતિ જ્યાં સુધી ભ્રાંતિગત સુખમાં જીવને મીઠાશ વર્તે છે ત્યાં સુધી રહે છે.

અહીંયાં ચાલતા પ્રકરણમાં આ વિષયને બહુ સૂક્ષ્મતાથી 'કૃપાળુદેવે' ખોલ્યો છે કે, આ લોકની અલ્પ પણ સુખેચ્છા એવો જે અભિપ્રાય છે એ આત્મામાં પરમ આનંદ છે અને આત્મા પોતાનું અસ્તિત્વ, સત્ એટલે

નિરાલંબપણે નિરપેક્ષપણે સ્વતઃ ટકાવી રહ્યો છે, શાશ્વતપણે પોતાના અસ્તિત્વમાં રહેલો છે એવો નિશ્ચય ત્યાં સુધી ઉત્પન્ન થતો નથી. અથવા એવો નિશ્ચય નહિ હોવાને લીધે, એવો નિશ્ચય નહિ કર્યો હોવાને લીધે જીવને માનસિક સુખની અપેક્ષા રહે છે. અલ્પ પણ સુખેચ્છામાં શું કહેવું છે ? માનસિક સુખની અપેક્ષા રહે છે. એટલે મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે.

'તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!)' એટલું વચન લખીને 'કૃપાળુદેવે' કૌંસમાં આશ્ચર્ય ચિહ્ન મૂક્યું છે. આટલો મુમુક્ષુ પોતાના દોષ જોવાના Stage સુધી આગળ વધ્યો, સ્વચ્છંદ દબાયો અને હજી એને બાહ્યશાતાનાં કારણો કેમ પ્રિય લાગે ? ન લાગવા જોઈએ. પોતાને આશ્ચર્ય થાય છે. પણ સ્વરૂપસુખનો નિશ્ચય નહિ હોવાને લીધે જ્યાં સુધી સ્વરૂપમાં સુખ છે એવો નિશ્ચય નથી થતો, એવી સ્વરૂપની ઓળખાણ નથી થતી ત્યાં સુધી અનાદિનો બાહ્ય પદાર્થમાં સુખ છે, માનસિક શાંતિ સુખરૂપ છે એ પ્રકારના નિશ્ચયરૂપ જે પરિણમન છે, નિર્ણયરૂપ જે પરિણમન છે એ મટતું નથી. એની પરિણતિ ચાલતી રહે છે અને તેને લીધે મુમુક્ષુતામાં એને ઠીકપણું આવી જાય છે કે હું ઠીક છું, હું આટલો તો આગળ વધ્યો છું, હળવે હળવે હજી પણ હું હવે આગળ વધતો રહીશ.

અહીંયાં જે મુમુક્ષુતામાં ઠીકપણું લાગે છે એ પણ એક પ્રકારની માનસિક શાંતિ છે. બાહ્ય અનુકૂળ પદાર્થોમાં ઠીકપણું લાગવું એમાં પમ માનસિક શાંતિ છે અને મુમુક્ષુતામાં પણ ઠીક લાગવું એ પણ માનસિક શાંતિ છે. તો બન્નેમાં માનસિક શાંતિ તો સામાન્ય રહી અને સ્વરૂપ સુખની ઓળખાણ નથી, સ્વરૂપમાં સુખ છે એનો નિશ્ચય નથી, આત્મામાં સુખ છે એ હજી એણે જોયું નથી, એને પોતાને દેખાણું નથી ત્યાં સુધી આવા ભ્રાંતિગત સુખમાં જીવ રોકાય છે. રોકાવાનું આ કારણ છે. એટલે

એમ લખ્યું છે કે, ત્યાં 'આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે;...' અથવા ત્યાં હજી રહી છે અને તેથી કરીને 'જીવની જોગ્યતા રોકાઈ જાય છે.' આ નુકસાન છે. જે આગળ વધવો જોઈએ એ આગળ ન વધી શકે.

મુમુક્ષુ :– મુમુક્ષુજીવે ભ્રાંતિગત...

પૂજ્ય ભાઈશ્રી :– એ બેનો તફાવત સમજવામાં આવ્યો છે કે નથી આવ્યો પહેલા ? મુમુક્ષુતામાં સત્સંગના યોગે સંસારમાં જે બાહ્ય પદાર્થોમાં અનુકૂળતામાં સુખ છે એના કરતાં આત્મામાં જે સુખ છે એ વાત જુદી છે, આ સુખ ખરેખર સુખ નથી એ અનુભવની યુક્તિથી સમજાય છે. અનુભવની યુક્તિ એટલે શું ? કે, 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ'. મીઠાઈ ભાવે છે. ભાવે છે એવી મીઠાઈમાં સુખ છે. ખાતા ખાતા તોબા પોકારી જાય. ખાતા ખાતા જો વધારે ખાય તો ત્રાસ થઈ જાય કે ન થઈ જાય ? કે, હવે Vomit થાશે. 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ'. એ સુખની કલ્પના હતી, સુખ ભ્રાંતિગતપણે હતું. તેથી પંચેન્દ્રિયના દરેક વિષય જીવ બદલી નાખે છે, બદલ્યા વિના ચાલે નહિ એવી પરિસ્થિતિ ઊભી થાય છે. એ એમ બતાવે છે કે ત્યાં સુખી નહોતું, એક સુખની ભ્રાંતિ થઈ હતી, સુખાભાસ હતો. એ અનુભવપૂર્વકની યુક્તિથી સમજાય છે. પણ ત્યાં ખરેખર સુખ નથી એવો અનુભવ નથી થયો. યુક્તિથી સમજાયું પણ જે વખતે એ પરિણામ વર્તે છે ત્યારે એમાં મીઠાશ હોય તો જીવ સુખનો અનુભવ કરે છે. ખરેખર વાસ્તવિકપણે તે વખતે જીવને આકુળતા થતી હોય છે પણ જીવની દૃષ્ટિ મલિન હોવાથી અને નિશ્ચય વિપરીત હોવાથી, સુખની કલ્પના કરેલી હોવાથી એક Misconcept છે. એ વખતે દુઃખ લાગતું નથી. સુખ લાગે છે પણ દુઃખ લાગતું નથી. એ સુખ લાગે છે એ ભૂલ દુઃખ લાગે તો મટે. કેમકે વાસ્તવિક દુઃખ છે. વાસ્તવિક દુઃખ હોવા છતાં સુખ લાગે છે આ પરિસ્થિતિ જ્યાં સુધી બદલાય નહિ ત્યાં

સુધી જીવની યોગ્યતા રોકાયેલી હોય છે.

**પ્રશ્ન :–** **અનુભવની યુક્તિ અને અનુભવમાં શું ફરક ?**

**સમાધાન :–** એનો અનુભવ પહેલા સુખરૂપ લાગ્યો. મીઠાઈનું એક બટકું ખાધું, શરૂઆત કરી ત્યારે બહુ સારુ લાગ્યું. થોડું વધારે ખાવા લલચાયો, ખાધું. પછી ? પરિણામની અંદર ઓટ આવી ગઈ. જે ખાવાનો ઉત્સાહ હતો એ ઠંડો પડવા મંડ્યો. એક પરિસ્થિતિ આવી કે હવે નહિ ચાલે, હવે બિલકુલ નહિ ચાલે, થોડું પણ નહિ ચાલે. એ અનુભવ થયો કે ન થયો ? પણ એને યુક્તિ એટલા માટે કહી કે, એ પરિણામ ચાલતા હતા ત્યારે કેમ દુઃખ ન લાગ્યું ? પાછળથી દુઃખ લાગ્યું. માટે યુક્તિથી એ સમજ્યો છે, અનુભવથી નથી સમજ્યો. પણ યુક્તિ અનુભવ પ્રધાન છે. ખાતા ખાતા સુખના પરિણામ દુઃખમાં પલટાઈ ગયા એવો અનુભવ થયો કે ન થયો ? પણ પાછળથી કેમ પલટાણા ? એ જ વખતે દુઃખ લાગવાનું ચોખ્ખું જ્ઞાન કેમ નહોતું ? જ્ઞાન તો ચોખ્ખું હોવું જોઈએ. દુઃખને દુઃખ જ અનુભવે, સુખને સુખ જ અનુભવે. દુઃખને સુખ અનુભવે ત્યાં સુધી એ સુખ પ્રત્યેના પરિણામ છૂટી શકે નહિ. કેમકે અહીંયાં નિશ્ચય ઊલટો છે, અભિપ્રાય ઊલટો છે.

યુક્તિના આધારે નક્કી કર્યું કે આમાં સુખ નથી અને સુખ આત્મામાં છે એ જોયું નથી. ભલે શાસ્ત્રથી, જ્ઞાની ગુરુથી, ન્યાયથી, યુક્તિથી, અનુમાનથી, વિચારણાથી સુખ આત્મામાં છે એમ ભલે સ્વીકાર આવ્યો હોય તોપણ જ્યાં સુધી એને પોતાને પોતામાં સુખ દેખાય નહિ, સુખનો Sample દેખાય નહિ ત્યાં સુધી એને સુખના સમુદ્રનો સ્વીકાર નહિ આવે. જેમ માણસ ખોટી રીતે છેતરાય નહિ એમ આ જીવ પણ ઇ બાબતમાં ખોટી રીતે છેતરાતો નથી. એને ગમે એટલો સમજાવે, હા પણ પાડે કે બરાબર સુખ આત્મામાં છે. તમારી વાત ન્યાયયુક્ત છે, ન્યાયસંપન્ન છે. આ યુક્તિથી અનુભવમાં પણ સમજાય છે પણ અંદરનું

સુખ દેખાય નહિ ત્યાં સુધી ખરેખર એ માનવા તૈયાર નથી. ત્યાં સુધી એનો ઊલટો નિશ્ચય – વિપરીત અભિપ્રાય કદી બદલાતો નથી. આવું બને છે એટલે જીવને એ સુખની ઇચ્છા રહ્યા કરે છે અને ત્યાં જીવની યોગ્યતા રોકાઈ જાય છે.

પ્રશ્ન :– તો એના માટે પાયાથી શરૂઆત કેવી રીતે કરવાની ?

સમાધાન :– જે આગળનો ક્રમ છે એ ક્રમ બરાબર સાચવવાનો છે. આ પત્રમાં 'કૃપાળુદેવે' જે ક્રમ આપ્યો છે એ ક્રમ તો બરાબર ત્યાં સુધી એણે આવવું જ જોઈએ. મોક્ષાર્થી થઈને પૂર્ણ શુદ્ધિના લક્ષે પોતાના પરિણામને નિષ્પક્ષપણે અવલોકવા સુધી તો આવવું જ રહે છે. એમાં કોઈ ફેરફાર નથી. ત્યારપછી હવે આ જે ભૂલ ઊભી થાય છે અથવા રહી જાય છે એને મટાડવા માટે જો એ પોતે બુદ્ધિપૂર્વક એમ સમજ્યો છે કે સુખ આત્મામાં છે તો એ આત્મ સ્વરૂપ કેવું છે એની કોઈ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થવી ઘટે છે. (આ વાત) કેમ લીધી અહીંયાં ?

અરિહંત પરમાત્માની દશાથી માંડીને, તેરમા ગુણસ્થાનથી માંડીને સાદિ અનંત કાળ પર્યંત તે આત્માઓ પરમાનંદમાં બિરાજમાન રહે છે. એક સમય માટે પણ અને પરિણામના એક અંશમાં પણ ત્યાંથી ખસીને એ બીજા વિષયમાં આવતા નથી. નહિતર બીજા વિષયમાં આવવાનો વધારેમાં વધારે Scope કેવળજ્ઞાનમાં છે. જ્યારે જ્ઞાન અતિ શુદ્ધ થાય છે, સંપૂર્ણ શુદ્ધ થાય છે ત્યારે એ જ્ઞાન ભલે અંતર્મુખ રહ્યું હોય તોપણ એમાં લોકાલોક ત્રણકાળ સહિત પ્રતિભાસે છે. અને લોકમાં વિચિત્રતા કેટલી ? જગતની વિચિત્રતા કેટલી ? પાર વગરની છે. આખા જગતની બધી જ વિચિત્રતાઓ, અરે...! ત્રણે કાળની વિચિત્રતાઓ એકસાથે જણાય તોપણ એ જોવા માટે ઉપયોગ ફરે એટલી લાલચ ઉપયોગને થતી નથી અથવા તે આત્માને થતી નથી. એનું કારણ શું ?

અહીં તો રસ્તા ઉપર થોડા વાજા વાગે ને (તો) ધ્યાન ત્યાં જાય

કે છે શું આ ? શું નીકળ્યું અહીંથી ? અને જુઓ ! કોઈપણ Procession નીકળે છે ત્યારે માણસો જોવા ઉભા રહે છે કે નહિ ? ઘર રસ્તા ઉપર હોય તો બારીમાંથી જોશે અને એ જોયું હોય તોપણ જોવા રોકાશે. એમ નથી કે પહેલુંવહેલું જોવે છે. એવી સંસારી જીવની સામાન્ય માણસની કુતૂહલવૃત્તિ છે. એ કુતૂહલ સાધકદશામાં સર્વાંશે નાશ પામે છે અને કેવળજ્ઞાન દશામાં તો આખો લોક ત્રણકાળ સહિત જણાય તોપણ ઉપયોગ પલટતો નથી, જરા પણ ખસતો નથી. એનું કારણ શું ? એવું શું છે ? આત્મ સ્વરૂપમાં એવું શું છે કે જેને કારણે ઉપયોગ બહાર આવતો નથી અને અંદર ને અંદર રહે છે ? કે, અંદર અનંત સુખનો ભંડાર ભરેલો છે. એ સુખને છોડીને દુઃખમાં શું કરવા આવે ? શીતળ છાંયડો મળે તોપણ બળબળતા અંગારા જેવા તડકામાં કોઈ ઊભું રહેતું નથી, કીડી હોય તોપણ ચાલીને છાંયે ચાલી જાય. ઇ તો ત્રણ ઇન્દ્રિય જીવ છે. એને મન નથી, કહેવાનો મતલબ એ છે કે વિચાર કરવા માટે એને મન નથી તોપણ તડકામાં છે ઇ ચાલીને છાંયામાં આવી જશે. ત્રસ જીવ છે ને (એટલે) ત્યાંથી ત્રાસ પામે છે. એટલો સુખ-દુઃખનો સંસ્કાર, અનુભવનો સંસ્કાર તો ત્રણ ઇન્દ્રિય જીવમાં પણ છે. મન વગરનું પ્રાણી છે. તો પછી જેને કેવળજ્ઞાન સાથે અનંત પરમાનંદ પ્રગટ થયો હોય એ પોતાના પરમ આનંદને છોડીને ઉપયોગ બહાર જાય અને આકુળતા ઉત્પન્ન થાય એવી દશામાં કેમ આવે ? કે, આવવાનો પ્રશ્ન જ નથી.

સ્વરૂપની ઓળખાણ થવાની, અહીંયાં તો વાત ત્યાં લઈ જવી છે કે આવું પોતાનું અદ્‌ભુતથી અદ્‌ભુત આનંદમય સ્વરૂપ છે એ સ્વરૂપ કેવું છે ? કે સિદ્ધ પરમાત્મા ત્યાંથી અનંત કાળ પર્યંત ખસતા નથી. ત્યાં ને ત્યાં ઉપયોગ રહી જાય. પરિણમન સમયે સમયે પલટે છે, ઉત્પાદ-વ્યય પણ ચાલુ છે પણ ત્યાં ને ત્યાં, આનંદમાં ને આનંદમાં રહે છે. એ સ્વરૂપ કેવું છે કે જેથી આવું બને છે ? એવા પોતાના સ્વરૂપની

અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો વર્તમાન શાતાને એ ભૂલી જાય. એક નવી આકાંક્ષા, નવી આતુરતા ઉત્પન્ન થાય કે મારું સ્વરૂપ કેવું કે જે સ્વરૂપના આશ્રયે પહેલે જ ધડાકે સમ્યગ્દર્શન પ્રગટ થઈને છેવટે કેવળજ્ઞાન અને પરમાનંદની દશા પ્રગટ થયા વિના રહે નહિ, એ સ્વરૂપ કેવું ? એ સ્વરૂપની અંતર ખોજમાં, અંતર શોધમાં એ મુમુક્ષુ આત્મા ખોવાય જાય. શું પરિસ્થિતિ આવે ? સાવ ખોવાય જાય. એને વર્તમાન દશામાં કેટલો વિકાસ થયો છે એ જોવાની ફૂરસદ ન મળે. અને નહિતર ઇ જ જોયા કરે કે મને આમ થાય છે ને મને આમ થાય છે, મને આમ થાય છે ને મને આમ થાય છે. પહેલા આમ નહોતું હવે આમ થવા મંડ્યું. એનું કાંઈ કામ નથી. એ વાતનું તારે કાંઈ કામ નથી, હજી કામ ઘણું બાકી છે.

પ્રશ્ન :– ...

સમાધાન :– હા, થાય, થાય. આવશે એ. Agenda ઉપર આવશે એટલે વિસ્તારથી લઈશું. આપણે અહીંયાં સાતેસાત આ જ ચાલવાનું છે, બીજું ચાલી શકે એવું નથી. આમાંથી નીકળવું જ મુશ્કેલ છે, એવો પત્ર છે.

જ્યાં સુધી વર્તમાન અલ્પ વિકસિત અવસ્થા ઉપર પણ દૃષ્ટિ રહે છે ત્યાં સુધી એ વખતે એને પોતાના સ્વરૂપની શોધ કરવી છે એ વાત ચૂકાય જાય છે. કે જે શોધને અંતે એ સ્વરૂપની મુખ્યતા થાય. જો આત્મામાં અનંત પરમાનંદ છે એવું ભાસે અને એના Sample પૂર્વક ભાસે, પ્રત્યક્ષ છે એવું ભાસે અને પ્રત્યક્ષ અંશે ભાસે, ભાસવાનો અંશ પણ જ્ઞાનનો પ્રત્યક્ષ, ત્યારે એને પ્રતીત થાય છે, અનુભવાંશે પ્રતીત થાય છે. ૭૫૧ (પત્રમાં) શું શબ્દ વાપર્યો ? 'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીત તેને બીજું સમકિત કહે છે.' એને ખાત્રીબંધ લાગે છે કે મારા આત્મામાં અનંત અનંત અનંત સુખ ભરેલું છે. જેની હદ નથી એટલું

સુખ ભરેલું છે. એવો નિશ્ચય થવા માટે, એવી ઓળખાણ થવા માટે એની જે શોધ ચાલવી, અંદરમાં ને અંદરમાં શોધ ચાલવી, એની પ્રવૃત્તિમાં જીવ એટલો બધો પડી જાય, એટલો બધો ગૂંથાય જાય કે વર્તમાનમાં જે વિકાસ થયો છે એને જોવાની એને ફૂરસદ પણ રહે નહિ. પણ એ પરિસ્થિતિમાં ન આવે તો વર્તમાન અવસ્થાને જોયા કરે ને રોકાય કરે, જોયા કરે ને રોકાય જાય, સરવાળે પાછા જવાનો વારો આવે. સરવાળે એ પરિણામ આગળ વધવાને બદલે પાછળ જાય. આ પરિસ્થિતિ ઊભી થાય. વિષય ચાલુ હતો.

બીજો દોષ લીધો છે, પરમ દૈન્યતાની ઓછાઈ અથવા પરમ વિનયની ઓછાઈ. કહે છે, 'સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે;...' ત્યાં એક ફૂટનોટ પણ મૂકી છે કે, સત્પુરુષની 'તથારૂપ ઓળખાણ થયે...' એટલે ખરેખરી ઓળખાણ થયે 'સદ્‌ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે. તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે એ પરમ વિનય જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.' અને એવી જે પરમેશ્વરબુદ્ધિ, એવી જે બુદ્ધિ તે 'પરમ દૈન્યત્વ સૂચવે છે;...' અથવા પરમ વિનયને સૂચવે છે. આ વાત ઉત્પન્ન થવી કઠણ છે અને ઉત્પન્ન થાય તો એનો નિવેડો આવી જાય. કેમકે સત્પુરુષ છે એ પણ બીજા સંસારી જીવો જેવી રીતે બાહ્ય જીવનમાં જીવે છે એવા જ પ્રકારે એ બાહ્ય જીવનમાં જીવે છે.

સંસારી જીવોના બાહ્ય જીવનમાં અનેક પ્રકાર છે એમાં કોઈ ને કોઈ પ્રકાર, એવો સામાન્ય પ્રકાર જ હોય છે. આત્મજ્ઞાન થાય એટલે બીજો કોઈ બહારમાં ફેરફાર થઈ જાય છે એવું તો બનતું નથી. જેમ બધા જ માણસોને અજ્ઞાનભાવે બાંધેલા કર્મનો ઉદય હોય છે એમ જ્ઞાનીને પણ જ્ઞાનદશામાં તો અજ્ઞાનભાવે બાંધેલા કર્મનો જ ઉદય હોય છે. જ્ઞાન તો કોઈ એક ક્ષણે ઉત્પન્ન થયું છે અને કર્મ તો મોટાભાગના પૂર્વ

ભવમાં બંધાયેલા છે, આગળના ભવમાં બંધાયેલા છે અને એ પહેલાની દશામાં બંધાયેલા છે, જે અજ્ઞાન દશા છે. એટલે એનો ઉદય એવો જ આવે. જેવો બીજાને આવે એવો જ એને ઉદય આવે અને એ ઉદયમાં ઉદયને અનુસરતી એવી જ એની બાહ્ય પ્રવૃત્તિ હોય. અંતર પરિણમનમાં અલબત્ત બહુ મોટો ફરક હોય છે તોપણ બાહ્ય પ્રવૃત્તિ એવી જ હોય છે.

એવા સામાન્ય સંસારી દેખાતા જીવમાં પરમેશ્વરબુદ્ધિ સ્થાપવી એ મન જલ્દી કબુલ કરે એવી વાત નથી અને તેથી અનંત કાળે પણ સત્પુરુષની ઓળખાણ નથી થઈ. કેમકે આવી એક વિટંબણાવાળી આ પરિસ્થિતિ છે, સહેલી વાત નથી. પણ પરમેશ્વરબુદ્ધિ આવ્યે જ છૂટકો છે અને એ સિવાય યોગ્યતા રોકાઈ જાય છે. આગળ પોતાને જ સ્વરૂપની ઓળખાણ થવાની યોગ્યતા થતી નથી. કેમ ? કે, સ્વરૂપ નિશ્ચય, સ્વરૂપની ઓળખાણ એ બીજું સમકિત છે પણ એ પહેલું સમકિત થયા પછી થાય છે અને પહેલું સમકિત તો સત્પુરુષની ઓળખાણ છે. એટલે એની સ્વચ્છંદ નિરોધ ભક્તિ, આજ્ઞા રુચિરૂપ એ પ્રકારના જે ત્રણ વિશેષણો વાપર્યા છે, ૭૫૧ (પત્રમાં) એ પરિણામોનું વર્ણન કર્યું છે.

સત્પુરુષના વચનની પ્રતીતિરૂપ. એમના વચનમાં આત્મકલ્યાણ, મારું આત્મકલ્યાણ અવશ્ય છે એવી ખાત્રી, એવી પ્રતીતિ. પ્રતીતિરૂપનો અર્થ શું ? કે, આ સત્પુરુષ છે. મારે માટે એ પરમાત્મા છે, પરમેશ્વર છે અને એમના વચનો મારા આત્મકલ્યાણ માટે અવશ્ય કામમાં આવે એવા છે, એવો વિશ્વાસ–એવી ખાત્રી ઉત્પન્ન થઈ જાય છે. એને વચનની પ્રતીતિ કહે છે.

એવી કોઈ અપૂર્વ રુચિ પ્રગટે. રુચિ ક્યારે પ્રગટે ? જરૂરિયાત સમજાય ત્યારે. જરૂરિયાત વિના રુચિ નથી. પોતાને પોતાનું આત્મકલ્યાણ થવાની એટલી જરૂરિયાત લાગે છે કે એમની આજ્ઞામાં જ રહેવું અને

આજ્ઞા બહાર જરાપણ જવું નહિ. અને સ્વચ્છંદ નિરોધપણે ભક્તિ. આપ્તપુરુષની ભક્તિ સ્વચ્છંદ નિરોધપણે એટલે શું ? એમનું સ્વરૂપ ઓળખીને જે બહુમાન આવે ત્યારે એને ત્રણે કાળના જ્ઞાનીપુરુષોનું સ્વરૂપ પણ સમજાય જાય. વર્તમાન જ્ઞાનીપુરુષની ઓળખાણ થયે ત્રણે કાળના જ્ઞાનીપુરુષની એને ઓળખાણ થઈ જાય. એક હીરાને ઓળખે એ જગતમાં જેટલા હીરા હોય એ બધાને ઓળખે અને કાચને પણ ઓળખે. એટલે સદ્‌ગુરુ અને અસદ્‌ગુરુની ઓળખાણ એને થઈ જાય અને તેથી સ્વચ્છંદે કરીને અસદ્‌ગુરુને સેવે નહિ અને સ્વચ્છંદે કરીને કોઈપણ જ્ઞાની પ્રત્યે અવિનય થાય એવા પ્રકારના પરિણામમાં આવે નહિ. નહિતર અમે તો આને માનનારા અને બીજાને નહિ માનનારા, એ વાત આવ્યા વિના રહેશે નહિ. ત્યાં જીવનો સ્વચ્છંદ છે. અહીં તો હજી ઘણું કહેશે. બીજા જ્ઞાનીઓ ક્યાં જગતના સર્વ પ્રાણી પ્રત્યે દાસત્વ આવશે, એમ કહેશે. પ્રકરણ તો બહુ સારું છે.

'સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે;...' પરમ ધર્મ. ધર્મ ન કહ્યો. મુમુક્ષુની ભૂમિકાનો એ પરમ ધર્મ છે, એમ કહ્યું છે. એટલી બધી મુખ્યતા એ વાતને આપી છે. કેમ ? કેમકે, એ સ્થિતિમાં જ્યારે કોઈપણ જીવ આવે છે ત્યારે એ જીવનો દર્શનમોહ અત્યંત ગળી જાય છે, અત્યંત ગળી જાય છે. એટલે એને પહેલું સમકિત કીધું છે. અને બીજું સમકિત પામવાને યોગ્ય થાય છે. એ કેવી રીતે ? કે, સત્પુરુષના પરિણમનથી એ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે, પરિણમન જોઈને એ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. ઓળખાણ ક્યાંથી થઈ છે ? બહારમાં તો ઓળખાણ થવાની કોઈ પરિસ્થિતિ જ નથી. બાહ્ય પરિસ્થિતિ તો ઓળખાણ થાય એવી બિલકુલ નથી. પણ પરિચયને કારણે જેને અંતર પરિણતિ (જોઈ), અંતર પરિણતિની ઓળખાણ થઈ, અંતર પરિણતિના દર્શન થયા, ઓળખાણ થઈ ત્યારે દર્શન થયા અને ઓળખાણ થઈ,

ત્યારે એ જીવને પરમેશ્વરબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી.

એની પાછળ બહુ મજબૂત Logic છે અથવા બહુ ઠોસ ન્યાય રહેલો છે. કેવી રીતે ? કે, સત્પુરુષની જે અંતર પરિણતિ છે એ એના નિજ પરમાત્મા સાથે જોડાયેલી છે અને એ પરિણતિ સ્વરૂપાકારે થયેલી છે. પરિણામનો એ સ્વભાવ છે કે જે પદાર્થને તે અવલંબે (તેના) તદાકારે પરિણામ થાય. એ બધાને સામાન્ય અનુભવ છે કે, કાળીજીરી ફાંકડો મારે ત્યારે આખેઆખો જાણે હું કડવો થઈ ગયો અને મીઠી ચીજ ખાય ત્યારે આખેઆખો હું ગળ્યો થઈ ગયો. જેને અવલંબે, તદાકાર પરિણામ થઈ જાય. તો અહીં તો નિજ સ્વરૂપ છે. જ્ઞાનીપુરુષને અંતરમાં પોતાના નિજ પરમાત્મપદનું અવલંબન આવે છે ત્યારે એ પરિણામ પણ તદાકાર – સ્વરૂપાકાર, પરમાત્મ સ્વરૂપના આકારે સદ્દશ ઉત્પન્ન થઈ જાય છે. અને તેથી તેમની પરિણતિમાં બિરાજમાન એટલે કે તેમના પરિણતિરૂપ હૃદયમાં બિરાજમાન, આ (જડ) Pumping station નહિ, ત્યાં પરિણતિને હૃદય કહ્યું છે, એ હૃદયમાં બિરાજમાન પરમાત્માના દર્શન થાય છે અને ત્યારે એ સત્પુરુષરૂપે નહિ, મનુષ્યરૂપે તો નહિ પણ સત્પુરુષરૂપે નહિ, પરમેશ્વરરૂપે એને દર્શન થાય છે. એટલે પરમેશ્વરબુદ્ધિ ઉત્પન્ન થાય છે. એ કોઈ કલ્પના નથી. મુમુક્ષુજીવને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થાય છે એ કોઈ કલ્પિત વાત નથી, કોઈ અતિશયોક્તિથી કરેલી વાત નથી, કોઈ Exagaration નથી. એ એક હકીકત બને છે એનો અહીંયાં ઉલ્લેખ છે. એક ન્યાય તો, આ બહુ ઠોસ ન્યાય છે.

બીજો એક ન્યાય એમાં એવો છે કે, આ જીવને સંસારસમુદ્રની મધ્યમાં પોતે ડૂબી રહ્યો છે એવું જે દિવસે ભાન થાય તે દિવસે એ તરવા માટે ફાંફાં મારશે. અત્યારે સમુદ્ર ઉપર Plane crash થયું હોય અને સમુદ્રની મધ્યમાં પડી જાય તો શું કરે ? છત્રીથી નીચે તો ઉતરે પણ નીચે પાણી આવ્યું. Life jacketથી નીચે ઉતરી ગયો, ચાલો, પણ

નીચે તો પાણી છે એકલું, પાણી.. પાણી.. પાણી.. જળબંબાકાર ચારે બાજુ પાણી દેખાય છે. કેટલુંક તરે ? તરતા આવડતું હોય તો કેટલુંક તરે ? અડધી કલાક, કલાક, બે કલાક, ચાર કલાક, છ કલાકે તો ખલાસ ! થાકી જાય, ડૂબી જાય. ત્યારે એ કાંઈ પણ સાધન પકડવા માગે છે કે જેથી એને પરિશ્રમ કર્યા વિના તરી શકાય. હવે એમાં કોઈ લાકડું તરતું તરતું આવ્યું તો પકડે કે ન પકડે ? એ વખતે એવા ટાયલા કરે કે સ્ટીમર મળે તો બેસી જાઉં, નહિતર નથી બેસવું. લાકડું નથી પકડવું, સ્ટીમરમાં બેસીને કાંઠે જાવું છે. એવું કરે ? હોડી મળે, વહાણ કો'ક મોકલે તો મારે બેસવું છે નહિતર આવી રીતે લાકડું પકડીને મારે કાંઈ કાંઠે નથી જાવું, એમ વિચાર આવે ? તણખલાને બાજે, લાકડાને નહિ. ડૂબતો તણખલાને પકડે, આ આપણે ત્યાં કહેવત છે.

એમ વર્તમાન કાળમાં સર્વજ્ઞ પરમાત્મા જિનેન્દ્રદેવરૂપી સ્ટીમર તો તરવા માટે મળે એવી પરિસ્થિતિ રહી નથી. એનો તો ૨૫૦૦ વર્ષ ચાલ્યા ગયા. કોઈ કેવળી સર્વજ્ઞ પરમાત્માનો જમાનો ૨૫૦૦ વર્ષ પહેલા ખલાસ થયો. એટલે એ સ્ટીમર તો તરવા માટે મળવાની નથી. પછી રહ્યા નિર્ગ્રંથ જ્ઞાની ગુરુ, ભાવલિંગી સંત આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ જેને પંચ પરમેષ્ઠીમાં કહીએ છીએ, એ પણ છેલ્લા ૬૦૦-૭૦૦ વર્ષમાં દેખાતા નથી. અંતર-બાહ્ય નિર્ગ્રંથ હોય કે જેમની પવિત્ર દશા જોવામાત્રથી સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરે એ સ્થિતિ નથી રહી. હવે એક સત્પુરુષ બચ્યા. એ જમાનો છે કે કોઈ જ્ઞાનીપુરુષ હજી થાય છે. ક્યારેક ક્યારેક કોઈ કોઈ જ્ઞાનીપુરુષનો અવતાર થાય છે અને ત્યારે બીજા એના સંપર્કમાં આવેલા અનેક જીવોને તરવાનું એ કારણ બને છે. જે જીવ એની વાણીથી અને એના સત્સમાગમથી તરે છે એ જીવને પોતે સમુદ્રની મધ્યમાં ડૂબતો હતો એનું ભાન હોય છે. જેટલી ઝડપથી એ સ્ટીમરથી પકડે એટલે જેટલી પરિણામની ગતિથી એ પરમેશ્વરને પકડે એવી જ ગતિથી એ

સત્પુરુષને પકડશે અને ત્યારે એને એમ લાગે છે કે આ જીવને ભૂતકાળમાં અનંત તીર્થંકરો મળ્યા, અનંત તીર્થંકરોના સમવસરણમાં જઈ આવ્યો પણ કલ્યામ ન સાધ્યું હવે જો આ સત્પુરુષના યોગે કલ્યાણ સધાય તો અનંત તીર્થંકરથી પણ અધિક એવો યોગ પ્રાપ્ત થયો છે એવું એને ભાસ્યા વિના રહે નહિ. એમ કહેવામાં તીર્થંકરદેવનું અપમાન નથી પમ એક વાસ્તવિકતા છે.

જગતમાં પણ દરિદ્રી માણસને કોઈ ખરે વખતે મદદ કરે ત્યારે દુનિયાના અબજોપતિ કરતા પણ એ લખપતિ માણસ એને અબજોપતિ દેખાય છે કે મારા માટે તો એ અબજોપતિ કરતાં પણ વધારે છે. કેમકે એની મદદથી અત્યારે હું કરોડપતિ કે અરબપતિ થઈ ગયો છું. એ પરિસ્થિતિમાં વાસ્તવિકતા રહેલી છે તેથી સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે. આવી એક પરિસ્થિતિ આવે છે અને એ પોતાના અનુભવથી આવે છે. પોતાને એમ ભાસે છે અને આવે છે. એમ ને એમ અધ્ધરથી એ વાત નથી. અને એ પરિસ્થિતિ યોગ્યતાને સૂચવનારી છે. કેમકે એ વખતે દર્શનમોહ અત્યંત અત્યંત ઘટી જાય છે અને જીવ આત્મ સ્વરૂપને ઓળખવાને પાત્ર થાય છે.

ત્રીજો એક ન્યાય એવો છે એ વિષયમાં કે, આત્મ સ્વરૂપની ઓળખાણમાં નિજ સ્વભાવની ઓળખાણ છે અને નિજ સ્વભાવ શક્તિરૂપે રહેલો છે. જ્યારે સત્પુરુષમાં સ્વભાવ પ્રગટરૂપે વ્યક્તિરૂપે જોવામાં આવે છે. એમની જે પરિણતિ છે એમાં સ્વભાવ પ્રગટ થયો છે. એટલે સ્વભાવની ઓળખાણ ત્યાં થઈ. સત્પુરુષની ઓળખાણ થઈ ત્યાં સ્વભાવની ઓળખાણ થઈ. એટલે સ્વભાવની ઓળખાણ થવાની ક્ષમતા જેને પ્રાપ્ત થઈ તેને આત્મ સ્વરૂપની ઓળખાણ સહજમાત્રમાં થાય એવી યોગ્યતા કેમ પ્રાપ્ત ન હોય ? કે, એને એ યોગ્યતાની પ્રાપ્તિ થાય છે. એટલે એ બીજા સમકિતમાં આવે છે અને આગળ વધીને ત્રીજા સમકિતને

પણ એ પ્રાપ્ત કરે છે.

આમ સીધી Line, સમ્યગ્દર્શનની સીધી Line સત્પુરુષના પરિચયથી ઓળખાણ થવામાં જોડાય જાય છે. ત્યાં સુધી સમ્યગ્દર્શનની Line જોડાતી નથી અને જીવ વાંચન, વિચાર, ભક્તિ ગમે તે કર્યા કરે છે અને એ જ એની Repeated પ્રવૃત્તિમાં આયુષ્ય પૂરુ કરી લ્યે છે પણ મૂળ Line એને હાથમાં આવતી નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– સમયનો આંતરો પડે છે. એક સમયે નથી થતી. એમાં કોઈ વિશેષ યોગ્યતાની જરૂર પડે છે. સ્વરૂપની ઓળખાણ થવામાં વિશેષ યોગ્યતાની જરૂર પડે છે. એટલે ત્યારપછી એની મુમુક્ષુતા વર્ધમાન થાય છે. જ્યારે જ્ઞાનીપુરુષમાં પરમેશ્વરબુદ્ધિ આવે છે ત્યારે તેમના પ્રત્યેના ભક્તિના પરિણામ અતિશયપણે થયા કરે છે. અતિશય ભક્તિના પરિણામ થાય છે, બેહદ ભક્તિના પરિણામ થયા. કેમકે પરમેશ્વરૂપણું એટલે બેહદ ભક્તિ આવે. એ ભક્તિના પરિણામોથી દર્શનમોહ તૂટતો જાય, તૂટતો જાય, તૂટતો જાય. જેમ જેમ દર્શનમોહ તૂટતો જાય તેમ તેમ જ્ઞાનમાં નિર્મળતા આવતી જાય અને જ્ઞાનમાં પર્યાપ્ત માત્રામાં નિર્મળતા આવે ત્યારે જે પોતાનું નિર્મળ સ્વરૂપ છે કે જે મલિન જ્ઞાનમાં પ્રતિભાસતું નહોતું એ નિર્મળ જ્ઞાનમાં પ્રતિભાસે છે.

નિર્મળ સ્વરૂપ નિર્મળ જ્ઞાનમાં પ્રતિભાસે. નિર્મળ સ્વરૂપ મલિન જ્ઞાનમાં, મતિ મલિન હોય ત્યાં સુધી પ્રતિભાસે નહિ. આવો નિયમ છે. એટલે આગળ ઉપર એ કાર્ય થવાનું. પણ અહીંયાં બીજ રોપાય ગયું. સમ્યગ્દર્શનનું બીજ અહીંયાં રોપાય ગયું. એટલે આ આર્ટીકલ સમકિતના બીજરૂપે લીધો છે. સમકિતનું બીજ શું ?

અહીંયાં એક થોડી વિશેષ વાત પણ 'કૃપાળુદેવે' કરી છે કે,

'સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, તેને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે;...' અથવા પરમ વિનયને સૂચવે છે. એને પૂરેપૂરો વિનય આવે. જેટલો ભગવાન પ્રત્યે વિનય આવે એટલો જ જ્ઞાની પ્રત્યે વિનય આવે અને તેથી જ્ઞાનીને ભગવાન કહેવાની આપણે ત્યાં પ્રણાલિકા પણ ચાલે છે. આપણે 'કૃપાળુદેવ'ને ભગવાન કહીએ છીએ કે નથી કહેતા ? વાત તો ખુલ્લી છે કે ૩૩ વર્ષ અને સાડા પાંચ મહિના પછી એમનું આયુષ્ય પૂરું થયું. અલ્પ આયુષ્યમાં મનુષ્યભવ પૂરો થયો અને એ દરમ્યાન એમનું બાહ્ય જીવન ગૃહસ્થીનું હતું. વ્યાપાર અને કુટુંબ-પરિવારની વચ્ચે રહેલા હતા. એમ છતાં પણ આપણે એમને ભગવાન કેમ કહીએ છીએ ? કેમ ? કે જેમ ભગવાનના નિમિત્તે તરાય છે તેમ તેમના નિમિત્તે તરી શકાય છે. માટે એ ભગવાન તુલ્ય છે, ભગવાનતુલ્યને ભગવાન કહેવું એમાં કોઈ મોટી વાત નથી. આતો સીધીસાદી વાત છે.

'એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી...' જે કારણથી. હવે અહીંયાં એક બહુ વિશિષ્ટ વાત કરી છે. 'સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે...' સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે. આ એક પરિણામની અંદર નવું લક્ષણ ઉત્પન્ન થાય છે. કેમકે જેવો સત્પુરુષનો આત્મા પરિપૂર્ણ પરમાત્મપદે બિરાજમાન છે એવા જ બધા આત્માઓ છે. જ્યારે સર્વ પ્રાણી પ્રત્યે દાસત્વ મનાય ત્યારે આવી પરમ યોગ્યતાની પ્રાપ્તિ હોય તોપણ એ જીવને અહમ્ ભાવ, અહંકારની ઉત્પત્તિ ન થાય અને નહિતર થયા વિના રહે નહિ. આ એક વિશિષ્ટતા કહો કે એક અલૌકિક સુંદરતા કહો કે અવસ્થામાં જ્ઞાનીપુરુષની ઓળખાણ થવી એ એક અપૂર્વ ઘટના છે. કેવી ઘટના છે ? અપૂર્વ ઘટના છે. કદી કોઈને થઈ નથી. અને એ સ્થિતિ આવે ત્યારે એની યોગ્યતા વિશેષ હોય છે, નિર્મળતા હોય છે. ત્યારે ઉપરના Stageમાંથી પસાર થયેલો જીવ છે, અલ્પ સુખની

પણ સુખેચ્છા નથી પછી ઓળખાણ થાય છે તેમ છતાં બીજા જીવો પ્રત્યે એની વિનમ્રતા એટલી ને એટલી જળવાય રહે છે. આમાંથી એવી એક પરિસ્થિતિ ઊભી થાય છે અને એવી પરિસ્થિતિ ઊભી ન થાય તો Superiarity of complexમાં આવ્યા વિના રહે નહિ. કેમકે આટલો તો આગળ વધ્યો છે અને પર્યાયબુદ્ધિ મટીને દ્રવ્યદૃષ્ટિ હજી થઈ નથી. પણ એક સત્પુરુષની ઓળખાણ એ એક નવો ગુણ ઉત્પન્ન કરે છે અને એ ગુણને લઈને એને સર્વ પ્રાણી પ્રત્યે, સર્વ પ્રાણીને વિષે પોતાનું દાસત્વ મનાય છે. એટલી વિનમ્રતા સાથોસાથ ઉત્પન્ન થાય છે. આ ઓળખાણનો લાભ શું ? કે, અભિમાન ચાલ્યું ગયું. ક્યાંય અભિમાન થવાનો પ્રશ્ન ન રહ્યો. એટલી વિનમ્રતા આવે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– થવું જ જોઈએ. જો ઓળખાણ થાય તો ઓળખાણનું આ ચિહ્ન ઉત્પન્ન થવું જ જોઈએ. પછી અટકવાનું કારણ નથી. ખરી ઓળખાણ થાય ત્યારે આમ થાય, આમ થયા વિના રહે નહિ. એટલે એમણે સાથે જોડ્યું છે. 'જેથી' કરીને કારણ લીધું છે. જેને લીધે. 'જેથી'નો અર્થ શું થાય ? જેને લીધે. પરમ વિનય. પરમ વિનય એટલે પરમ નમ્રતા આવે. સત્પુરુષ પ્રત્યે જ પરમ વિનયતા આવી અને બીજાની સાથે ગમે તેમ વર્તે છે એમ છે ? જ્યારે પરમ વિનય આવે છે ત્યારે સર્વ પ્રાણીમાં પોતાનું દાસત્વ એને મનાય છે.

'અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે.' ત્યાં પરમ યોગ્યતાની પ્રાપ્તિ થાય. કોઈ જીવ જ્ઞાનીપુરુષની વિશેષ ભક્તિ કરે છે, અતિ ભક્તિ કરે છે ત્યારે એવા ભક્તિમાનને બીજા મુમુક્ષુઓ પણ વિશેષ સ્થાનમાં આદરમાં મૂકી દયે છે. એનો આદર અને એનું સ્થાન થોડું બીજા મુમુક્ષુઓની અંદર આગળ પડતું સ્વભાવિકપણે મનાય છે અથવા થાય છે. એ જાતનો પુણ્યયોગ પણ સાથે હોય. એવી સ્થિતિમાં એ સ્થિતિને

કેવી રીતે પચાવી શકાય ? ઓળખાણ હોય તો એમ ન થાય એમ કહે છે. આ ઓળખાણનો લાભ છે. નહિતર જ્ઞાનીપુરુષના સમીપવાસી અંતેવાસી તરીકેનો અહમ્‌ભાવ એ રોકવો બહુ મુશ્કેલ છે અને એ સ્થિતિને પચાવવી તો બહુ મુશ્કેલ છે.

અહીંયાં કહે છે કે જો ખરેખરી ઓળખાણ થઈ હોય તો સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય અને એવી પરિસ્થિતિ એ પરમ યોગ્યતાની પ્રાપ્તિરૂપ છે. એ વખતે એને પરમ યોગ્યતા આવી છે. સારામાં સારી યોગ્યતા આવી છે. એ જીવ આગળ વધીને સ્વરૂપની ઓળખાણ કરીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી જશે. એને અવરોધ નહિ રહે.

એવું પરમ દૈન્યત્વ એટલે એવો પરમ વિનય 'જ્યાં સુધી આવરિત રહ્યું છે...' એટલે જ્યાં સુધી પ્રગટ નથી થયું. પ્રગટ થવાની યોગ્યતા હોવા છતાં પ્રગટ થયું નથી. 'ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.' ત્યાં સુધી મુમુક્ષુની ભૂમિકામાં પણ આ પ્રકારનો પ્રતિબંધ વર્તે છે એમ જાણવા યોગ્ય છે. ૧૨૮ પત્રમાં 'કૃપાળુદેવે' મુમુક્ષુને અવરોધરૂપ કારણોમાં ચાર પ્રકારના પ્રતિબંધ લીધા છે. સમાજ પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, દેહ પ્રતિબંધ – શરીર પ્રતિબંધ અને સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ. સમાજની શરમથી જ્ઞાનીપુરુષના સમાગમમાં જતા રોકાય અથવા અપમાન ભયથી, અપકીર્તિ ભયથી રોકાય એનું આત્મ કલ્યાણ કદી ન થાય. કુટુંબ પ્રતિબંધમાં કુટુંબને પહેલા રાજી રાખ્યા પછી આત્મ કલ્યાણ કરવું એનું પણ આત્મ કલ્યાણ કદી ન થાય. તો કુટુંબને નારાજ કરીને આત્મ કલ્યાણ કરવું ? એ પ્રશ્ન અહીંયાં નથી. સમજદાર હોય એને સમજાવવા જોઈએ કે આ એક બહુ મોટું કામ છે. મારો આત્મા સિદ્ધપદ લેવા નીકળ્યો છે. નાનુસૂનું કામ લેવા માટેની આ વાત નથી. જેમ મોટા કામનું મહત્ત્વ જગતમાં મોટુ છે એમ આ કામનું મહત્ત્વ પણ એ કામ સમજાય તો એનું મહત્ત્વ મોટું છે એમ સમજાયા વિના રહે નહિ. અને જ્યાં

મોટું કામ હોય ત્યાં Involvement પણ મોટું હોય એ પણ સમજી શકાય એવી વાત છે, તો એની પાછળ પૂરી શક્તિથી કોઈ લાગી જાય છે ત્યારે બીજે બધેથી એનું Involvement ઓછું થાય ત્યારે પહેલી અસર કુટુંબના સભ્યો ઉપર આવે છે. કેમ ? કે, કુટુંબના સભ્યોમાં રાગની લાગણી છે એનાથી કુટુંબનો માળો ચાલે છે. એમાં ફેર દેખાય એટલે રાગ ઉપર ઘા પડે ત્યારે રાગનો પ્રકાર પલટીને એ જ લાગણી દ્વેષમાં પરિણમે છે. રાગ પલટીને દ્વેષમાં આવે છે એટલે નારાજગી ઉત્પન્ન થાય છે. પ્રાયઃ આમ બને છે. કોઈને નથી પણ બનતું, પણ લગભગ એવું બનતું હોય છે. આત્મકલ્યાણ કરવા નીકળેલો જીવ પોતાના આત્મકલ્યાણની મુખ્યતા એટલી કરે છે કે એમાં એને આખું જગત ગૌણ કરવું પડે છે એમાં કુટુંબનો સમાવેશ પણ થઈ જાય છે. આખું જગત ગૌણ કરે છે એ તો. અને એ અવગણુ નથી પણ એક સદ્‌ગુણ છે, બહુ મોટો સદ્‌ગુણ છે.

પછી શરીર પ્રતિબંધ. શરીરની અનુકૂળતા-પ્રતિકૂળતા શાતા-અશાતાને ગૌણ કરીને આત્મકલ્યાણ સાધવા નીકળ્યો છે એને આત્મકલ્યાણ સધાશે. જ્યાં પોતાના જ શરીરને ગૌણ કરવું છે ત્યાં બીજા સમાજના કે કુટુંબના સભ્યોને ગૌણ કરવા પડે એ તો બહુ સ્વાભાવિક છે. મારી શાતા-અશાતા ને મારી અનુકૂળતા-પ્રતિકૂળતા પણ મારે જોવાની નથી. મારે એક આત્મકલ્યાણ સાધવું એટલું જ જોવાનું રહે છે. ત્યારપછીના સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ તો પોતાના જે Misconceptને કારણે જે સંકલ્પો થયા કરે છે, મિથ્યા આગ્રહને કારણે, પૂર્વગ્રહોને કારણે થયા કરે છે એને પણ તોડીને જીવ આત્મકલ્યાણ કરે છે.

એ ચારે પ્રતિબંધમાંથી નીકળ્યા પછી સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ ન આવે તો એ પાંચમો પ્રતિબંધ છે, એમ અહીંયાં કહેવું છે. 'પ્રતિબંધ' શબ્દ અહીંયાં વાપર્યો છે. 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે

ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.' 'પ્રતિબંધ' શબ્દ વાપર્યો છે. એ પાંચમો પ્રતિબંધ છે. એ પાંચમો પ્રતિબંધ તૂટે ત્યારે પરમ યોગ્યતાની પ્રાપ્તિ થઈ અને એ જીવ નિર્વાણપદને અધિકારી થાય છે. આ બિલકુલ Science છે, આ વિષયનું વિજ્ઞાન છે. જ્યાં સુધી એ પ્રકારના પરિણામો ન થાય ત્યાં સુધી જીવ કોઈ આત્મકલ્યાણની અપેક્ષા રાખે તો એ વ્યર્થ છે અને જીવને આ સિવાય પરિભ્રમણ મટવાની, પરિભ્રમણ તૂટવાની બીજી કોઈ રીત, બીજો કોઈ રસ્તો, બીજો કોઈ ઉપાય, બીજું કાંઈ છે નહિ. ત્રણ કાળમાં આ એક જ ઉપાય છે. સમય પૂરો થાય છે.

## પ્રવચન–૫

## તા. ૨૭-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

પત્રાંક–૨૫૪ ચાલે છે, પાનું–૨૮૯. પહેલો વિષય મુમુક્ષુતા શરૂ થાય અને એ મુમુક્ષુતા મોક્ષમાર્ગ પ્રાપ્તિની દિશામાં વર્ધમાન થાય એ આ પત્રનો વિષય છે. જે જીવો મોહાસક્તિથી મૂંઝાઈને એક મોક્ષને વિષે જ યત્ન કરે છે ત્યારે એને મુમુક્ષુતાની શરૂઆત થાય છે. ત્યારપછી પોતાના દોષ અપક્ષપાતપણે જોવા માટે પ્રવર્તે છે, જેને લીધે સ્વચ્છંદનો નાશ થાય છે અને દર્શનમોહ અને કષાયરસ પણ મંદ પડે છે અને સ્વરૂપની ઓળખાણ થાય એવું જે બીજજ્ઞાન છે, બોધીબીજ છે એની યોગ્યતા અહીં પ્રાપ્ત થાય છે. આ તબક્કે પ્રાપ્ત થાય છે. આ Stageમાં એટલી યોગ્યતા આવે છે. જેટલો સ્વચ્છંદ ઘટે છે, દબાય છે અને જેટલો દર્શનમોહ મંદ પડે છે.

ત્યારપછી પણ માર્ગપ્રાપ્તિને રોકનારા ત્રણ કારણો છે એમાં એક જગતના સુખની અથવા માનસિક શાંતિની આશા, અપેક્ષા કે સુખેચ્છા રહે છે ત્યાં સુધી જીવની યોગ્યતા રોકાઈ જાય છે અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવામાં એ પ્રકારના પરિણામો જીવને બાધક કારણ થાય છે. એ પ્રકારની સુખેચ્છા અભિપ્રાય પ્રધાનતાથી સમજવા યોગ્ય છે. એટલું થયા પછી પણ સત્પુરુષની ઓળખાણ થઈને તેમાં પરમેશ્વર બુદ્ધિ ઉત્પન્ન થાય તોપણ જીવની યોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે અને તેથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી. ત્યારપછી સ્વરૂપની ઓળખાણ થશે. સત્પુરુષની ઓળખાણ થયા પહેલા કદી કોઈને આત્મસ્વરૂપની ઓળખાણ થઈ નથી કે થઈ શકતી પણ નથી. એનો ઉલ્લેખ 'કૃપાળુદેવ' ૨૧૩ પત્રમાં કરે

છે, પાનું–૨૬૯. નીચેથી છેલ્લો નહિ પણ છેલ્લાથી ઉપરનો પેરેગ્રાફ છે.

હે પુરુષપુરાણ ! પુરુષપુરાણ એટલે પોતાનો આત્મા. અનાદિનો છે એટલે પુરાણપુરુષ છે. હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કાંઈ ભેદ હોય એમ સમજતા નથી. શા માટે એમ કહ્યું ? કે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા જીવો આત્મા ઉપર વજન દે છે. કેમકે આત્મા એ પોતે જ ઉપાદાન સ્વરૂપે છે અને દેવ, ગુરુ, શાસ્ત્ર, સત્પુરુષ આદિ નિમિત્તના સ્થાનમાં છે. સિદ્ધાંત પણ એમ કહે છે કે વજન ઉપાદાન ઉપર રહેવું જોઈએ, વજન નિમિત્ત ઉપર ન જાવું જોઈએ. જો નિમિત્ત ઉપર વજન જાય તો અવશ્ય રાગની ઉત્પત્તિ થાય. આમ સિદ્ધાંત બોલે છે.

ત્યારે અહીંયાં મુમુક્ષુની ભૂમિકા વર્ધમાન થવાનું પ્રકરણ ચાલે છે એમાં એક મહત્ત્વની વાત દર્શાવવી છે કે સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે અને પરમેશ્વરદેવ પ્રત્યે વિનય આવે એટલો વિનય ત્યાં આવવો ઘટે છે. તો એ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે અને એ વાત ઉપર પારમાર્થિક રહસ્ય ખોલવા માટે અહીંયાં એક વિશેષ વાત કરી છે.

હે પુરુષપુરાણ ! એટલે હે આત્મા ! હવે ઉપાદાનને સંબોધીને કહે છે. અમે તારામાં અને સત્પુરુષમાં કાંઈ ભેદ હોય એમ સમજતા નથી. અમને ઐક્યબુદ્ધિ થઈ છે. સત્પુરુષની ઓળખાણ થઈ, તેમના પ્રત્યે ભગવાન જેવી બુદ્ધિ થઈ, પરમેશ્વર બુદ્ધિ થઈ ત્યારે અમે અમારા આત્માને ભૂલી ગયા છીએ. સત્પુરુષનો આત્મા નિમિત્ત અને અમારો આત્મા ઉપાદાન એ વાત અત્યારે અમને ગૌણ થઈ ગઈ છે. અમે તારામાં અને સત્પુરુષમાં કાંઈ ભેદ હોય એમ સમજતા નથી. એવી એક દશા આવે છે. છતાં પણ તારે ખુલાસો માંગવો જ હોય તો ખુલાસો પણ કરીએ કે તારા કરતા અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે. ઠીક !

એનું કારણ આપે છે.

કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે. સત્પુરુષની જે દૃષ્ટિ એના કબજામાં તું રહ્યો છો તો તારા કરતા એ વિશેષ થયા કે ન થયા ? અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહિ. આ પણ એક વિશેષતા છે કે આત્મસ્વરૂપને ઓળખવું હોય તો એ પહેલાં સત્પુરુષની ઓળખાણ થઈ હોય તો જ આત્માની ઓળખાણ થઈ શકે, નહિતર આત્માની ઓળખાણ કોઈને ત્રણકાળમાં થઈ નથી, થઈ શકતી નથી. આ એક વસ્તુસ્થિતિ છે. 'પાવે નહિ ગુરુગમ વિના, યહી અનાદિ સ્થિત' અનાદિઅનંત આ જ વસ્તુસ્થિતિ છે.

અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહિ એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઊપજાવે છે. તને ઓળખવા માટે અમારે વચ્ચે એની જરૂર અનિવાર્ય છે. તું તો દુર્ઘટ છો. તને ઓળખવો એ તો દુર્ઘટ છે. સત્પુરુષને ઓળખવા સહેલાં છે. પૂછીએ છીએ તો જવબા દે છે. તને પૂછીએ છીએ તો મૂંઝાવું પડે છે, અંદરથી જવાબ દેતો નથી, જ્યારે આ જવાબ દ્યે છે. એટલે તેમના પ્રત્યે પ્રેમ ઊપજે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી. તું પુરુષપુરાણ પરમાત્મા એને વશ થયો છો છતાં પણ એ તને પચાવી ગયો, ઉન્મત્ત થયો નહિ, છકી ગયો નહિ. અનંત ગુણોની સંપત્તિ પોતામાં જોવા છતાં એ હજમ કરી જાય છે, બહાર દેખાવા દેતા નથી કે મને શું મળ્યું છે, મારા ઘરમાં કેટલી સંપત્તિ છે એ દેખાવ કરતા નથી. અને તારાથી પણ સરળ છે. કેમકે સરળતાથી જવાબ દ્યે છે. માટે હવે તું કહે તેમ કરીએ. ન્યાય તને સોંપીએ છીએ. હાલ, આત્માને કહે છે કે તને ન્યાય સોંપીએ છીએ કે તારા કરતા વિશેષ માનીએ તો શું ખોટું છે ? તું નક્કી કરી દ્યે. આ એક લાક્ષણિક પદ્ધતિથી સત્પુરુષને ઓળખ્યા વિના આત્માની ઓળખાણ ન થાય, એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરેલું છે. બહુ

લાક્ષણિક પદ્ધતિથી કરેલું છે.

પ્રશ્ન :- ભાઈશ્રી ! પુરુષાર્થ ...

સમાધાન :- મુમુક્ષુજીવ પોતે કરે છે. યોગ્યતા પોતાની છે, શક્તિ પોતાની છે. તેમ છતાં વિનય એક એવી ચીજ છે, જો વિનયના પડખેથી વિચારવામાં આવે તો હું મારા પુરુષાર્થથી અને મારી યોગ્યતાથી મને લાભ થયો છે એમ ભાવ નહિ આવે. એવો વિકલ્પ નહિ આવે. વિકલ્પ એમ આવશે કે, હે પ્રભુ ! આપની કૃપાથી અને આપની અનુગ્રહથી જ મને લાભ થયો છે. જો આપની કૃપા અને આપનો અનુગ્રહ ન હોત તો મારું શું ઠેકાણું હોત ? હું ક્યાં હોત ? એ હું સમજી શકું છું. હું ક્યાં રઝળતો હોત, આથડતો હોત અને પરિભ્રમણ કરતો હોત એ હું સમજી શકું છું. એટલે ભલે પુરુષાર્થ પોતે કરે છે, યોગ્યતા પોતાની હોય છે પણ વિનય તો એવો જ આવે છે. ઉપકારબુદ્ધિ એટલી બધી આવે છે કે એ છદ્મસ્થ હોવા છતાં, ગૃહસ્થ હોવા છતાં મુમુક્ષુજીવ એનામાં પરમેશ્વરના દર્શન કરે છે. અને ત્યારે જ એને માર્ગની પ્રાપ્તિ નિકટ હોય છે. ત્યાં સુધી માર્ગપ્રાપ્તિની સમીપતા થતી નથી. એનો ઉલ્લેખ પણ 'કૃપાળુદેવે' ૨૨૫ નંબરના પત્રમાં આપ્યો છે.

વચ્ચે પેરેગ્રાફ છે. પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું તે પરાભક્તિની છેવટની હદ છે. એ પેરેગ્રાફની નીચે છઠ્ઠી લીટી છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી. આવે છે નીચે ? હા, ત્યાંથી. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી અને જે કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. માર્ગથી એ દૂર છે. જ્ઞાની તો પરમાત્મા જ છે. 'જ' શબ્દ વાપર્યો છે. જ્ઞાની તો પરમાત્મા જ છે અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ કદી કોઈને થઈ નથી. માટે સર્વ પ્રકારે એવી દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની, તેને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી

એવો શાસ્ત્રલક્ષ છે. શાસ્ત્રના કહેવાનું લક્ષ બિંદુ આ છે કે સર્વ પ્રકારે જ્ઞાનીની ભક્તિ કરવી. નમસ્કારથી માંડીને પરાભક્તિ એટલે ભક્તિના બધા અંગ આવી ગયા. કોઈ વાત બાકી ન રહી.

એ જ્ઞાની માટે કેવા શબ્દો લખ્યા ? કે, દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્મા. એની ભક્તિ કરવી. પરમાત્મા નિરંજન નિરાકાર છે. અહીંયાં દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની ભક્તિ કરવી. અને પરમાત્મા દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે મુમુક્ષુજીવને બુદ્ધિ થયે ભક્તિ ઉગે છે. ક્યારે યથાર્થ ભક્તિ અથવા પર્યાપ્ત ભક્તિ ક્યારે ઉગે ? કે, પરમાત્મા દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવની બુદ્ધિ ઉગે. શું કહેવા માગે છે ? કે, જ્યારે કોઈ મુમુક્ષુજીવને સત્પુરુષનો યોગ થાય, એ યોગમાં ઓળખાણ થાય અને અંદરથી એના આત્મામાંથી પોકાર આવે કે હવે આ જીવને પરિભ્રમણ નથી. નક્કી હું તરી ગયો. હવે નક્કી તરી જઈશ, હવે હું સંસારમાં નહિ ડૂબું. એવી અંદરથી પ્રતીતિ આવે છે. 'ગુરુદેવશ્રી' એને મોક્ષના ભણકાર કહેતા હતા. જ્યારે એવી યથાર્થ ભૂમિકામાં આવે ત્યારે શું કહે ? કે, મુમુક્ષુજીવને અંદરથી મોક્ષના ભણકાર આવે છે, એમ કહે. મારો મોક્ષ થઈ જશે એવા ભણકારા અંદરથી આવે છે. ત્યારે એને કેવી બુદ્ધિ ઉગે છે કે પરમાત્મા દેહધારીરૂપે થયો.

આમ તો પરમાત્મા નિરંજન નિરાકાર છે પણ એણે મારા માટે અવતાર ધારણ કર્યો. આ એમાંથી ચોવીસ અવતારનું ચાલ્યું. શેમાંથી ચાલ્યું ? સત્પુરુષનો અવતાર, આ સત્પુરુષનો અવતાર મારા કલ્યાણ માટે થયો છે એવું ભાસે ત્યારે પરમાત્માએ મારા માટે અવતાર લીધો એમ એને લાગે. એવો ભાવ આવે છે, એમ કહે છે. એમાંથી પછી વધારે વાત આડીઅવળી થઈને અવતારો ઉપર ચાલી, પરમાત્માના અવતારો ઉપર ચાલી, પણ મૂળ વાત આમ છે. આ પ્રકાર મુમુક્ષુજીવને ઉત્પન્ન થાય છે અને ત્યારે ખરી ભક્તિ ઉગે છે.

મુમુક્ષુ :– વિનય શબ્દ ખટકે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વિનય શબ્દ ઓછો પડે એવો છે. પરમ દૈન્યપણું, પરમ વિનય, પરમ ભક્તિ એમ એકાર્થમાં લઈ લેવું.

મુમુક્ષુ :– એમાં તો બેપણું આવે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સત્પુરુષમાં અને પોતાના આત્મામાં ભેદ રહેતો નથી એવો ઐક્યભાવ થાય છે.

ક્રમે કરીને પરાભક્તિરૂપ હોય છે એટલે ઐક્યભાવ ધારણ કરે છે. એ વિષે 'શ્રીમદ્ ભાગવત'માં અને 'ભગવત્ ગીતા'માં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ પ્રશંસ્યો છે. એ જ લક્ષની પ્રશંસા કરી છે. આ વાત જે 'ભાગવત'માં અને 'ગીતા'માં છે એ પણ તીર્થંકરદેવના મૂળ તત્ત્વની વાત ત્યાં એ લોકોએ પકડી છે અને ગમી છે એટલે રાખી છે.

અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં, પરમ જ્ઞાની એવા તીર્થંકરદેવમાં લક્ષ થવા માટે જૈનમાં પણ પંચ પરમેષ્ઠી મંત્રમાં ણમો અરિહંતાણં પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યા છે. જે અનાદિ નમસ્કાર મહામંત્ર છે એમાં પણ પહેલા અરિહંત ભગવાનને નમસ્કાર કર્યા પછી સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા. એમાં સંકેત છે એમ કહેવું છે. નીચા પદવાળાને પહેલા નમસ્કાર અને ઊંચા પદવાળાને પછી નમસ્કાર, એ જૈનધર્મની અંદર અનાદિથી ચાલી આવતી પ્રણાલિકા છે. અનાદિનો મહામંત્ર છે, કોઈએ બનાવેલો નથી. પણ એમાં એક પારમાર્થિક સંકેત રહેલો છે. એ જ ભક્તિ એમ સૂચવે છે. એનો પરમાર્થ શું સૂચવે છે ? કે, પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ. એ નમસ્કાર મંત્ર શું લક્ષ કરાવે છે ? કે, પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે. જો સત્પુરુષની ભક્તિ પહેલા ન થાય તો પરમાત્માની

ભક્તિ ન થાય અને પ્રાપ્તિ પણ ન થાય અને પોતાના આત્માની પણ પ્રાપ્તિ ન થાય.

આ સંકેત તો નમસ્કારમંત્રમાં પહેલેથી છે, અનાદિથી છે. જો જીવનું લક્ષ જાય તો સમજાય એવી વાત છે કે 'કૃપાળુદેવે' શા માટે સત્પુરુષની ભક્તિ ઉપર આટલું વજન આપ્યું છે. એ વજન તો અનાદિથી આપ્યું છે. દિવ્યધ્વનિમાં પણ એ જ વાત છે, શાસ્ત્રોમાં પણ એ જ વાત છે, એમને એ જ દેખાય છે. અને એ યથાર્થ છે. એવું ન દેખાતું હોય તો પોતાનો એ પૂર્વગ્રહ છે એમ સમજવા યોગ્ય છે.

મુમુક્ષુ :– કાળની વિચિત્રતા લાગે છે કે આવું દર્શાવવું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સત્પુરુષની ભક્તિ માટે કહેવું પડે એ વર્તમાન કાળના મુમુક્ષુઓની દશાની કરૂણતા છે કે એમને પોતાના શ્રીમુખેથી એ પ્રકારની વાત કહેવી પડે છે. અને છતાં પણ જીવનું લક્ષ ન જાય તો એનો તો બીજો કોઈ ઉપાય આ જગતમાં છે નહિ.

એટલે એવી પરમાત્મબુદ્ધિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી જીવની યોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે. એને અવરોધ આડો ઉભો છે, પોતાના જ પરિણામનો. એ મોક્ષમાર્ગ પ્રત્યે આગળ નહિ વધી શકે.

પ્રશ્ન :– આ ભૂમિકામાં કયો અવરોધ હોય ?

સમાધાન :– જો સત્પુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિ ન આવે તો તે પ્રતિબંધ છે, એમ કહેવું છે. પરમેશ્વર બુદ્ધિ આવે પછી પ્રતિબંધ નથી. પછી કોઈ પ્રતિબંધ નથી. પછી એને અંદરથી મોક્ષનો ભણકાર આવશે. અને એ તો કહ્યું કે, એને માર્ગપ્રાપ્તિ પછી નિકટ છે, નહિતર વિકટ છે, એમ છે. કાલે ત્યાં સુધી એ વિષય ઉપર સ્વાધ્યાય થયો છે.

આગળ કહે છે, 'કદાપિ એ બન્ને થયા હોય,...' બન્ને થયા હોય એટલે ? આ લોકની અલ્પ પણ સુખેચ્છા એવો જે અવરોધ છે એ પણ

મટ્યો હોય અને સત્પુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિ પણ આવી હોય અને ઓળખાણ થઈ હોય. એ બન્ને થયા હોય 'તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે,...' શું થાય છે ? હવે ત્રીજું કારણ લેવું છે. આત્મસ્વરૂપની ઓળખાણ નથી થઈ, પદાર્થનો અનિર્ણય છે ત્યાં સુધી પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી.

જોકે જેને જ્ઞાનીપુરુષની ઓળખાણ થાય છે તેને ક્રમે કરીને આત્મસ્વરૂપની ઓળખાણ થાય જ છે. પણ જ્યારે જ્ઞાનીપુરુષની ઓળખાણ થાય ત્યારે ને ત્યારે જ આત્મસ્વરૂપની ઓળખાણ એમ બનતું નથી. એ જ વખતે એને આત્માની ઓળખાણ થાય એમ બનતું નથી. ત્યારે એમ નથી બનતું અને વચ્ચે સમય જાય છે, કાળ જાય છે તો શું કારણ છે ? કેમ કાળ પસાર થાય છે ? અને કાળ કેટલો પસાર થાય એનો નિયમ પણ નથી. એવું નથી કે પાંચ, પંદર દિ', મહિનામાં, છ મહિનામાં એને આત્મસ્વરૂપની ઓળખાણ થઈ જાય એવો કાંઈ નિયમ નથી. કોઈને વિશેષ કાળ લાગે અને આયુષ્ય પૂરું થઈ જાય તો ભવાંતરમાં ઓળખાણ થાય. ભવાંતરમાં કેટલો કાળ જાય એનો પણ કાંઈ નિયમ નથી. આવી પરિસ્થિતિ હોવાનું કારણ શું ? બનવાનું કારણ શું ? એના ઉપર 'કૃપાળુદેવ' સ્પષ્ટીકરણ આપે છે.

બહુ સરસ વાત બે જગ્યાએ આવી છે. એક છે પત્ર ૨૧૨ અને બીજો પત્ર છે–૫૨૨. પહેલા ૨૧૨ પત્રમાંથી આપણે થોડો ઉલ્લેખ લઈ લઈએ કે, જ્ઞાનીપુરુષની ઓળખાણ થાય ત્યારે જીવના પરિણામમાં કેવો ફેરફાર થાય ? પત્ર–૨૧૨, પાનું–૨૬૮. વચ્ચે મોટો પેરેગ્રાફ છે. 'જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને યોગ ઘણી વાર થઈ ગયો છે પણ તેનું ઓળખાણ થયું નથી. જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું હશે, કર્યું પણ હશે તથાપિ

જીવને વિષે ગ્રહી રાખેલી..' આ પૂર્વગ્રહ. સિદ્ધિયોગ, ઋદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ પૂર્વકાળમાં, ભૂતકાળમાં મલિન હતી. દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી. આ તો ઓળખાણ નહિ થવાનું કારણ છે. અને જ્યારે ઓળખાણ પડે છે ત્યારે, હવે આ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અને જ્યારે ઓળખાણ પડે છે ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે. આ એનું લક્ષણ છે. એટલો પ્રેમ આવે કે જેની હદ નહિ એટલો પ્રેમ આવે.

અપૂર્વ સ્નેહ આવે છે તે એવો, હવે એનું વર્ણન કરે છે કેવો (સ્નેહ) ? તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબણા લાગે છે. એક ઘડી વિયોગમાં રહી શકે નહિ અને એક ઘડીનો વિયોગ થાય તો ઊંચોનીચો થઈ જાય. એવી વિટંબણા થાય. અર્થાત્ તેના વિયોગે.. છતાં વિયોગ તો થશે. વિયોગ નહિ થાય એવું નથી. એ સંયોગ-વિયોગ તો પ્રારબ્ધ આધીન છે. તેના વિયોગે તે ઉદાસીનભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે. પછી એને ક્યાંય રસ ન પડે. એનું લક્ષ ત્યાં રહ્યા કરે કે, મારો પરમાત્મા ત્યાં છે, અહીંયાં નથી એનું શું ? બીજું કાંઈ નહિ, એ અહીંયાં નથી એનું શું ? એ ક્યાંય એને રસ પડવા દે નહિ. એવી વિરહની વેદના એને નીરસ કરી નાખે છે.

બીજા પદાર્થનો સંયોગ, બીજા ઇષ્ટ પદાર્થોનો સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ જાય છે. બીજા પદાર્થો મોત જેવા લાગે છે. આવી દશા જ્યારે આવે, આવી દશા જ્યારે આવે છે ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું, ઠીક ! મોક્ષમાર્ગ એવા જીવને નિકટ હોય છે, એમ જાણવું. એક તો એ પ્રકારના પરિણામ થાય છે.

બીજું વિશેષ વિસ્તારથી પરિણામમાં કેવા કેવા ફેરફાર થાય એ સંબંધમાં ૫૨૨મા પત્રમાં ઘણી વિસ્તારથી વાત લીધી છે. પહેલેથી એ

જ વાત ચાલી છે, આખા પત્રનો વિષય જ એ છે. જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળા પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે. એની પ્રકૃતિ ઉપર ઘા પડે. શું થાય ? જીવને ક્રોધ, માન, માયા, લોભ આદિ કોઈપણ પ્રકૃતિ હોય અને એ પ્રકૃતિના પરિણામ ચીકણા થતા હોય એ મોળા પડી જાય, ફીક્કા પડી જાય. અને જેમ બની અનુક્રમે તે પરીક્ષણપણાને પામે છે અને પછી જ્ઞાનદશામાં એ નાશ પામે છે. અનંતાનુબંધીનો નાશ થઈ જાય છે.

સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે તેમ તેમ.. હવે અહીંયાં એના પરિચયથી જેમ જેમ વિશ્વાસ આવે છે તેમ તેમ મતાભિગ્રહ અને દરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે. પોતાના અભિપ્રાયનો આગ્રહ રહેતો નથી અને કોઈપણ પ્રકારના કાર્યોમાં દુરાગ્રહ રહેતો નથી એટલે ખેંચાતાણી ન કરે એવી પરિસ્થિતિ આવે છે. ન મતાગ્રહ રહે, ન દુરાગ્રહ રહે. તેમ તેમ મતાભિગ્રહ અને દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે અને એ જીવ અપક્ષપાતપણે પોતાના દોષ જોવે એવું સહેજે સહેજે વલણ પોતાના ચિત્તમાં થઈ જાય છે.

અને વિકથા આદિ ભાવમાં નિરસપણું લાગે છે. એટલે ચાર પ્રકારની જે વિકથા છે એમાં એને ક્યાંય રસ પડે નહિ. એમાં રાજકથા સૌથી મોટી છે. માણસ છાપા વાંચીને Politicsની ચર્ચા કરે છે ને ? છાપુ વાંચે, ટી.વી. જોઈને. એ રાજકથા છે એ વિકથા છે. આ જીવને એ કથા કરવાથી કાંઈ લાભ તો નથી પરંતુ એકાંતે નુકસાન છે. એકાંતે નુકસાન જ છે. એ વિકથામાં રાજકથા છે, સ્ત્રીકથા છે. એટલે પાંચ ઇન્દ્રિયના વિષયોની કથા છે, ભોજનકથા છે. રાજકથા, સ્ત્રીકથા, ભોજનકથા, ચોરકથા. એટલે અનેક પ્રકારની બધી મેલી વિદ્યાઓની કથા છે એ બધી વિકથા છે.

એમાં નિરસપણું લાગે અથવા જુગુપ્સા ઉત્પન્ન થાય એટલે એને ઘૃણા થાય. એ વાતોમાં તો એને ઘૃણા થઈ જાય. એટલી Alergy થઈ જાય, ગમે નહિ, નિષેધ આવે. અને જીવને અનિત્ય આદિ ભાવના ચિંતવવા પ્રત્યે, બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચ વિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે. પોતાને જે પ્રાપ્ત સંયોગ છે, પંચેન્દ્રિયના વિષયો, તેની અનિત્યતા દૃઢભાવથી કરે છે. કેટલા દૃઢભાવથી કરે છે ? કે, જ્ઞાનીપુરુષ પાસેથી સાંભળીને જે દૃઢતા આવી છે એનાથી પણ વધારે દૃઢતા કરે, ઓળખાણ થયા પછી.

અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી... પરિણામમાં બહુ ફેરફાર આવી જાય છે. સત્પુરુષની ઓળખાણ પછી એટલો રસ એને પંચેન્દ્રિયના વિષયમાં આવતો નથી. અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે અથવા.. હવે બહુ સરસ વાત લખી છે. એવા વૈરાગ્યમાં જીવ આવે છે અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી. બહુ સરસ વાત કરી છે અહીંયાં. અનંત કાળે દુર્લભ એવું જે આત્મજ્ઞાન તે સત્પુરુષનો યોગ થયા પછી અને ઓળખાણ થયા પછી કાંઈ દુર્લભ નથી. કેમકે એમાં સ્વભાવની ઓળખાણ થઈ.

તથાપિ શરત એટલી છે કે સત્પુરુષને વિષે, તેમના વચનને વિષે અને તે વચનનોના આશયને વિષે પ્રીતિ, ભક્તિ થવી ઘટે. પ્રીતિ ભક્તિ થાય. જો ઓળખાણ થાય તો સત્પુરુષ પ્રત્યે પણ અનન્ય પ્રેમ આવે, તેમના વચનો પણ બહુ પ્રિય લાગે, અતિપ્રિય લાગે. દૃષ્ટાંત લેવો હોય તો લઈએ. ઘરમાં ત્રણ પેઢીએ બાળક જન્મે અને પછી બોલતો થાય ત્યારે તોતડું તોતડું બોલે. બાળક તો પ્રિય હોય તો એની વાણી કેટલી પ્રિય લાગે ! એ તોતડું બોલે એની સાથે પોતે તોતડું બોલવા મંડે. આ

બાળક પ્રત્યેનો પ્રેમ જો આટલો છે તો સંસારસાગરથી તારે એ પરમતારણહારના સ્થાનમાં છે, એના પ્રત્યે કેટલો પ્રેમ આવે ! અને એની વાણી પ્રત્યે કેટલો પ્રેમ આવે !! અને એ વાણીમાં જે તરવાનો જે આશય છે એના પ્રત્યે કેટલો પ્રેમ આવે !! પ્રીતિ, ભક્તિ શબ્દ વાપર્યો છે, હોં ! એકલી ભક્તિ થાય (એમ) નથી લીધું. પ્રીતિપૂર્વકની ભક્તિ થાય. ત્યારે એ જીવને આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી.

જો એવું ન થાય તો, ત્યાં સુધી જીવને આત્મવિચાર પણ ઉદયમાં આવવા યોગ્ય નથી. અને સત્પુરુષનો તે જીવને યોગ થયો છે એવું ખરેખર તે જીવને ભાસ્યું છે, લાગ્યું છે એમ પણ કહેવું કઠણ છે. આ મુખ્ય મુખ્ય પરિણામો લઈ લીધા છે. નીચે પણ થોડા પરિણામો લીધા છે પણ એના જ પેટાભેદ લીધા છે.

એ રીતે સત્પુરુષની ઓળખાણ થાય ત્યારે પરિણામની અંદર તો બહુ મોટો ફેરફાર થઈ જાય છે. એક નવા તબક્કામાં જીવ પ્રવેશ કરે છે. ત્યારપછી પણ આત્મસ્વરૂપની ઓળખાણ થવામાં સમય લાગે છે એનું કારણ વિપરીતતા તો ઘણી ઘટી ગઈ છે પણ યોગ્યતાની ઓછપ છે. જીવના પરિણામમાં નિષ્ફળતા અથવા અપ્રાપ્તિના કારણમાં બે પ્રકાર છે. એક પ્રકાર વિપરીતતાનો છે અને એક પ્રકાર યોગ્યતાની ઓછપનો છે. બે જુદી જુદી વાત છે. જ્ઞાનીપુરુષની ઓળખાણ થયા પછી મતાગ્રહ, દુરાગ્રહ આદિ અને પોતાના અનેક પ્રકારના વિપર્યાસો છે એ તો ઘણા મટી જાય છે.

પ્રશ્ન :– વેદના પછી આ થાય કે પહેલા ?

સમાધાન :– પરિભ્રમણની વેદના આવે પછી ઓળખાય. એ ઓળખાણ થવાની નિર્મળતા ન હોય. પરિભ્રમણની વેદના એ એક જીવના પરિણામની એવી પ્રક્રિયા છે કે જેને લઈને પૂર્વના દૂષિત પરિણામોથી પ્રાપ્ત જે મલિનતા છે એ મલિનતાનું ધોવાણ થાય છે. એ પ્રકારે વેદના

છે એ મલિનતાને ધોવાનું કામ કરે છે અને જેથી કરીને નિર્મળતા ઉત્પન્ન હોય છે અને એ નિર્મળતા પણ સારી રીતે વર્ધમાન થાય ત્યારે ઓળખાણ પડે છે.

મુમુક્ષુ :– ... લક્ષ બંધાય એમ કરવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– મોક્ષનું લક્ષ બંધાય, પોતાના દોષ અપક્ષપાતપણે જોવે, આ લોકની અલ્પ પણ સુખેચ્છા ન રહે એ બધા તબક્કામાંથી અનુક્રમે પસાર થાય પછી વારો આવે. એ વાતની વ્યવસ્થા સાંભળીને પોતાને વિષે કોઈ કલ્પના કરી હોય તો છૂટી જાય, ખોટી કલ્પના કરી હોય તો છૂટી જાય. કેમકે ઘણા વખતથી વાંચન, શ્રવણ કરતા હોય ને પોતાને ઘણી મુમુક્ષુતા, કષાય મંદ રહેતો હોય, અનુકૂળતામાં ફસાયેલો હોય એટલે કાંઈ ખબર પડે નહિ તો એને ભ્રાંતિ થઈ જાય છે કે હું પણ કાંઈક સમજું છું. (તો કહે છે), આ બધા ક્રમમાં પસાર થયો છો ? મુમુક્ષુતા કેવી હોય ? કેમ વર્ધમાન થાય ? એ બધા તબક્કામાં આવ્યા પછી આત્મસ્વરૂપની ઓળખાણ થાય અને પછી જે પુરુષાર્થ ઉપડે એમાં આત્મસ્વરૂપનો અનુભવ થાય. એમાં પણ વચ્ચે સમય જાય છે. એ તો પછીનું પ્રકરણ છે. એ તો તીવ્ર મુમુક્ષુતાનું પ્રકરણ છે, એ અહીંયાં નથી.

વચ્ચે સત્પુરુષની ઓળખાણનો જે તબક્કો આવે છે એ ઓળખાણ થવામાં એક બહુ સંક્ષેપમાં સિદ્ધાંત 'કૃપાળુદેવે' ૩૩૫ નંબરના પત્રમાં કર્યો છે. જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે તે ધ્યાનાદિને ઇચ્છે નહિ. બીજા સાધન છોડી દ્યે. ધ્યાનાદિમાં બધું આવી જાય. અનેક પ્રકારના જુદા જુદા બધા વાંચન ને શ્રવણ ને આ ને તે ને ઢીકણું બધું છૂટી જાય. જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે તે ધ્યાનાદિ ઇચ્છે નહિ એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે. આ અમારો અંદરનો અભિપ્રાય આ છે. ઉપરથી ઉપરથી તો કોઈને કહીએ કે તમે આ વાંચો ને તે વાંચો. પણ ઓળખાણ કરે ત્યારે વાત બીજી હોય છે.

હવે ઓળખાણ કોને થાય ? એના ઉપર એક બહુ સૂત્ર જેવી વાત કરી છે કે, માત્ર જ્ઞાનીને ઇચ્છે છે. બીજું કાંઈ નથી જોઈતું હવે. માત્ર જ્ઞાનીને ઇચ્છે છે. માત્ર જ્ઞાનીને ઇચ્છે છે એ પછી દશાને ઇચ્છતો નથી, એમ કહે છે. ઠીક ! કે મને સમ્યગ્દર્શન ઝટ ઝટ થાય તો સારુ, એ નથી ઇચ્છતો. માત્ર જ્ઞાનીને ઇચ્છે છે. જગતના પદાર્થોનો તો સવાલ જ નથી. જગતની અનુકૂળતાઓ ઇચ્છે છે એ તો પ્રશ્ન જ નથી અહીંયાં. માત્ર જ્ઞાનીને ઇચ્છે છે એટલે એક જ તે એને ઓળખે છે અને ઓળખે છે એને જ ભજે છે પછી. એ ભક્તિ લીધી, જે ૨૨૩ (પત્રમાં) લીધી. અને તે જ તેવો થાય છે. શું લીધું ? તે જ્ઞાની થાય છે, એમ કહે છે. જે માત્ર જ્ઞાનીને ઇચ્છે એમ જ્યારે પરિસ્થિતિ આવે ત્યારે તે ઓળખે. કેમકે પછી બીજે એનું લક્ષ નથી જાતું. અને ઓળખે ત્યારે એના પ્રત્યે એટલી ભક્તિ થાય કે એને જ ભજે છે. એના પરિણામ એની જ ભજના કરે, બધું ભૂલી જાય. તે જ તેવો થાય છે. તે જ જ્ઞાની થાય છે. અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવા યોગ્ય છે. એ મુમુક્ષુ ઉત્તમ કોટિના મુમુક્ષુમાં 'કૃપાળુદેવ' એને લઈ ગયા છે. જ્યાં પરમેશ્વર બુદ્ધિ આવી, એની ભજના થઈ ત્યાં પછી એ જીવ ઉત્તમ મુમુક્ષુની કોટિમાં આવ્યો. એટલે હવે એને આત્મસ્વરૂપની ઓળખાણ સહજમાત્રમાં થશે.

તેમ છતાં પણ 'વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે...'

પ્રશ્ન :– કાળલબ્ધિ ?

સમાધાન :– પોતાની ઓછાઈ લીધી છે. સ્પષ્ટ વાત તો એ છે કે, યોગ્યતાની ઓછાઈ છે. તો એ કયા પ્રકારની યોગ્યતાની ઓછાઈ છે એ જરા વિચારવા યોગ્ય છે. કે સત્પુરુષ પ્રત્યેની અત્યંત ભક્તિ હોવાને લીધે એની ભક્તિમાં લીનતા રહ્યા કરે છે અને બીજું કાંઈ સૂઝતું નથી. જો ત્યારપછી સ્વરૂપ જિજ્ઞાસા ઉત્પન્ન થાય કે મૂળ સ્વરૂપ કેવું

છે ? મારું મૂળ સ્વરૂપ કેવું છે, જે ઓળખવું મારે જરૂરી છે ? જેના અવલંબને મોક્ષમાર્ગના પ્રારંભથી સિદ્ધપદની બધી દશાઓ રહેલી છે એવું સ્વરૂપ કયુ છે ? એવી સ્વરૂપની અંતર જિજ્ઞાસા ઉત્પન્ન ન થાય અને તથાપ્રકારની ક્ષતિ રહ્યા કરે. એને ક્ષતિ લીધી છે અથવા યોગ્યતાની કાંઈક ઓછપ લીધી છે. વધુ ઓછપ નથી લીધી, વિપરીતતા નથી લીધી પણ કાંઈક ઓછપ લીધી છે. કેમકે નિર્મળતા તો આવી છે અને સત્પુરુષ પ્રત્યેના ભક્તિના પરિણામથી નિર્મળતા વધતી જશે, એમાં પણ કોઈ શંકા નથી અને આગળ જતા એ સ્વરૂપની ઓળખાણ કરીને સ્વરૂપને પામશે એમાં પણ કંઈ શંકા નથી, એમાં કોઈ ફેર નથી. પણ વચ્ચે જે કાળ જાય છે એટલા પૂરતી ચર્ચા કરે છે.

પ્રશ્ન :– તો શું કરવું ? છોડી દેવું એના ઉદય ઉપર ?

સમાધાન :– નહિ, છોડવાનો પ્રશ્ન નથી. જ્યારે કોઈપણ જીવ આ પત્રમાં પ્રતિપાદન કરેલા છે એવા ક્રમમાં પ્રવેશ કરે ત્યારે ઉપર ઉપરના Stageના પરિણામો આપોઆપ આવે છે. ત્યાં કરવા-ફરવાનો સવાલ નથી. કર્તૃત્વબુદ્ધિ ત્યાંથી જ તૂટવા મંડે છે. જેવું મોહાસક્તિના પરિણામથી મૂંઝાઈને મોક્ષનું ધ્યેય બાંધ્યું એટલે પોતાના દોષ જોવામાં અપક્ષપાતતમાં ચિત્ત વળી જશે, સ્વચ્છંદ દબાશે, દર્શનમોહ દબાયને નિર્મળતા થશે અને અનુક્રમે આગળ આગળના Stageમાં જીવના પરિણામ આવતા જશે. કેમકે એ નિર્મળતા ચાલુ છે. એટલે શું કરવું એ પ્રશ્ન નથી. આપોઆપ શું થાય છે એ સમજાય જાય છે, થતું જાય છે અને સમજાય છે.

એ એમણે ૧૯૫ (પત્રમાં) કહ્યું છે. ૧૯૫માં એનો સંકેત કરેલો છે. અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી અને તે શું કરવાથી થાય ? માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે, મોક્ષમાર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે તેણે બધા વિકલ્પો મૂકી દઈને આ એક વિકલ્પ ફરી ફરીને સ્મરણ કરવો અવશ્યનો છે. આ વાક્યમાં

અનંત અર્થ સમાયેલા છે અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, માત્ર ચિંતના નહિ, તેના માટે દૃઢ થઈને ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી, પૂર્વે કદી કોઈને થયું નથી અને ભવિષ્ય કાળે પણ કોઈ દિ' થશે નહિ. અમે તો એમ જાણ્યું છે. અમારા અનુભવથી પણ અમે એ વાત જાણી છે. માટે તમારે સઘળાએ, કોઈ મુમુક્ષુને બાદ નથી રાખ્યો. તમારે સઘળાએ એ જ શોધવાનું છે કે આ ઝુરણા કેવી રીતે ઉત્પન્ન થાય ? આ વેદનામાં કેવી રીતે આવી શકાય ? બધાએ એ જ વિચાર કરવાનો છે. ત્યારપછી બીજું જાણવું શું કે કરવું શું એ પછી જણાય છે. એ પહેલાં ખરેખર પોતાને પોતાના આત્મકલ્યાણ માટે આગળ શું કરવું તેની પોતાના માટેની સૂઝ, અંદરની સૂઝ, એ સૂઝ નથી આવતી.

આ ઝૂરણામાં આવ્યા પછી જે નિર્મળતા થાય, એ નિર્મળતાને કારણે પછી જાણવું શું એ જણાય છે ને કરવું શું તે સમજાય છે. પછી કરવાનો પ્રશ્ન નથી એટલે 'જાણવું' શબ્દ લીધો છે. કરવાનો પ્રશ્ન નથી એટલે જાણવું શું એમ લીધું છે. કેમકે પછી Automatic ઉપરની ભૂમિકા આવતી જાય છે.

પ્રશ્ન :– Time જાય એમાં કેમ ખટકે ?

સમાધાન :– ખટકે તો ખટકે, ખટકે એનો વાંધો નથી. એ સારુ છે કે ખટકે. ખટકવું જ જોઈએ અને એ ખટકશે. સમય લાંબો જાય એ પોષાય નહિ એ સમજી શકાય એવી વાત છે, પણ જેટલી પોતાની યોગ્યતાની ઓછપ છે એટલો સમય જાય છે. કોઈ જીવ તો સવારે સત્પુરુષને ઓળખે અને સાંજે સમ્યગ્દર્શન લ્યે છે, આત્મસ્વરૂપની ઓળખાણ વચ્ચે આવી જાય. એવા પણ જીવો હોય છે કે યોગ્યતાની ઓછપ ન હોય.

આત્મશાંતિ માટેની તડપન જે છે, ઝૂરણા ને વેદના છે એ જેટલી

તીવ્રતાથી આવી એટલી યોગ્યતાની ક્ષતિ ઓછી, એટલી યોગ્યતાની ક્ષતિ ઓછી. પૂજ્ય 'સોગાનીજી'નું દૃષ્ટાંત છે. પ્રાણ છૂટી જાય એવી વેદના આવી. કેવી વેદના આવે ? કે, જાણે મારા પ્રાણ છૂટી જશે, જીવતા રહેવું મુશ્કેલ થઈ પડે. એવી અપ્રાપ્તિની વેદના આવે, એવી આત્મશાંતિની અપ્રાપ્તિની વેદના આવે એને સત્પુરુષ મળે અને એની વાણી મળે, એનો યોગ મળે એટલે સીધી અંદરમાં ઉતારી દે. અંદરમાં જ ઉતરી જાય. ચાતક પક્ષી જેવું છે. જેવું પાણીનું બિંદુ પડ્યું કે સીધું અંદર ઉતારે, ચૂસી જ લ્યે. એને પછી આડઅવળે જવાનો કોઈ પ્રકાર પરિણામમાં ઉત્પન્ન થતો નથી. કેમકે જગતમાંથી તો પહેલેથી જ Out થઈ ગયો છે. જગતના વિચાર અને વિકલ્પ શું કરે ? જગતમાં કુટુંબ-બુટુંબ બધું આવી જાય છે. બધેથી ખોવાઈ ગયો હોય.

એટલે એ કહ્યું કે, 'કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે...' એટલે એટલી નિર્મળતા પૂર્વ ભૂમિકામાં હજી આવવાની બાકી હોય અને અંતર ખોજમાં ન આવે. 'જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય...' આત્મસ્વરૂપની ઓળખાણ ન થઈ હોય. આ ત્રીજો દોષ છે. 'તો ચિત્ત વ્યાકુળ રહે છે,...' કેમકે એ વિષયનું સમાધાન ત્યાં નથી. જ્યારે પોતાના જ આત્મ સ્વરૂપના પ્રતિભાસ થાય છે, સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ આવે છે ત્યારે જીવને અસમાધાનનું કોઈ કારણ રહેતું નથી. સર્વાંગ સમાધાન સ્વરૂપ એવું જે પોતાનું પરમ તત્ત્વ છે એનું જે પ્રત્યક્ષ સ્વરૂપ છે, એનું સ્વરૂપ કેવું છે ? અનંત પ્રત્યક્ષ એવું એનું જે સ્વરૂપ છે એનું વેદનના પ્રત્યક્ષ અંશે ભાવભાસન આવે છે. ત્યારે એને અસમાધાન નથી રહેતું. એ પહેલાં એ વિષયમાં અસમાધાન હોય છે અને વ્યાકુળતાની ઉત્પત્તિ થાય છે. અને કોઈવાર કોઈ જીવને પોતે જેટલો આગળ વધ્યો છે એ સંબંધીની મિથ્યા સમતા પણ આવે છે, જે આવવી ન જોઈએ એને. મારા પરિણામ

તો ઘણા આ બાજુ વળેલા છે, પહેલા તો નહોતા વળેલા, અત્યારે તો પરિણામ ઘણા આ બાજુ વળી ગયા. પણ પહેલા જે નીચેની દશા હતી એ દૃષ્ટિ જ છોડી દેવાની છે. ઉપરની દશા નથી થઈ એની દૃષ્ટિ રહેવી જોઈએ કે કેમ ઉપરનું કામ નથી થયું ? (કોઈને એવી) મિથ્યા સમતા આવે છે.

પ્રશ્ન :– અહીંયાં એક પ્રશ્ન છે કે લક્ષ બાંધ્યા પછી આવું કેમ ? પૂર્ણતાનું લક્ષ બાંધ્યા પછી આવું ન જ થવું જોઈએ.

સમાધાન :– એ દોષ રહે છે. એ તો કહેવા માગે છે. એ ભૂમિકામાં આવ્યા પછી સમજાય એવું છે. એમાં ઘણા જોખમ છે. જ્યાં સુધી પોતે પોતાના સ્વરૂપની ઓળખાણ સુધી ન પહોંચે, પદાર્થ નિર્ણય સુધી ન પહોંચે ત્યાં સુધી મોક્ષમાર્ગનું અનન્ય કારણ ઉત્પન્ન નથી થયું અને ત્યાં સુધી માર્ગપ્રાપ્તિમાં જે કાંઈ બીજા બીજા પરિણામ થાય છે, થવાની સંભાવના છે એની બહુ જ અનુભવથી સૂક્ષ્મ ચર્ચા આ પત્રમાં આ સ્થળે 'કૃપાળુદેવે' કરી છે. ઘણી વાતો લખી છે. સાધારણ પત્ર નથી. કેમકે નીચે લખ્યું છે કે, અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પ્રતિપાદન કર્યો છે. એમ લખ્યું છે. ઘણી વાતો લખી છે એમ કહે છે. બહુ જ બારીકાઈથી, સૂક્ષ્મતાથી એનો સ્વાધ્યાય કરવા યોગ્ય છે. વાત ઘણી છે એની અંદર તો. વિશેષ લઈશું આપણે આવતી કાલના સ્વાધ્યાયમાં..

# પ્રવચન-૬
## તા. ૨૮-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

૨૫૪ પત્ર ચાલે છે. પત્રનો વિષય છે મુમુક્ષુતા કેવી હોય, કેવા પ્રકારે શરૂ થાય, વર્ધમાન થાય તો કેવા પરિણામ થાય, આગળ વધવામાં માર્ગપ્રાપ્તિમાં મુમુક્ષુને કેવા કેવા પ્રકારના અવરોધ આવે છે અને એ અવરોધ કેવી રીતે મટે અને મુમુક્ષુજીવ સ્વરૂપની ઓળખાણ કરીને સ્વરૂપ સન્મુખ થાય કે જેથી અલ્પ કાળમાં મોક્ષમાર્ગને પ્રાપ્ત થાય. આ પત્રનો વિષય છે.

એમાં અવરોધરૂપ ત્રણ કારણોની ચર્ચા કરી છે કે જે જીવને દૃઢ મુમુક્ષુતા પ્રાપ્ત થઈ છે, પોતાના દોષોનું અપક્ષપાતપણે અવલોકન પણ ચાલુ થયું છે એવા જીવને પણ સ્વચ્છંદ ઘટ્યો હોવા છતાં દર્શનમોહ પણ મંદ પડ્યો હોવા છતાં આ લોકની અલ્પ પણ સુખેચ્છા એટલે કે કષાયની મંદતા અને માનસિક શાંતિમાં ક્યારેક ઠીકપણું આવી જાય છે, ઠીકપણું રહ્યા કરે છે તો તેની યોગ્યતા રોકાય છે.

ત્યાંથી આગળ વધે, એક મારે મારા આત્મસ્વરૂપ અને આત્મશાંતિ સિવાય બીજું કાંઈ જોઈતું નથી, એક મારે મારો આત્મા જ જોઈએ એવા દૃઢ ભાવથી આગળ વધે તો પછી એને સત્પુરુષની ઓળખાણ થઈને સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ થવી આવશ્યક છે. સિદ્ધાંત એમ કહે છે કે, કોઈપણ જીવને પ્રત્યક્ષ સત્પુરુષના યોગમાં જ દેશનાલબ્ધિ પ્રાપ્ત થાય અને એથી આગળ વધીને એને સ્વરૂપની ઓળખાણરૂપ બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય. બીજજ્ઞાનની પ્રાપ્તિ અને દેશનાલબ્ધિ, એ પ્રત્યક્ષ યોગ વિના

કોઈપણ જીવને પ્રાપ્ત થતી નથી. એટલે મુમુક્ષુતામાં આગળ વધેલા જીવને પોતે મોક્ષમાર્ગથી અજાણ હોવાને લીધે એવો અભિપ્રાય અને એવો વિચાર અવશ્ય રહે છે કે મને ધર્માત્માની, મોક્ષમાર્ગી જ્ઞાનીપુરુષની પ્રત્યક્ષ સંગતિ રહે, પ્રત્યક્ષ હું એમના સંગમાં રહું અને મારા પરિણામોની કિતાબ ખુલ્લી કરું. જે પ્રકારની યોગ્યતા પોતાને ન સમજાય એવી પરિસ્થિતિ જ્ઞાનીપુરુષને સમજાય છે અને એને કેવી રીતે આગળ વધવા માટે માર્ગદર્શનની જરૂર છે તે સત્પુરુષના જ્ઞાનમાં આવે છે, એને યથાયોગ્ય માર્ગદર્શન મળે છે, દેશનાલબ્ધિની પ્રાપ્તિ થાય છે અને વિશેષ સુપાત્ર હોય તો એને બીજજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના આ બન્ને ઉપલબ્ધિ સંભવિત નથી એવો સિદ્ધાંત છે. સિદ્ધાંત છે એટલે એવું વસ્તુનું સ્વરૂપ છે. એમાં કોઈ ફેરફાર કરી શકાય એવી પરિસ્થિતિ નથી.

એથી કરીને એમ પણ વિચારવા યોગ્ય નથી કે, જીવ પરાધીન છે. એથી કરીને એમ પણ વિચારવા યોગ્ય નથી કે, આ નિમિત્તાધીન દૃષ્ટિથી પ્રતિપાદન છે. આ એક વસ્તુસ્થિતિ છે. 'યહી અનાદિ સ્થિત' 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત'. એ વસ્તુનું સ્વરૂપ છે અને એ વાસ્તવિકતા છે. વસ્તુસ્વરૂપની એ વાસ્તવિકતા છે અને વાસ્તવિક પરિણમનથી એ વાત સમજાય છે.

દૃષ્ટાંત લઈએ તો આ જીવ શરીર વિજ્ઞાનથી અજાણ છે. જન્મથી શરીરનો સંયોગ છે પણ શરીરનું વિજ્ઞાન જાણતો નથી કે આ શરીરની અંદરમાં કેવા કેવા પ્રકારની રચના છે અને એ રચનાને અનુકૂળ અને પ્રતિકૂળ શું શું પ્રકાર છે, કેવા કેવા પ્રકાર છે. એ એને ખબર નથી તેથી ગમે ત્યારે પણ શરીર રોગગ્રસ્ત થાય છે, શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. શરીરમાં રોગ ઉત્પન્ન થાય, વેદના થાય, પીડા થાય, અસુખ થાય ત્યારે કોઈપણ ઓછી બુદ્ધિવાળાને પણ એ સમજાવવાની જરૂર

નથી રહેતી કે એણે વૈદ્ય-ડૉક્ટર પાસે જવું જોઈએ. એટલું સમજાવવું પડતું નથી. કેમકે એ તો એ વિષયનું એક વાસ્તવિક જ્ઞાન છે કે જ્યારે દર્દ સહન ન થાય તો એ દર્દના જાણકાર પાસે જઈને દર્દ મટાડવું રહ્યું.

એમ આ જીવને ભવરોગનું દુઃખ હોય તો એ ભવરોગ મટાડનાર જે સદ્‌ગુરુ છે, જ્ઞાનીપુરુષ છે એની પાસે જવું જોઈએ એવી વાસ્તવિક સમજણ તો સહેજે સહેજે કોઈને પણ હોવી ઘટે છે. આ એક દર્શનમોહનો પ્રભાવ છે કે જીવને એવી સૂઝ આવતી નથી. એથી વધારે દર્શનમોહનો પ્રભાવ તો એવો છે કે એ વાત સમજાવવા છતાં સમજમાં આવતી નથી, કહેવા છતાં ધ્યાન જતું નથી. 'કૃપાળુદેવે' તો ઠોકી ઠોકીને એ વાત કરી છે. કેટલાય પત્રોમાં એ વાત કરી છે છતાં પણ જો જીવનું ધ્યાન ન જાય તો એને મહામોહનીયની પ્રબળતા વર્તે છે એમ જ સમજવું રહ્યું. કેમકે મોહ છે એ જીવને ભ્રાંતિગત કરે છે અને પોતાનું હિત સૂઝવા દેતો નથી.

પ્રશ્ન :– જ્ઞાનીપુરુષ પાસે પોતાના બધા પરિણામો કહેવા ?

સમાધાન :– ગોપવ્યા વિના, કોઈપણ જાતના સંકોચ વિના જેવા પરિણામ છે એવા પરિણામ દર્શાવવા. એટલે યોગ્યતાનો, એ જીવની યોગ્યતાનો ખ્યાલ જ્ઞાનીપુરુષને આવે છે અને એ યોગ્યતામાં સુધાર કેવી રીતે થાય એનો ખ્યાલ પણ એમને હોય છે. તેથી તે યથાયોગ્ય તથાપ્રકારનું માર્ગદર્શન આપે છે અને એ જીવ આગળ ચાલે છે.

માર્ગદર્શન મેળવવા માટે પોતાના પરિણામ ખુલ્લા કરવા એમાં નમ્રતા જોઈએ, એમાં સત્પુરુષ પ્રત્યેની આત્મીયતા જોઈએ, મધ્યસ્થતા જોઈએ અને સૌથી મોટો ગુણ એવી સરળતા જોઈએ. જો સરળતા ન હોય તો એમાં થોડું છુપાવવાની વૃત્તિ આવ્યા વિના રહે નહિ. એટલે આટલા ગુણ તો આ કાર્યમાં મુમુક્ષુને પહેલેથી સંપન્ન થાય છે. ત્યારે એ પોતાના

પરિણામનું નિવેદન કરે અને એ નિવેદન કરે એમાં એ વાત આપોઆપ સમાવેશ પામે છે કે એ આજ્ઞાંકિતપણે સત્સંગ ઉપાસવા માગે છે. એટલે આજ્ઞાકારિતાનો જે ગુણ છે એ ગુણ પણ એને ત્યાં પ્રાપ્ત થાય છે.

સત્પુરુષને ઓળખ્યા પછી પણ જીવને પોતાના નિજ સ્વરૂપનો નિર્ણય થવાનો તાત્કાલિક બનતું નથી અને નથી બનતું તો કેમ નથી બનતું ? અને નથી બનતું ત્યારે પોતાની યોગ્યતાને અવરોધક એવા કેવા પરિણામ હોય છે એની બહુ સૂક્ષ્મ ચર્ચા આ જગ્યાએ 'કૃપાળુદેવે' કરી છે.

'કદાપિ એ બન્ને થયાં હોય,...' ત્યાંથી આપણે સ્વાધ્યાય ચાલુ કરીએ. એ બન્ને એટલે આ લોકની અલ્પ પણ સુખેચ્છા ન રહી હોય અને સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ આવી હોય. વિનયની ઓછપ ચાલી ગઈ હોય, પૂરો વિનય આવી ગયો હોય. બહુ અનુભવપૂર્ણ આ પ્રતિપાદન છે. આ પત્રમાં જ છે. 'કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય...' એવું બને છે કે તાત્કાલિક પદાર્થ-નિર્ણય ન થયો હોય. વાસ્તવિક તત્ત્વ પામવાની કાંઈક યોગ્યતાની ઓછાઈ એ કેવા પ્રકારની છે એ થોડું સમજવા યોગ્ય છે.

જ્યારે સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ આવે છે ત્યારે તેમની ભક્તિ પ્રત્યે લીનતા વધારે વર્તે છે. સત્પુરુષની ભક્તિમાં એ લીન વર્તે છે ત્યારે એને સ્વરૂપની ઓળખાણ કરવા સંબંધીની જે વૃત્તિ છે એ વૃત્તિ કેટલોક કાળ સુધી આવતી જ નથી અને તેથી કેટલોક સમય પસાર થાય છે.

જીવંત દૃષ્ટાંત લઈએ તો પૂજ્ય 'સોભાગભાઈ'નું દૃષ્ટાંત એ બહુ જીવંત દૃષ્ટાંત છે કે 'કૃપાળુદેવ'ને એમણે ઓળખ્યા હતા. એમની યોગ્યતા

વિશેષ હતી અને તેથી શરૂઆતથી 'કૃપાળુદેવ' પણ એમ ઇચ્છતા હતા કે આવા જીવનો સત્સંગ પોતાને પણ પોતાના પરિણામ આવિર્ભાવ થવામાં વિશેષ ઉપકારી છે એટલે સર્વોત્તમ ઉપકારી એવું વિશેષણ પણ વાપર્યું છે. કેવલબીજ સંપન્ન, સર્વોત્તમ ઉપકારી. બનતા સુધી ૧૬૫ (પત્રમાં જ) એ પ્રકારનું વિશેષણ છે. કેવલબીજ સંપન્ન, સર્વોત્તમ ઉપકારી શ્રી સૌભાગ્યભાઈ. આવું સંબોધન જે પત્રમાં કર્યું છે એ બીજાને એવું સંબોધન નથી કરતા. કોઈ મુમુક્ષુને એવું સંબોધન નથી કરતા. તો કેવળબીજ સંપન્ન એટલે શું હતું ? કે, જે એમને 'કૃપાળુદેવ'ની ઓળખાણ થઈ ગઈ હતી, એ સમ્યગ્દર્શનનું – સમકિતનું બીજ તો છે પણ એ સમકિત કેવળજ્ઞાનનું બીજ હોવાથી એને સીધુ કેવળજ્ઞાન સાથે જોડ્યું. ત્યાં ઉત્પન્ન થઈ ગયું.

એવા શ્રી 'સોભાગભાઈ'ને બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય, પહેલા બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય અને પછી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય એવો ક્રમ હોવાથી એમણે વચનબદ્ધપણું તો અગાઉ કરી લીધેલું. 'સોભાગભાઈ'ને ૨૪૭ પત્રમાં એ વચન આપેલું છે કે, અમે આ ભવમાં જ તમને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવશું અથવા જ્ઞાનપ્રાપ્તિ કરાવશું.

મુમુક્ષુ :– ૨૪૭ પત્રમાં પ્રશ્ન કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૨૪૭માં એવો પ્રશ્ન કર્યો છે. પેલી વાત બીજા પત્રમાં છે. મૂળમાર્ગનું જ્ઞાન શ્રી 'સોભાગભાઈ'ને આપવા માટે. એટલે તરત જ છે આમાં. ૨૫૯ પત્ર છે. ૨૫૯ પત્ર છે કે, જ્ઞાનધારા સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે. એટલે અમારા આત્માની પ્રેરણા હોય તેવું લાગે છે. તમે અમારા માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. ઉપકારી છે ને ! તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઇચ્છાનું

સુખ આપ્યું છે તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ ? પણ અમને એમ લાગે છે કે અમારા હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે અને હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે એટલે આત્મજ્ઞાન અમારા હાથે કરાવશે. અને એ જ અમે અમારો મોટો ભાગ્યોદય માનીશું. આ વચનબદ્ધ ચોવીસમા વર્ષમાં જ છે. પછી બીજજ્ઞાનની પ્રાપ્તિ કરવાનો પોતાનો વિકલ્પ છે. પ્રેમસમાધિમાં ઝુલે એ ત્યાંથી બહાર નીકળતા નથી અને સ્વરૂપની ઓળખાણ કરવાની અને આત્મજ્ઞાન કરવાની જાણે અમને કાંઈ પડી નથી. એવી સ્થિતિમાં જ્યારે વર્તે છે ત્યારે 'કૃપાળુદેવ'ને તો વિકલ્પ આવે છે કે આ આગળ ચાલે તો સારું. એટલે એમને એ કહ્યું કે, આગળની દશા કેમ તમને નથી થતી ? તમને મૂળ વસ્તુ તો મળી ગઈ. કેવળબીજ સંપન્ન તો છો, હવે આગળની દશા કેમ થતી નથી ? એ વાત એમને ૨૪૭ પત્રમાં કરી તોપણ એ સમાધિમાંથી બહાર નીકળતા નથી.

પછી ૨૬મા વર્ષમાં ૪૭૧ અને ૪૭૨ પત્રમાં બીજજ્ઞાન સંબંધી સુધારસની ઉપમા આપીને બીજજ્ઞાનનો વિષય એમણે છેડ્યો. ખુલ્લા પત્રમાં એ વાત છંછેડવાનો પ્રયાસ કર્યો પણ 'સોભાગભાઈ' દાદ દેતા નથી. એમને 'કૃપાળુદેવ' સિવાય બીજું કાંઈ દેતું નથી. મસ્ત છે એમાં એ. પછી છેવટે બહુ વિચક્ષણતાથી Treatment આપી છે, એમણે જોયું કે, હવે આમનું આયુષ્ય પૂરું થવાની તૈયારી છે અને માંદગીના ખાટલે વૃદ્ધાવસ્થામાં આવી પડ્યા છે. ત્યારે જોયું હવે શું કરવું ? શરીર અશક્ત થતું જાય છે એટલે એમણે બહુ વિચક્ષણતાથી એક પ્રયોગ કર્યો છે. છ-સાત મહિના સુધી એમની વિનંતીને એમણે લંબાવી રાખી છે. તમે પ્રત્યક્ષ આવીને દર્શન દ્યો. મને તમારા દર્શનની ઝંખના છે પણ મારી શારીરીક સ્થિતિ મુસાફરી કરી શકાય એવી નથી. નહિતર 'કૃપાળુદેવ' ૩૦મા વર્ષમાં 'વવાણિયા' અને 'મોરબી' વચ્ચે રહ્યા છે. કેટલાક પત્રો 'મોરબી'થી લખેલા છે, કેટલાક પત્રો 'વવાણિયા'થી લખેલા છે. એટલે

દૂર નહોતા, 'મુંબઈ' નહોતા. અને 'સાયલા' નજીક હતું છતાં પણ ઇરાદાપૂર્વક આવતા નહોતા. આવવા માટે ખોટેખોટા વાયદા કરતા હતા.

પ્રશ્ન :– ઇરાદાપૂર્વક એટલે ?

સમાધાન :– ઇરાદાપૂર્વક એટલે આવવાનું લખે અને આવે નહિ, પછી ઇરાદાપૂર્વક જ ગણવું જોઈએ ને ! દરેક પત્રમાં એમ લખે આવું છું ને ! અઠવાડિયામાં આવું છું, પંદર દિ'માં આવું છું, દસ-પંદર દા'ડામાં આવ્યો સમજો. પણ આવે નહિ. સાત-આઠ મહિના સુધી 'સોભાગભાઈ'ને લટકાવ્યા. ખૂબ ખેંચ્યું, ખૂબ ખેંચ્યું. પછી એમને સહન થયું નહિ. પછી 'સોભાગભાઈ' ઓળંભા લખે, કડક લખે. પ્રેમ હતો ને એટલે એમને લખવાનો અધિકાર હતો. એ તો ખેંચે જ જાય, ખેંચે જ જાય. છેલ્લો કાગળ એમ આવ્યો કે હવે માંદગીને કારણે મારો દેહ નહિ છૂટે પણ તમારા વિયોગને કારણે મારો દેહ છૂટી જશે, આવવું હોય તો આવો અને ન આવવું હોય તો હવે તમે જાણો. પછી તરત જ આવ્યા છે. આવ્યા પછી ચાર-પાંચ દિવસ 'સાયલા' રોકાણા, પછી એમને 'ઇડર' લઈ ગયા છે. એમના પરિવારના સભ્યો ના પાડે છે કે બાપાજીની તબિયત એટલી બધી નબળી છે કે જરાય મુસાફરી કરી શકે એવું છે નહિ એટલે તો 'વવાણિયા' આપના દર્શન માટે આવ્યા નહિ, 'મોરબી' પણ ન આવ્યા. 'મોરબી' તો એથી ૩૦ કિ.મી. નજીક છે તોપણ નથી આવી શક્યા તો 'ઇડર' તો કેવી રીતે (આવશે) ? ('કૃપાળુદેવ' કહે છે), એ કંઈ માથાકૂટ કરવાની તમારે જરૂર નથી, એ ચિંતા તમારે કરવાની જરૂર નથી. હું એમને લઈ જાઉં છું. 'ઇડર' લઈ ગયા અને 'ઇડર'માં એમને બીજજ્ઞાન આપ્યું છે. ત્યારપછી 'ઇડર'થી આવ્યા પછી એક જ અઠવાડિયામાં 'સોભાગભાઈ'ના પોતાના સ્વરૂપનું આત્મજ્ઞાન થયું છે અને અનંત ભવનો છેદ એક અઠવાડિયામાં થઈ ગયો. આયુષ્ય ત્યારપછી ૧૭-૧૮ દિવસ બાકી હતું અને એ ૧૭-૧૮ દિવસમાં બહુ જ વધતી

પુરુષાર્થ યુક્ત દશા એમની રહી છે. શરીર નબળું હતું પણ આત્મા જોરમાં હતા. આત્મા નબળો ન પડ્યો, એમનો આત્મા બળવાન થયો. એ દશામાં એ આવેલા.

કહેવાનો આશય એ છે કે એ ઘણા આગળ વધેલા હતા. પાત્રતા વિશેષ ઘણી હતી, નિર્મળતા પણ ઘણી હતી છતાં પણ ૨૩મા વર્ષે સંયોગ થયો અને ૩૦મા વર્ષે બીજજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ૬-૭ વર્ષનો ગાળો છે. એમ કેમ થાય છે ? એની ચર્ચા અહીંયાં કરે છે.

'વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે...' જ્યારે કોઈપણ મુમુક્ષુને બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે જ્ઞાનીપુરુષ એને પોતાનું અંતર્મુખ પરિણમન પ્રત્યક્ષ ચેષ્ટા દ્વારા દર્શાવે છે. દર્શાવે છે અને આજ્ઞા કરે છે કે તું જો તારામાં, તારા પરિણમનને તું જો તો તારામાં એ જ્ઞાનધારા ચાલે છે. લખ્યું ને જ્ઞાનધારા સંબંધી. ૨૯૩મા પાને જુઓ એ શબ્દ વાપર્યો છે. જ્ઞાનધારા સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું. કહ્યું હશે, રૂબરૂ કહ્યું હોય એ તો પત્રમાં આવે નહિ પણ એ પોતે એ વાત ઉપર લક્ષ આપે નહિ અને પુરુષાર્થ કરે નહિ તો પુરુષાર્થથી કાર્ય થાય એવી વાત છે. એટલે પોતાને અંદર જે જ્ઞાનધારા ચાલે છે એ જ્ઞાનધારાનું અવલોકન કરાવે છે.

જ્ઞાનધારા એ એવી ચીજ છે કે પ્રત્યેક મનુષ્યને જે જ્ઞાનનો પર્યાય છે, જેને આપણે જ્ઞાનોપયોગ કહીએ છીએ, એ જ્ઞાનના ઉપયોગના બે અંગ છે. એક બહિરંગ છે – બાહ્ય અંગ છે અને એક અંતરંગ છે. અંતરંગ છે તે જ્ઞાનધારા છે. જે બહિરંગ છે, બાહ્ય ઉપયોગ છે તે જ્ઞાનવિશેષ છે અને જે અંતરંગ છે તે જ્ઞાનસામાન્ય છે. બન્ને થઈને સ્વપરપ્રકાશકપણું છે. પર્યાય એક છે, અંગ એના બે છે. એમાં જે જ્ઞાનવિશેષ છે એટલા અંગમાં અનેક જ્ઞેયોના પ્રતિબિંબો ઝીલાય છે અને એ વિશેષતાઓ ફર્યા જ કરે છે. જે જે જ્ઞેયો સામે આવે તે તે જ્ઞેયોના

આકારે જ્ઞેયાકાર જ્ઞાન પરિણમે છે. બાહ્ય અંગમાં જ્ઞેયના આકારે, જ્ઞેય સદૃશ જ્ઞાનનો પર્યાય થાય છે. અંતરંગ જે જ્ઞાનસામાન્ય છે એ એક ધારું એમ ને એમ સ્વસંવેદનરૂપ – જ્ઞાનવેદનરૂપ એમ ને એમ ચાલુ રહે છે. પરપદાર્થના પ્રતિબિંબની પહોંચ, પરપદાર્થના પ્રતિબિંબની અસર જ્ઞાનસામાન્ય ઉપર નથી આવતી. એની મર્યાદા જ્ઞાનવિશેષ સુધી છે. એક જ પર્યાયમાં બન્ને છે.

દૃષ્ટાંત લઈએ તો સ્ફટિક રત્ન છે, સ્ફટિકનો પથ્થર છે એમાં નિર્મળતા જે પારદર્શકપણું છે એ એની સામાન્ય દશા છે અને જે જે રંગનો પદાર્થ એની સમીપમાં મૂકવામાં આવે, લાલ, કાળો, પીળો જેવો મૂકવામાં આવે એની ઝાંય નિર્મળતાને કારણે એમાં ઉત્પન્ન થાય છે ત્યારે આખો સ્ફટિક રંગીન દેખાય છે. જ્યારે આખો સ્ફટિક રંગીન દેખાય છે અને જુદા જુદા રંગવાળો દેખાય. જેવું જેવું કપડું કે ફૂલ પાછળ મૂકો તેવો તેવો રંગ એ ધારણ કરે, બદલ્યા કરે. એ વખતે સ્ફટિક કાળો જ્યારે દેખાય છે ત્યારે એની નિર્મળતાનો નાશ થયો છે કે નહિ ? કે જરાપણ નહિ. આખો સ્ફટિક કાળો, કાળો, કાળો એકદમ કાળો દેખાય ત્યારે પણ એની નિર્મળતા એટલી ને એટલી જ અબાધિતપણે અવિકારીપણે વિકૃત થયા વિના એવી ને એવી રહી છે. એ એની નિર્મળતા એની સામાન્ય અવસ્થા છે અને કાળા, પીળાપણું થાય છે એ એની વિશેષ અવસ્થા છે.

એમ આત્મામાં જે જ્ઞાન છે એ જ્ઞાનના ઉપયોગમાં જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞપણું જે ચાલુ છે એમાં જ્ઞાનવેદન છે, એ જ્ઞાનસામાન્યની અવસ્થા છે, એ જ્ઞાનની ધારા બધા જ જીવોને સતત ચાલે છે અને એ જ જીવનું સ્વભાવ સ્વરૂપ, સ્વભાગત લક્ષણ છે કે જ્યાંથી સ્વરૂપની ઓળખાણ થાય છે. લક્ષણથી લક્ષની ઓળખાણ થાય.

હવે પ્રયોગ કેવી રીતે કરે ? જ્યારે પદાર્થ નિર્ણય થાય અને પદાર્થની

ઓળખાણ થાય ત્યારે એ પ્રયોગ કેવી રીતે કરે છે ? કે, પોતાના જ્ઞાનના વિશેષ અંગને ગૌણ કરીને અથવા અનેક જ્ઞેયો જેમાં પ્રતિબિંબિત થાય છે એવા બાહ્ય જ્ઞાનને લક્ષમાંથી છોડી દઈને જ્ઞેયાકાર જ્ઞાનની સરાસર ઉપેક્ષા કરીને પોતાના જ્ઞાનસામાન્યમાં જે જ્ઞાનવેદન છે એ અનુભવ અંશ છે. અનુભવાંશે પ્રતીતિ આવશે. ૭૫૧ (પત્રમાં) કહ્યું તે પ્રમાણે. એ અનુભવ અંશને અનુભવતા એમ અનુભવાય છે કે મારો આત્મા કદી પણ કોઈપણ પ્રકારના જ્ઞેયોથી વિકાર પામતો નથી. કેમકે પ્રત્યક્ષપણે મારું જ્ઞાન અવિકારી રહે છે. જ્ઞાનસામાન્ય તો એમ ને એમ જ રહે છે. અનેક જ્ઞેયો જ્ઞાનવિશેષમાં જણાવા છતાં જ્ઞાનસામાન્ય એમ ને એમ અવિકૃત રહે છે. એવી જે જ્ઞાનની ધારા છે એનો જે અનુભવ છે એ અનુભવ એને સ્વભાવની ઓળખાણ કરાવે છે.

જ્યારે એ વેદનથી, પોતાના જ્ઞાનવેદનથી ચાલતું જ્ઞાન જ્યારે પોતે પોતાને જ વેદે છે ત્યારે એ જ્ઞાન કષયાના અભાવ સ્વભાવે હોવાને લીધે નિરાકુળ ભાવે હોવાથી નિરાકુળતારૂપ સુખ, એની પણ ઓળખાણ થાય છે. કોઈપણ જીવ ગમે તેટલા ઓછા ઉઘાડવાળો હોય તોપણ જ્ઞાનનો ઉઘાડ ભલે ગમે તેટલો ઓછો હોય તોપણ સ્વરૂપની ઓળખાણના સમયે પોતાનું જ્ઞાન જ્ઞાનવેદનરૂપ છે અને તે નિરાકુળ હોવાથી સુખરૂપ છે. એ જ્ઞાનનું રૂપ છે, સુખ છે તે જ્ઞાનનું રૂપ છે. આ બે મુદ્દા તો એને અવશ્ય અવશ્ય ઓળખાણમાં કારણ પડે છે. અને એ પરિણમન વર્તમાન અનુભવ ઉપરથી (અંદર) અનંતુ રહેલું છે એવું જે સામર્થ્ય, એ સામર્થ્યનો પત્તો લાગી જાય છે. ગુણભેદ પડ્યા વિના આવા આવા અનંત ગુણોનું સામર્થ્ય મારા સ્વરૂપમાં રહ્યું છે એ જાતનો એક Concept – સ્વીકાર ઉત્પન્ન થઈ જાય છે.

પોતાનું અનંતુ સામર્થ્ય જેટલું છે તેટલું એ જ્ઞાનધારાના પરિચયથી સમજાય છે, વેદનપૂર્વક પોતાનું અસ્તિત્વ ગ્રહણ થાય છે. એ ઉપદેશ

છાયામાં ૨૨૦ નંબરમાં એને અસ્તિત્વ ગ્રહણ કહ્યું છે. અને પોતે સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ છે એની પ્રતીત આવે છે. એ પણ પ્રત્યક્ષ છે અને એના ઉપરથી જણાઈ આવેલો મૂળ પદાર્થ પણ અનંત પ્રત્યક્ષ છે. કેમકે એમાં તો અનંતું સામર્થ્ય છે અને તો જ અંદરથી અનાદિ અનંત પ્રવાહ નીકળે.

આ પેટ્રોલના કૂવામાંથી ગેસ કે પેટ્રોલ નીકળે છે એ સતત નીકળે છે એના Force ઉપરથી એના જે તજજ્ઞો છે, એ અંદરમાં કેટલો માલ ભર્યો છે એનો આંક આપણને આપે છે, અંદર ગયા વિના. કે ત્રણ હજાર મીટર, બે હજાર મીટર, ત્રણ હજાર મીટર નીચે અહીંયાં પેટ્રોલિયમ આટલા કરોડ ઘન મીટર પડેલું છે. શું કહે ? માપ કાઢીને આપે કે આટલા કરોડ ઘન મીટર માલ ત્યાં પડેલો છે. ક્યુબીક મીટર.

એ જેમ કાઢી શકે છે, ત્યાં નીચે ગયા વિના એમ પદાર્થ નિર્ણયના કાળમાં સતત પ્રવાહમાન એવી જે જ્ઞાનધારા અને એની નિરાકુળતા અને એનો Force, અટકાવવા માગો તો અટકી શકે નહિ, એનું મોઢું બંધ ન થાય. અહીંયાં પેટ્રોલિયમના કૂવાને બંધ કરવો હોય તો બંધ કરી શકાય. આનું મોઢું બંધ ન થાય. એક સેકંડ પણ બંધ ન રહે. એવો એનો જે Force છે, એની તાકાત છે એ બધાનું માપ સેકંડોમાં પદાર્થ નિર્ણયના કાળમાં મુમુક્ષુને પત્તો લાગી જાય છે અને જ્યારે એને ખબર પડે છે કે અનંત સુખનો સાગર મારી અંદર જ હિલોળા લઈ રહ્યો છે, ઉછાળો ખાઈ રહ્યો છે, હવે એ બહાર નીકળવા તલપાપડ છે. ત્યારે એનું જે પર્યાયની અંદરનો એ સંબંધીનો ઉત્સાહ છે એ પર્યાયમાં સમાતો નથી. એટલો પુરુષાર્થ, એટલો સ્વરૂપ મહિમાપૂર્વક સ્વરૂપનો રસ એ મુમુક્ષુજીવને ઉત્પન્ન થાય છે. પોતાના ગુણનિધાનની અનન્ય રુચિ પ્રગટ થાય છે અને તે અનન્ય રુચિ એના પર્યાયને અન્યપણે હવે રહેવા દેશે નહિ. અનન્યપણે જ અનન્યપણું ઉત્પન્ન કરીને રહેશે. એ અનન્યપણું

તે સત્ સ્વરૂપને અભેદ નમસ્કાર છે. જે 'કૃપાળુદેવ' લખે છે ને, સત્ સ્વરૂપને અભેદભાવે નમસ્કાર. નમસ્કાર એટલે નમવું, વળવું, ઢળવું, ઝુકવું.

એનો વિષય થોડો લખાણમાં જોઈતો હોય તો 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ' એના ત્રીજા પ્રકરણમાં સ્વરૂપ નિશ્ચયના Headingથી એ પ્રકરણ લખ્યું છે અને ૫૬મા પાને એનો ચિતાર લખેલો છે. જે હમણા વાત કરી એ વિષય ત્યાં બતાવ્યો છે.

પ્રશ્ન :– મીઠાઈ ખાય ત્યારે ગળપણનું જે જ્ઞાન થયું એ કોને થયું ?

સમાધાન :– પોતાને જ થયું.

પ્રશ્ન :– વેદના ક્યાં આવી ?

સમાધાન :– એમાં એવું છે કે જે જ્ઞાનવિશેષરૂપ બાહ્ય અંગ છે એ આ પહેલાની દશામાં અનાદિથી જે દશા વર્તી રહી છે એ પહેલામાં અન્ય પદાર્થને જાણતી વખતે અન્ય પદાર્થ પ્રત્યે ખેંચાયને અવલંબીને જાણે છે. એવો એક જ્ઞાનવિશેષમાં વિપર્યાસ વર્તતો હોવાથી જીવને જ્ઞેય લુબ્ધતા ઉત્પન્ન થઈ આવે છે. 'સમયસાર'ની ૧૫મી ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' એને 'જ્ઞેય લુબ્ધતા' શબ્દ વાપર્યો છે. ત્યાં આસક્તિ થાય છે. એ જે જ્ઞેયને જોવે છે એ જ્ઞેયમાં એને આસક્તિ થાય છે. કેમકે એનું જ્ઞેય પ્રત્યેનું ખેંચાણ છે. એ જ જ્ઞાનવિશેષરૂપ અંગ જ્યારે જ્ઞાનસામાન્ય એટલે વેદનનો આવિર્ભાવ કરે છે એટલે પોતે પોતાના વેદનને ગ્રહણ કરે છે ત્યારે એની દિશા અંતર્મુખ થાય છે. જે દિશા બહિર્મુખ થઈને જાણવાની હતી એ અંતર્મુખ થઈને પોતાના વેદનને ગ્રહે છે. પર્યાય એક છે, પર્યાય બે નથી પણ જે અંગ બહાર વળતું હતું તે અંગ અંદર જાય છે, અંદર આવે છે. એને સ્વસન્મુખતા કહે છે અને અંતર્મુખતા પણ એને જ કહે છે. અહીંથી જ્ઞાનની દિશા બદલાય છે અને જ્ઞાનની દિશા બદલાય છે સાથે સાથે પુરુષાર્થની દિશા, વીર્યનો ઉછાળો પણ

અંદરથી તરફ ઝુકીને આવી છે. એટલે એ વખતે વિકલ્પવાળી વિચારદશા હોવા છતાં પણ તેનો અંશે અભાવ થાય છે એટલે અવલંબન એનું છૂટી જાય છે. એ પહેલાં વિચારમાં આત્માનો વિચાર કરે ત્યારે રાગના અવલંબને કરે છે. જ્ઞાનવેદનનું અવલંબન નથી આવ્યું. જ્ઞાનવેદનરૂપ જ્ઞાન લક્ષણના આધારે જ્ઞાન સ્વભાવ ઓળખાય ત્યારે અનંત સુખ મારામાં ભર્યું છે એ પણ ઓળખાય છે અને આ જીવની વૃત્તિ સુખ માટે અનાદિથી જગતના એક એક રજકણમાં રખડે છે અને જગતના એક એક રજકણ પાસે એ પોતાના સુખની ભિખ માગે છે. એવી જે સુખ માટેની વૃત્તિ એટલું બધું સાહસ કરે છે કે ચાલીસ હજાર ફૂટ (ઊંચે) પ્લેનમાં માણસ શું કરવા ઉડે છે ? નથી ખબર કે અહીંથી પડે તો હાડકું પણ હાથમાં ન આવે ? સુખ માટે જાય છે. ત્યાં પણ એને સુખથી મુસાફરી કરવી છે. અને સુખે કરીને જલ્દી પહોંચવું છે માટે એમ કરે છે. જાનનું જોખમ જાનની બાજી લગાડનાર કોણ છે ? સુખની અપેક્ષિત વૃત્તિ છે.

જ્યારે બહારમાં સુખ નથી છતાં પણ આટલું સાહસ કરવા આ વૃત્તિને કારણે જીવ તૈયાર છે તો જ્યાં અનંતું સુખ ભર્યું છે એવો સુખસાગર, તળિયા વિનાનો સાગર, હોં ! બહારના સગારને તળિયું છે. તળિયા વિનાનો સુખસાગર દેખાય તો એ વૃત્તિ કેટલું જોર કરે એનો અંદાજ – ત્રિરાશી મૂકી દેવી. એટલા જોરથી એનો ઉછાળો આવે કે અલ્પ કાળમાં તો ફડાક દઈને, 'સોભાગભાઈ'એ અઠવાડિયમાં સમ્યગ્દર્શન લઈ લીધું. અભેદ દશા પ્રાપ્ત કરી લીધી. અને કોઈ કોઈ એવા સાધકો હોય છે. સવારનું સાંજે પૂરું કરી લ્યે, એ જ દિવસે, 'સોગાનીજી' જેવા તો. એટલું જોર અંદરથી આવે છે. એને પદાર્થ નિર્ણય કહે છે.

એ પ્રકારની યોગ્યતાની કાંઈક ઓછપને લીધે એટલે અંતર અવલોકનની એટલી ઓછપને લીધે 'પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે,...' એટલે પદાર્થ નિર્ણયથી જે ચિત્ત શાંતિ થાય છે,

અનંત શાંતિના પિંડની મુખ્યતા આવે છે અને જે શાંતિ હોય છે એ શાંતિ પદાર્થ નિર્ણય પહેલા કદી કોઈ જીવને હોતી નથી. ભલે મુમુતામાં આગળ વધ્યો હોય તોપણ. એટલે 'પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે...' અને ભૂલ થાય તો ક્યારેક 'મિથ્યા સમતા આવે છે;...' મિથ્યા સમતા ક્યારે આવે ? કે, હું પહેલા કરતા તો આગળ વધ્યો છું. એવા ક્યારેક પણ પરિણામ થાય અથવા વર્તમાન પરિણામ જે કાંઈક ઠીક થયા છે એ ઠીક થયા છે, ઠીક થયા છે એવું લાગ્યા કરે તો (મિથ્યા સમતા આવે છે). કે આ પરિણામ સરસ ચાલે છે, આ પરિણામ સરસ ચાલે છે, આત્માના જ વિચાર આવે છે, બીજા વિચાર મને નથી આવતા, હજી એ જ ચાલે છે. (અહીંયાં) કહે છે કે, નહિ. અહીંયાં હવે એ પરિણામે ગુલાંટ ખાયને સ્વરૂપ ઉપર આવવાનું છે, હવે પરિણામ ઉપર પરિણામને રહેવાનું નથી. પરિણામ આશ્રિત પરિણામ જીવ અનાદિથી કરતો આવ્યો છે અને તે પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ પરસમય છે એમ 'પ્રવનચસાર'ની ૯૩ ગાથા બોલે છે. 'પ્રવચનસાર'ની ૯૩મી ગાથામાં એ વાત છે. એ પર્યાયાશ્રિતપણું સ્વરૂપનિશ્ચય થતાં સ્વરૂપની મહિમામાં એ પર્યાયો, એ પરિણામો ડૂબી જાય છે અને સ્વરૂપની મહિમામાં એટલા ડૂબી જાય છે કે એને ખુદને પોતાને પોતાનું ભાન રહેતું નથી. એ પરિસ્થિતિ પરિણામની થાય ત્યારે જ પર્યાયની મુખ્યતા ટળે અને સ્વભાવની મુખ્યતા આવે અને સ્વભાવની મુખ્યતા આવે ત્યારે જ પરિણામ આગળ ચાલે. ત્યાં સુધી પરિણામમાં વિકાસ તે દશાએ, તે ભૂમિકાએ થવો જોઈએ તે ન થાય. એટલે ક્યારેક મિથ્યા સમતા આવે તો એ Danger zoneમાં આવે છે, એમ સમજી લેવું. ત્યાં નુકસાન કરી લ્યે છે.

એ કહેશે હવે, 'કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે;....' એ તો કહે છે, 'કૃપાળુદેવ' એ જ વાત કરવા માગે છે. જ્યાં સુધી સ્વરૂપનું ભાવભાસન ન આવે ત્યાં સુધી બુદ્ધિની પહોંચમાં કલ્પિત પદાર્થ

છે એમ સમજવા યોગ્ય છે અને એ કલ્પનાનું ઘૂંટણ, રટણ, ચિંતન, મનન કરવા યોગ્ય નથી. કલ્પિત પદાર્થની મુખ્યતા થઈ જશે.

વાત બીજી રીતે છે કે, આ અનુભવનો માર્ગ છે અને વેદન અને અનુભવથી આગળ વધવાનું છે, બુદ્ધિ લગાડીને નહિ. પહેલા બુદ્ધિથી સમજવાનો જે તબક્કો છે એ તો Outline છે એમ સમજવાની વાત છે. એથી વધારે એનું કોઈ મહત્ત્વ છે. પછી જે Outline મળી છે એને એક બાજુ મૂકીને વેદનના સ્તરે આગળ વધવાનું છે, પહેલેથી જ જે વેદના છે, સ્વરૂપની અપ્રાપ્તિની ઝુરણા છે ત્યાંથી માર્ગ વેદનથી શરૂ થાય છે અને વેદનમાં જ આગળ વધવાનું છે, બુદ્ધિમાં નહિ. બુદ્ધિમાં Outline મળી ગઈ. Outline મળી ગઈ પણ Underline મળી નથી ઇ ધ્યાનમાં રાખવાનું છે. એ Underline વેદનનો વિષય છે, એ મૂળ જ્ઞાનધારા છે. એટલે એને આગળ લઈ જવાની છે અને બુદ્ધિને ત્યાં પાછળ રાખવાની છે. જો ત્યાં પણ, એ સ્તરે પણ યોગ્યતાની ઓછપની લીધે વેદનના વિષયમાં પ્રયાસ ઓછો થાય અને જો બુદ્ધિ આગળ કામ કરવા મંડે તો એ દોઢડહાપણ એને ભારે પડી જાય છે. ત્યાં બુદ્ધિ બિલકુલ લગાવવાની નથી. કેમકે ત્યાં 'કલ્પિત પદાર્થને વિષે 'સત્'ની માન્યતા હોય છે;...' વેદનથી જે માન્યતા આવવી જોઈએ એ વાત જુદી છે અને વિચારથી માન્યતા આવે તે વાત તદ્દન જુદી છે.

જે પહેલા સમજ્યો કે આત્મા અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય સામાન્ય છે, પરમ પારિણામિક ભાવસ્વરૂપ છે, ત્રિકાળી શાશ્વત ધ્રુવ તત્ત્વ છે એવું જે પોતે સમજ્યો છે કે આવું મારું જ્ઞાયક તત્ત્વ છે. એ કોના આધારે સમજ્યો છે ? મનના આધારે. પદાર્થ મનાતીત વિષય છે. મનના વિચારમાં સમાવેશ પામે એ પદાર્થનું સ્વરૂપ નથી. મનાતીત વિષય છે. મનાતીત વિષય હોવા છતાં એને મનની મર્યાદમાં સમાવીને એને Frame કરી નાખવો કે જે એ Frameમાં સમાય એવું નથી. એ કલ્પિત પદાર્થને

વિષે સત્‌ની માન્યતા હોય છે. અને એ Danger zone એટલા માટે છે કે જો એમાં દઢતા થઈ જાય અને વેદનનો વિષય હાથમાં ન આવે તો ત્યાં દર્શનમોહ તીવ્ર થાય છે અને ગૃહીત મિથ્યાત્વમાં જીવ આવી જાય છે. કેમકે પ્રયોજનભૂત વિષયમાં એને કલ્પના થઈ કે મારો આત્મા આવે છે. પોતાનો આત્મા પ્રયોજનભૂત વિષય છે અને પ્રયોજનભૂત વિષયમાં જ્યારે કલ્પના થાય ત્યારે એ નવું ગ્રહણ કર્યું માટે એને ગૃહીત મિથ્યાત્વ કહેવામાં આવે છે. ભલે આ ગૃહીત મિથ્યાત્વ સૂક્ષ્મ છે પણ અન્ય સાંખ્યાદિ બધા મતો આમાંથી ઉત્પન્ન થયા છે. પછી એ Develope થાય છે, એ ગૃહીત મિથ્યાત્વ છે વિકાસ પામે છે અને પોતે જો બુદ્ધિવાળો હોય અને પુણ્યવાળો હોય તો લોકો અનુસરવા મંડે અને એ પોતે આત્મા આવો છે ને આવો છે ને તેવો છે, એ જે એને કલ્પનામાં આવ્યો છે એનું પ્રતિપાદન કરે અને આખો નવો સંપ્રદાય ઉત્પન્ન થઈ જાય અને એમ જ જગતમાં બધા સંપ્રદાયની ઉત્પત્તિ થઈ છે. મૂળમાં આ રીતે બન્યું છે.

'કલ્પિત પદાર્થને વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી,...' આ લક્ષણ આવવું જોઈએ. જ્યારે સ્વરૂપનું ભાવભાસન થાય, પદાર્થ નિર્ણય થાય ત્યારે એનો પરમ મહિમા અથવા પરમ પ્રેમ આવે. પરમ પ્રેમ કહો કે પરમ મહિમા કહો. જેને ગુણનો પ્રેમ છે એને અનંત ગુણની ખાણનો પત્તો લાગે એને કેટલો પ્રેમ આવે ? એને આત્માનો આત્મા પ્રત્યયી પ્રેમ છે. એ પરમ પ્રેમ પદાર્થનો નિર્ણય ન થાય અને આડેઅવળે ચડી જાય. અહીંયાં પણ આ જગ્યાએ માર્ગદર્શનની જરૂર પડે છે.

'પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.' પરમ યોગ્યતા જે ચરમસીમાની મુમુક્ષુતાની યોગ્યતા છેલ્લી હદની છે એ પ્રાપ્ત થાય તો એને સમ્યગ્દર્શન તુરત જ થાય, અલ્પ સમયમાં

જ થાય નહિતર એ યોગ્યતા હાનિ પામેલી છે અથવા ક્ષતિ પામેલી છે. એ પદાર્થ નિર્ણય સુધી આ વિષયને આમાં 'કૃપાળુદેવે' પ્રતિપાદન કર્યો છે અને હજી પણ કોઈ એક વિશેષ વાત કરવા માગે છે એ હવે પછીના પેરેગ્રાફમાં કરશે.

'આ ત્રણે કારણો...' જે માર્ગપ્રાપ્તિમાં બાધક છે, રોકનારા છે, અવરોધરૂપ છે એ 'ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.' જુઓ ! અહીંયાં મુમુક્ષુનો વાંસો નથી થાબડ્યો કે તમે બહુ ડાહ્યા, તમે બહુ યોગ્યતાવાળા, તમે બહુ પાત્ર છો, તમે બહુ આગળ વધ્યા છો, એમ નથી કીધું. હિતેચ્છુ છે ને એટલે હિતની દૃષ્ટિએ ચોખ્ખી વાત કરે છે. નહિતર 'કૃપાળુદેવ'ના પરિચયમાં આવેલા મુમુક્ષુની યોગ્યતા આજના કાળના મુમુક્ષુઓ કરતા ઘણી સારી હતી એમ અવશ્ય કહી શકાય એવી વાત છે. અત્યારના કાળમાં મુમુક્ષુતા લગભગ તો નામમાત્ર હોય છે, કોઈ કોઈ જીવમાં સુપાત્રતા આવે છે પણ 'કૃપાળુદેવ'ની સમીપ જે જે મુમુક્ષુઓ આવેલા, અંગત પરિચયમાં આવેલા એ ઘણા યોગ્યતાવાળા હતા, પાત્રતાવાળા હતા છતાં એમ લખે છે કે, 'આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.'

'માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે,...' કેવું Statement આપે છે ! કોઈ કોઈ મુમુક્ષુ એવા છે કે જેને સત્પુરુષ પ્રત્યે અત્યંત વિનય છે. એટલે એ જે કારણ છે એની ન્યૂનતા એટલે ખામી એટલે અવરોધક કારણની ખામી એટલે સારું કારણ છે. એ અમે જોઈ છે. એટલે પરમ વિનયની ઓછપ છે એમાં ન્યૂનતા છે એટલે સારો એવો વિનય કેટલાક મુમુક્ષુઓને તે સારો એવો વિનય જોવામાં આવે છે.

'અને જો તેઓમાં સર્વ પ્રકારે (પરમ દૈન્યત્વની ખામીની) ન્યૂનતા

થવાનું પ્રયત્ન હોય...' એટલે પરમ દૈન્યતાની ખામી છે એ સર્વ પ્રકારે મટી જાય અને ઓળખાણ થઈને પરમેશ્વર બુદ્ધિ આવી જાય એવો પ્રયત્ન હોય, એવો પુરુષાર્થ હોય, સત્પુરુષને ઓળખવાનો પણ પુરુષાર્થ હોય તો 'જોગ્ય થાય એમ જાણીએ છીએ.' તો એને યોગ્યતા આવે. આગળ વધવા માટેની યોગ્યતા આવે. કેમકે એ પહેલું સમકિત છે અને પહેલું સમકિત આવે એને બીજા સમકિત પ્રાપ્ત થવાની યોગ્યતા આવે છે.

'પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે;...' હવે આમ વાત લીધી, જુઓ ! હવે ક્યાં ફેરવી તોળે છે વાતને ? કે આ ત્રણમાં બળવાન સાધન શું ? પરમ વિનય આવે એ. સત્પુરુષની ઓળખાણ એ મુખ્ય સાધન છે. પછી બીજું બાકીનું આપોઆપ થશે. એ મુખ્ય કારણ છે. 'પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.' જે ઉપર Statement આપ્યું હતું કે એ બધા કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું, એ અહીંયાં કીધું. અહીંયાં 'બીજ' શબ્દ વાપર્યો છે.

'એ ત્રણેનું બીજ...' એટલે ત્રણે અવરોધક કારણ છે એને મટાડવાની દવા, બીજ એટલે અહીંયાં એમ લેવું. મહાત્માને વિષે એટલે સત્પુરુષને વિષે પરમ પ્રેમભાવથી અર્પણતા થવી તે છે. આ પ્રેમાર્પણ શબ્દ એમની જ ભાષામાં જોવા મળે છે, બીજે ક્યાંય એ શબ્દ જોવા નથી મળતો. પરમ એટલે પૂરેપૂરો. જેમાં કોઈ ગણતરીનો વિષય ન હોય. ગણતરીનો વિષય તો મારું ને તારું હોય ત્યાં હોય. જ્યાં મારું-તારું મટ્યું અને ઐક્યભાવ થયો ત્યાં ગણતરીનો વિષય ખલાસ થઈ જાય છે. પરમ પ્રેમાર્પણ ભાવે જ્યારે સત્પુરુષ પ્રત્યેના પરિણામનો પ્રવાહ ઉત્પન્ન થાય ત્યારે આ ત્રણે કારણો ટળવાનું બીજ એ પરમ પ્રેમાર્પણ ભાવમાં આવી જાય છે.

પ્રશ્ન :- આમાં શું ફરક છે ?

સમાધાન :– પરમ દૈન્યત્વ જ્યારે આવે, એ તો કહ્યું કે, પરમ દૈન્યત્વની ન્યૂનતા થવાનું બને એટલે કે પૂરેપૂરી ન્યૂનતા ખલાસ થઈ જાય ત્યારે એને પરમ પ્રેમાર્પણ ઉત્પન્ન થાય છે. પરમ પ્રેમાર્પણ ઉત્પન્ન થાય ત્યારે સમજવું (કે) પરમેશ્વર બુદ્ધિએ પરમ પ્રેમાર્પણ આવે ત્યારે સમજવું કે હવે પરમ વિનયની ખામી નથી.

મુમુક્ષુ :– આ લોકની અલ્પ સુખેચ્છા પહેલા જાય પછી આ આવે. અહીંયાં કહે છે કે, પહેલા બીજું કારણ આપો તો ત્રણે જાય.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એનું બીજ આમાં રહેલું છે. જો આ વસ્તુ આવી જાય તો ઓલી Automatic જાવાની. આમાં શું છે કે એક બાજુ અધિક ઝુકવાથી બધી બાજુથી જીવ ઉઠી જાય છે. એમાં શું છે કે નિઃશંકપણે આત્મા સત્ પરમાનંદરૂપ છે એવો અભિપ્રાય નથી આવ્યો માટે સુખેચ્છા રહ્યા કરે છે. હવે અહીંયાં ભાવભાસન તો થયું નથી, સત્ પરમાનંદરૂપ છે. (હવે) કરવું શું ? આ નવી મૂંઝવણ થાય. તો કહે (છે), એનો સહેલો રસ્તો છે. સત્પુરુષને ઓળખીને જો પરમ પ્રેમાર્પણ થાય તો ઇ ગયું, એ પણ જાશે. પહેલા તો Indication આપ્યું છે કે આવી સુખેચ્છા, માનસિક શાંતિથી બચી જા. ન્યાં ક્યાંય ફસાતો નહિ, એમ કહેવું છે.

પ્રશ્ન :– પૂર્ણતાનું લક્ષ અને આ બીજો ભાગ એ બેય ભેગું થાય છે ?

સમાધાન :– પૂર્ણતાનું લક્ષ આવશે, પછી આવશે પણ એનું બીજ અહીંયાં છે. એટલે નિર્મળતા ત્યાંથી આવશે. નિર્મળ એવો જે આત્મ પદાર્થ એ નિર્મળ જ્ઞાનમાં પ્રતિભાસે છે. અને એ નિર્મળ જ્ઞાન ક્યારે થાય ? કે મોહરહિત એવા જે સત્પુરુષ તેમના પ્રત્યે ઉપકારબુદ્ધિએ પરમ પ્રેમાર્પણ આવે ત્યારે. એ જ્યારે પરમ પ્રેમાર્પણ આવે છે ત્યારે

નિર્મળતા આવતી જાય છે. ખરેખર તો એ મુમુક્ષુના પરિણામથી વચનરચના છે કે મુમુક્ષુ જીવ પરમ પ્રેમની અર્પણતાવાળા એના પરિણામ થયા. ખરેખર તો એ વખતે એ નિર્મળતા લ્યે છે, દેતો નથી. પ્રેમ દ્યે છે એની સામે નિર્મળતા લ્યે છે, માલ લેતો જાય છે. અને એ નિર્મળતાને કારણે એને પોતાના સ્વરૂપનું ભાવભાસન આવે છે, આમ છે.

પ્રશ્ન :– ભાવભાસન પછી આવે પણ પૂર્ણતાનું લક્ષ ?

સમાધાન :– પૂર્ણતાનું લક્ષ તો અહીંયાં સૌથી પહેલા આવી જાય છે. એ તો દઢ મુમુક્ષુતા જે મોહાસક્તિથી મૂંઝાઈને મોક્ષને વિષે જ યત્ન કરવો ત્યાં એ લક્ષ આવે છે. અહીંયાં તો પછી સ્વરૂપનું લક્ષ થાય છે અને એ બન્ને લક્ષનું Coordination એને મોક્ષમાર્ગથી કેવળજ્ઞાન સુધી લઈ જાય છે. ત્યારે જ યથાર્થ લક્ષ કહેવાય છે. એકલી પર્યાયનું લક્ષ – પૂર્ણતાનું લક્ષ તે યથાર્થ નથી અને પૂર્ણતાના લક્ષ વિના એકલું સ્વરૂપનું લક્ષ થઈ ગયું એમ કોઈ માને તો તે પણ યથાર્થ નથી. યથાર્થ લક્ષ તો બેયનું Coordination છે. અને તો જ પરિણામમાં સંતુલન રહે, નહિતર સંતુલન રહે નહિ. કાં તો પર્યાયાશ્રિતપણે વ્યવહારાભાસ થાય અને કાં નિશ્ચયની કલ્પનામાં નિશ્ચયાભાસ થાય. બેમાંથી એક થયા વિના રહે નહિ અને બેયનું મિશ્રણ થાય તો ઉભયાભાસ થાય. એ પાછુ વધારે ખરાબ છે.

'અધિક શું કહીએ ? અનંતકાળે એ જ માર્ગ છે.' વધારે શું કહેવું ? હવે આ સિવાય બીજા પ્રકારે મુમુક્ષુજીવે કંઈ વિચારવા યોગ્ય નથી. એને Line ચડવું હોય તો આ ૨૫૪ પત્રમાં જે જે વાતો કરી છે એ 'કૃપાળુદેવ'ની આજ્ઞા છે, એ આજ્ઞાને માથે ચડાવી લેવી તો તરી જાય. નહિતર અનંત કાળે બીજો માર્ગ નથી એમ સમજી લેવું. વિશેષ બાકીનો વિષય છે એ કાલના સ્વાધ્યાયમાં લઈશું.

# પ્રવચન-૭

## તા. ૨૯-૮-૧૯૯૫, સ્થળ : વિલેપાર્લા

પત્રાંક-૨૫૪ ચાલે છે. પાનું-૨૮૯. મુમુક્ષુતાના પરિણામોમાં ઉન્નતિ ક્રમ ક્યા પ્રકારે છે કે જે પરિણામો આખરમાં મોક્ષમાર્ગની સમીપ થઈ જાય છે. એ આ પત્રનો વિષય છે. એમાં છેલ્લા મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં રોકનારા મુખ્ય કરીને જે ત્રણ કારણો છે એની ચર્ચા 'કૃપાળુદેવે' કરી અને છેલ્લે એમ કહ્યું કે, 'પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન કારણ છે;...' એટલે કે જ્ઞાનીપુરુષનો પરમ વિનય થવો એ દર્શનમોહ ઘટવાનું ઉત્તમ કારણ છે અને સુગમ કારણ છે. દર્શનમોહ અનેક પ્રકારે ઘટે છે તેમાં જુદા જુદા જે પ્રકારો છે તેમાં ભૂલ થવાની સંભાવનાઓ ઘણી છે પરંતુ જો સત્પુરુષનો યોગ હોય અને તેમના પ્રત્યે પરમ વિનય આવે તો તે સુગમપણે સારી રીતે, સારા પ્રમાણમાં દર્શનમોહનો અનુભાગ તૂટે છે. એ સુગમમાં સુગમ ઉપાય અને ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. એટલે એ બળવાન સાધન છે અને ઉપરના ત્રણે કારણો ટળવાનું બીજ, ત્રણે દોષો મટવાનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે. અને પરમ પ્રેમથી પરમ હિતબુદ્ધિએ, પરમ ઉપકારબુદ્ધિએ સમર્પણ આવે એ આ બધા કારણો ટળવાનું બીજ છે.

'અધિક શું કહીએ ? અનંત કાળે એ જ માર્ગ છે.' આ વિષયમાં વધારે શું કહેવું ? બીજા માર્ગે કોઈ કદાચ સાધવા માગશે તો બીજો માર્ગ નથી. આ માર્ગ કોઈને અનુકૂળ ન આવે, ન લાગે કે અમને આ વાત બરાબર નથી લાગતી. અને અમે કાંઈક બીજી રીતે પણ કરવા

ઇચ્છીએ છીએ. ત્યારે એની સામે આ વાત કરે છે કે, અનંતકાળે એ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી, બીજો કોઈ ઉપાય નથી.

'પહેલું અને ત્રીજું કારણ જવા માટે બીજા કારણની હાનિ કરવી.' પહેલું એટલે આ લોકની અલ્પ પણ સુખેચ્છાનો દોષ અને પદાર્થનો અનિર્ણય છે એ પ્રકારનો દોષ એ બન્ને દોષ જવાને માટે બીજા કારણની હાનિ કરવી એટલે કે પરમ વિનયમાં વર્તવું. પરમ વિનયમાં ઓછપ હોય તો તે ઓછપ ટાળવી.

કેટલાક જીવો જાણીને કે અજાણપણે સત્પુરુષનો વિરોધ કરે છે એ તો દયાને પાત્ર છે, કરૂણાને પાત્ર છે, એની ચર્ચા કરવી નકામી છે. પણ જેઓ સત્પુરુષને સ્વીકારે છે, માને છે છતાં પરમ વિનયમાં નથી આવતા તો એ એક એવો દોષ છે કે જેને લઈને યોગ્યતા રોકાય છે, માર્ગપ્રાપ્તિને એ બાધક કારણ બને છે. એને 'કૃપાળુદેવે' એક પત્રમાં વંચનાબુદ્ધિ કહી છે. ઘણું કરીને ૬૬૧મો પત્ર છે. પાનું–૪૯૦. આત્માર્થ સિવાય શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે તે સર્વ શાસ્ત્રીય અભિનિવેશ છે. શાસ્ત્ર બે પ્રકારે વંચાય છે. એક આત્માર્થે વંચાય છે અને એક ક્ષયોપશમ અથવા જાણપણું વધારવાના લોભથી શાસ્ત્રનું અધ્યયન થાય છે. તો આત્માર્થને છોડીને – આત્મકલ્યાણના લક્ષને ચૂકીને જો શાસ્ત્રનું અધ્યયન, વાંચન, શ્રવણ થતું હોય તો અને એમ કરતાં કૃતાર્થતા માને છે એટલે હું કાંઈક કરું છું, મેં કાંઈક મારા આત્મકલ્યાણ અર્થે હું કાંઈક કરી ચૂક્યો છું, એવી કૃતાર્થતા માની હોય તો તે શાસ્ત્રીય અભિનિવેશ છે.

સ્વચ્છંદતા હજી ટળી નથી અને સત્સમાગનો યોગ પ્રાપ્ત થયો છે, સત્પુરુષનો યોગ પ્રાપ્ત થાય તે યોગે પણ સ્વચ્છંદના નિર્વાહને અર્થે એવો યોગ હોવા છતાં પણ બીજી રીતે. જેમ અહીંયાં કહ્યું ને કે અનંતકાળે એ જ માર્ગ છે. બીજી રીતે સ્વચ્છંદના નિર્વાહ અર્થે. બીજી રીતે કરવા

જાય તો એમાં સ્વચ્છંદનો નિર્વાહ થાય છે. શાસ્ત્રના કોઈ એક વચનને બહુવચન જેવું જણાવી એટલે કોઈ એક વચન ઉપર ભાર મૂકીને. છે મુખ્ય સાધન એવો સત્સમાગમ. મુખ્ય સાધન તો સત્સમાગમ છે. તેના સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર ઉપર મૂકે છે, એને બરાબર ગણે છે, સત્સંગ સમાન ગણે છે અથવા સત્સંગથી કોઈ અધિક ગણે છે. તે એ પ્રકારે કે સત્પુરુષ ચોથા ગુણસ્થાને બિરાજે છે અને અમારી પાસે જે મહાન શાસ્ત્રો છે તે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને વર્તતા આચાર્યોના લખેલા છે. માટે ઉપર ઉપરના મહાત્માઓના વચનામૃત અમારી પાસે છે, અમને સત્સમાગમ કરતા શાસ્ત્ર વાંચવું વધારે ઠીક લાગે છે. કેમકે એ ઉપરના ગુણસ્થાનવાળા મહાન આચાર્યોના શાસ્ત્રો છે. તો કહે છે કે, છે મુખ્ય સાધન એવો જે સત્સમાગમ. બેય સરખું છે એમ ગણીને અથવા શાસ્ત્રો ઉપર વધારે ભાર મૂકે છે તે જીવને પણ અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે. તે જીવને અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે. અપ્રશસ્ત એટલે શુભનો પ્રકાર નથી. શાસ્ત્ર ઉપર ભાર મૂકે છે ઇ અશુભનો પ્રકાર છે.

આ વિષય 'કૃપાળુદેવે' બહુ ઊંડાણથી નિરૂપિત કર્યો છે. એ પ્રકારના પરિણામવાળા જીવની નાડ પકડી છે એમ કહીએ તો ચાલે. અને એની નાડના ધબકારા માપીને એમ કહ્યું કે આ અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે. એવું જીવ ક્યારે કરે ? પ્રત્યક્ષ સત્પુરુષ બિરાજમાન હોય એને ગૌણ કરીને શાસ્ત્ર વાંચવા બેસી જાય એવું ક્યારે કરે ? કે જ્યારે એને પોતાનો અહમ્ભાવ વધી ગયો હોય ત્યારે જ કરે. એ અપ્રશસ્ત પરિણામ છે, અશુભ પરિણામ છે.

આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ચોક્કસ ઉપકારી છે અને તે પણ સ્વચ્છંદ રહિત પુરુષને. જેને સ્વચ્છંદ મટ્યો નથી એ સીધા શાસ્ત્ર વાંચવા જાય તો બહુભાગ પોતાને નુકસાન કરે છે. એટલો લક્ષ રાખી શાસ્ત્ર વિચારાય તો તે શાસ્ત્રીય અભિનિવેશ ગણવા યોગ્ય નથી. આ પ્રકારે

પણ બીજી રીતે કોઈ કાર્ય કરવા માગે તો ન થઈ શકે એ વાતનો ઉલ્લેખ એમણે ૬૬૧માં કર્યો છે.

બીજો આ જ એક સંદર્ભ નીકળે છે, પત્ર–૫૨૬માં, પાનું–૪૨૨. એમાં નીચેનો છેલ્લો પેરેગ્રાફ છે. તે સાધનની આરાધના જીવને નિજ સ્વરૂપ કરવાના હેતુપણે જ છે. શું સાધન કહ્યા છે ? સત્સંગ, સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્ર આદિ જે સાધન કહ્યા છે તે સાધનની આરાધના જીવને નિજ સ્વરૂપ કરવાના હેતુપણે છે. તથાપિ જીવ જો ત્યાં પણ વંચનાબુદ્ધિએ પ્રવર્તે તો કોઈ દિવસ કલ્યાણ થાય નહિ.

હવે વંચનાબુદ્ધિ એટલે શું ? વંચનાબુદ્ધિ એટલે સત્સંગ, સદ્‌ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે માહાત્મ્યબુદ્ધિ ઘટે તે માહાત્મ્યબુદ્ધિ નહિ, એનો અભાવ. જે પરમ વિનય આવવો જોઈએ એના બદલે ઓછો વિનય હોય ત્યારે જીવને ભ્રમ થાય અથવા વંચનાપણું થાય છે, છેતરાવાપણું થાય, પોતે પોતાથી છેતરાય જાય તે એ પ્રકારે કે હું ક્યાં વિરોધ કરું છું, હું તો વિનય કરું છે ને. મારો વિનય કદાચ બીજા કરતા ઓછો હોઈ શકે પણ વિનય તો કરું જ છું. તો કહે છે, ખરા આત્મભાવે જે પરમ વિનય આવવો જોઈએ એવો પરમ માહાત્મ્યનો અભાવ, એવી માહાત્મ્ય બુદ્ધિ નહિ થવી અને પોતાના આત્માને હજી સુધી અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે માટે પોતાની અલ્પજ્ઞતા અને લઘુતા વિચારીને અમાહાત્મ્ય બુદ્ધિ નહિ. પોતાની પામરતા ન લાગે. અને સત્સંગ, સદ્‌ગુરુ આદિને વિષે આરાધવા નહિ. એ પણ વંચનાબુદ્ધિ છે.

ત્યાં પણ એટલે સત્પુરુષના યોગમાં પણ જો જીવ લઘુતા ધારણ ન કરે તો પ્રત્યક્ષપણે જીવ પરિભ્રમણથી, ભવ પરિભ્રમણથી ભય નથી પામતો એમ જ વિચારવા યોગ્ય છે. જો પરમ વિનય ન આવે અને ઓછો વિનય હોય તોપણ એને ભવ પરિભ્રમણનો ભય લાગ્યો નથી અને પોતે પોતાથી છેતરાય છે એમ સમજવા યોગ્ય છે.

વધારે લક્ષ તો પ્રથમ જીવને આ થાય. આ લક્ષ જો વધારે થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માર્થ સહેજે સિદ્ધ થવા સંભવે છે. આ પરમ વિનયનું લક્ષ ન હોય તો એને શાસ્ત્રાર્થ કે આત્માર્થની પ્રાપ્તિ નહિ થાય. સિદ્ધ એટલે પ્રાપ્તિ થવી. એમ નહિ બની શકે.

પ્રશ્ન :– પોતે પોતાથી છેતરાય એ કેવી રીતે ?

સમાધાન :– હું કાંઈ અવિનય નથી કરતો. વિનય કરું છું માટે મારી Line બરાબર છે. પણ પરમ વિનયની ઓછપ છે એ માર્ગપ્રાપ્તિમાં રોકનારું કારણ છે. એ વાત નથી સમજાણી હોતી તો, હું વિનય કરું છું, કરું છું એમાં એને સંતોષ પકડાય છે અને જીવ પરમ વિનય સુધી આવતો નથી. તો ત્યાં એ છેતરાય જાય છે. જેટલું પરમેશ્વર બુદ્ધિએ માહાત્મ્ય આવવું જોઈએ એટલું માહાત્મ્ય ન આવે તો જીવ પોતે પોતાથી છેતરાય જાય છે.

પ્રશ્ન :– ...

સમાધાન :– પરમેશ્વર બુદ્ધિ નથી આવી તો પોતાનું લઘુત્વપણું પણ નથી આવ્યો. એ તો બન્ને સાથે જ છે. અહીંયાં પરમ માહાત્મ્ય આવે તો પોતાનું પરમ લઘુત્વ આવ્યા વિના રહે નહિ.

એટલે 'પહેલું અને ત્રીજું કારણ જવાને માટે...' ટળવાને માટે 'બીજા કારણની હાનિ કરવી.' એટલે પરમ વિનયની ઓછપ હોય તો ઓછપ ટાળી દેવી, એમ કહેવું છે. કારણ કે ઓછપ એવું લીધું છે. પરમ દૈન્યતાની ઓછાઈ લીધી છે. એ ટાળી દેવી. 'અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.' તેમના લૌકિક આચરણને ગૌણ કરીને, તેમના બાહ્યાચરણને ગૌન કરીને અંદરના અલૌકિક સ્વરૂપને ઓળખવું.

અહીંયાં કોઈને પ્રશ્ન થાય કે, ઓળખવું તો છે પણ કઈ રીતે ઓળખાય ? આ પ્રશ્ન અહીંયાં સંભવિત છે. 'કૃપાળુદેવે' બધા ખુલાસા

કરી જ નાખ્યા છે, વાત અધૂરી નથી રાખી. તરત જ લખે છે કે કઈ રીતે ઓળખાય ? કે, 'ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે.' ઓળખાશે જરૂર (પણ) ક્યારે ? ઓળખવાની તીવ્રતા આવશે ત્યારે. જ્યાં સુધી ઓળખવાની તીવ્રતા નહિ હોય ત્યાં સુધી જીવ સત્સંગ યોગે પણ ઉપર ઉપરથી જાશે. પોતાની ઓળખવાની તીવ્રતા ન હોય ત્યાં સુધી જ્ઞાનમાં તે પ્રકારની ઓળખાણ થવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી, ખાલી જગ્યા નથી હોતી. ક્યાંથી ઓળખાણ થાય ?

એટલે લખ્યું કે, 'ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.' એવા જે ઓળખવાની તીવ્રતાવાળા મુમુક્ષુ હોય છે એના જ્ઞાનનેત્રો, આ ચર્મચક્ષુની વાત નથી. કેમકે ચર્મચક્ષુથી તો બાહ્ય પરિસ્થિતિ દેખાય છે. એના જ્ઞાનનેત્રો – સમજણના નેત્રો મહાત્માને એટલે સત્પુરુષને ઓળખી લ્યે છે. સત્પુરુષને ઓળખવા માટે ઉત્તમ પ્રકારની પાત્રતા અપેક્ષિત છે, એ જ જીવો ઓળખી શકે. એ સિવાય બીજા જીવોને ભ્રાંતિ થવાનો સંભવ છે. અને એક જ્ઞાની ઓળખી શકે. એવું નથી કે માત્ર જ્ઞાની જ્ઞાનીને જ ઓળખી શકે અને મુમુક્ષુ ન ઓળખી શકે. એવો સિદ્ધાંત નથી, એવું વસ્તુનું સ્વરૂપ પણ નથી અને એ વાત 'કૃપાળુદેવ'ના આ વચનોથી સ્પષ્ટ થાય છે કે, 'મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.'

'મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે,...' એટલે ઓળખીને જેને દૃઢ નિશ્ચય થાય છે. હવે આખી વાતને શરૂઆતથી ક્રમમાં લઈ લે છે. 'મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય...' ઓળખાણ થાય 'તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે.' ત્યાં સુધી પહોંચે, પહેલેથી છેલ્લે સુધી. પ્રથમ મોહાસક્તિ મટે, દૃઢ મુમુક્ષુતા એટલે મોક્ષનું લક્ષ બંધાય, ધ્યેય બંધાય, પોતાના દોષને અવલોકવા ભણી ચિત્તિ વળી જાય. આ લોકમાં એને કોઈપણ પદાર્થ સત્પુરુષથી અધિક ભાસે નહિ. સત્પુરુષમાં પરમેશ્વર

બુદ્ધિ આવીને પદાર્થ નિર્ણય સુધી એ પહોંચે છે. જ્યારે પદાર્થ નિર્ણય થાય છે ત્યારે આકુળતા તેથી મટે છે. ત્યારે એને સર્વાંગ સમાધાન થાય છે.

આત્મસ્વરૂપ છે એ સર્વાંગ સમાધાન સ્વરૂપ છે. આત્મ સ્વરૂપ જેને ઓળખાણમાં આવ્યું કે અનુભવમાં આવ્યું એને ક્યાંય અસમાધાન ન વર્તે. અસમાધાનના અસંખ્ય પ્રકાર છે. અજ્ઞાનદશામાં જે અસમાધાન થાય છે તેના અસંખ્ય પ્રકાર છે. એ તમામ પ્રકાર આત્માની ઓળખાણ થાય અને અનુભવ થાય એટલે બધા એકસાથે મટે છે. ક્યાંય અસમાધાન ન થાય એવું ન બને. કોઈપણ વાત ગમે ત્યાંથી આવીને ઉભી થાય એ જીવને સમાધાન આવી જાય છે. આ એક બહુ મોટી વાત છે અને આ સમાધાન એ આત્મશાંતિનું ઉત્પાદક છે. આત્મસ્વરૂપનો નિર્ણય થાય એને અંદરથી જ સમાધાન આવે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનીપુરુષના યોગે તો અહીં સુધી પહોંચ્યો. પદાર્થ નિર્ણય સુધી તો પહોંચી ગયો. જ્યારે સ્વરૂપનું ભાવભાસન આવી ગયું, એ બીજજ્ઞાન તો જ્ઞાનીપુરુષના યોગ વિના તો આવે નહિ. એટલે એમાં જરૂર છે કે નથી જરૂર એ પ્રશ્ન તો રહેતો નથી. પણ એ પ્રકારે બીજજ્ઞાન સુધી જે પહોંચે એને પછી ક્યાંય અસમાધાન થાય નહિ. એ વાત નક્કી છે.

'વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે.' અને પોતાનું જે શાશ્વત અવ્યાબાધ અનંત સુખધામ છે એની નિઃશંકતા આવે છે. સર્વોત્કૃષ્ટ સુખનો ભંડાર પોતે છે. એ નિઃશંકપણે પ્રતિભાસે છે. એમાં જે નિઃશંકતા આવે છે જેથી જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે. પછી કોઈપણ પ્રકારના દુઃખનો ભય એને સતાવતો નથી.

સૌથી મોટો ભય તો અનિત્યતાનો છે. કોઈપણ માણસ સંસારી દૃષ્ટિએ ગમે તેટલો સાધનસંપન્ન હોય તોપણ એ બધું જ અનિત્ય છે એવું એને લાગ્યા વગર રહેતું નથી. કેમકે એ તો રોજ જાણવા મળે છે કે આજે આ ગયો, કાલે બીજો ગયો, પરમ દિવસે ત્રીજો ગયો. હું પણ જાવાનો. એટલે આ સાધનો કાયમ મારી પાસે રહેવાના નથી. કાયમ તો મારી પાસે રહેવાના નથી પણ એક ઝાટકે છૂટી જવાના છે, કટકે કટકે પણ છૂટવાના નથી. અને એની વેદના જીવને એટલી આવે છે કે બહુભાગ મનુષ્ય બેશુદ્ધ અવસ્થામાં દેહત્યાગ કરે છે. એટલી બધી તીવ્ર વ્યાકુળતા અને દુઃખદાયક પરિસ્થિતિ ઉભી થાય છે કે જીવ સાનભાન ગુમાવે છે અને બેશુદ્ધ અવસ્થામાં આયુષ્ય પૂરું થઈ જાય છે એનું કારણ આ છે. એ અનિત્યાનો ભય પોતે જીવતો હોય ત્યારે પણ એના કાળજામાં ઉંદર બનીને એના કાળજાને કોરે છે. દરેક મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવને આવી એક પરિસ્થિતિ અંદરમાં ચાલુ ને ચાલુ હોય જ છે. કેમકે એને સમાધાન આવવાનું નથી.

જ્ઞાનીને તો હરહાલતમાં અને ભેદજ્ઞાનનો પ્રયોગ કરનાર મુમુક્ષુને પણ હરહાલતમાં એ બધા જ પદાર્થો મારાથી ભિન્ન છે, અત્યારે જ ભિન્ન છે, શરીર પણ અત્યારે મારાથી ભિન્ન છે. આ શરીરથી જે પર્યાય ગ્રહણ થઈ છે એ પર્યાય ઉપર પણ જેનો મોહ નથી. ગમે ત્યારે આયુષ્ય પૂરું થાય તો મને શું ફરક પડે છે ? શાશ્વત એવો હું મારા અવ્યાબાધત્વને ક્યારે પણ છોડતો નથી કે મારું અવ્યાબાધત્વ ક્યારેય બાધા પામતું નથી. કોઈ રીતે મારા સુખને હાનિ પહોંચાડવા કોઈ સમર્થ નથી અને મને કોઈ દુઃખ દેવા પણ સમર્થ નથી.

આવી જે પોતાની નિઃશંકતા એ નિઃશંકતાથી 'જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે...' દુઃખના ભલે અસંખ્ય પ્રકાર હો. જે અસમાધાનના પ્રકાર છે તે બધા જ દુઃખના પ્રકાર છે. કેમકે અસમાધાનથી

દુઃખ ઉત્પન્ન થાય છે. એ 'જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે.' અને તેથી જ નિઃસંગતા એટલે અસંગદશા ઉત્પન્ન કરવાનું સામર્થ્યપણું આવી નિઃશંકતા આવ્યા પછી જ બની શકે છે. નહિતર ભયથી આકુળિત પરિણામ હોય ત્યાં રાગ-દ્વેષમાં પરિણામ ખેંચાયા વિના રહે નહિ. અને એ ખેંચાણ છે એ જીવને અસંગ દશામાં, અસંગ સ્વરૂપમાં આવવા દેતું નથી. એ જીવના પરિણામને ખેંચ્યા કરે છે.

'માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે;...' 'ખંભાત'ના મુમુક્ષુ ભાઈઓને લખેલો આ પત્ર છે. ખરેખર એ 'ખંભાત'ના મુમુક્ષુ ભાઈઓને લખેલો છે પણ એનો સ્વાધ્યાય કરનાર આત્માર્થી જીવને એ પત્ર મને લખ્યો છે એમ લાગવું જોઈએ, એમ અંદરમાં ભાસવું જોઈએ, તો Line ચડી જાય એવી વાત છે.

અનંત કાળમાં આ જીવે સાધન તો – ધર્મના સાધન તો અનંત કર્યા છે. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો, વહ સાધન બાર અનંત કિયો' અનંત વાર એ બધા સાધન કર્યા છે પણ 'કૃપાળુદેવે' અહીંયાં જે જ્ઞાનીના માર્ગની આખી લાઈનદોરી બતાવી છે એ માર્ગે કદી ચડ્યો નથી. એ Line હાથમાં નથી આવી. બાકી બધા સાધન એ Line હાથમાં આવ્યા વિના કરે, કર્યા જ કર્યા છે.

અહીંયાં એક વિશેષ વાત ઉપર ધ્યાન દોરવા યોગ્ય છે કે મુમુક્ષુજીવ છે એની શક્તિ બહુ મર્યાદિત છે. જ્ઞાનદશામાં જેટલી શક્તિ હોય એટલી શક્તિ મુમુક્ષુદશામાં અંદરથી આત્માની પ્રગટ થઈ નથી. જ્યારે મર્યાદિત શક્તિ લઈને આત્મસાધન કરવા માટે જીવ ધર્મના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે એની પોતાની મર્યાદિત શક્તિનું ભાન રાખીને, એ શક્તિ જેટલી થોડીઘણી છે એને એક જ્ઞાનીના માર્ગમાં લગાવવામાં જ રોકવી અને આડાઅવળા સાધનમાં નહિ રોકવી એટલો વિવેક કરવા યોગ્ય છે.

ફરીથી, નહિતર શું થાય છે ? કે, જીવ અનેક સાધનમાં પોતાની શક્તિ રોકે છે. એ શક્તિ એની થોડી છે એ પણ વહેંચાય છે અને પછી ખરું કામ કરવાનું છે ત્યાં એની પાસે કામ કરવાની શક્તિ હોતી નથી. જેમ કોઈ માણસને આ જમાનામાં ૫૦૦-૭૦૦ રૂપિયાનો પગાર હોય એ ૪૦૦ રૂપિયાના બૂટ-ચંપલ ખરીદીને પહેરે તો ૨૦૦-૩૦૦ રૂપિયામાં, ૧૦૦-૨૦૦ રૂપિયમાં એક મહિનાની રોટલી કેવી રીતે ખાય ? પગાર તો મહિને મળવાનો છે ને ? એટલે ૫૦૦ રૂપિયાના પગારદારને ૪૦૦ રૂપિયાના જોડા પહેરવા પોષાય નહિ અને પહેરવા જાય તો તાવડી કોરી રહી જાય.

એમ જેને ખર્ચ કરવામાં, ઓછી આવકવાળાને ખર્ચ કરવામાં વિવેક કરવો જોઈએ એમ ઓછી શક્તિવાળા મુમુક્ષુને પોતાની શક્તિ ખર્ચ કરવામાં વિવેક કરવાની જરૂર છે. એ બીજા બીજા સાધનમાં લાગી જાય, પોતાની મેળે ક્ષયોપશમ વધારવામાં શક્તિ વાપરે કે પોતાની મેળે ઠીક લાગે એવા ગ્રહણ-ત્યાગ ને વ્રતાદિમાં પડી જાય અને મૂળ વસ્તુ મુમુક્ષુની ભૂમિકાની આખી Line છૂટી જાય, હાથમાં જ ન આવે. આવું અનંત વાર બન્યું છે. 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હજુ ન પર્યો' કાંઈ હાથમાં ન આવે. એટલે જેટલી પોતાની શક્તિ છે એ શક્તિને યથાર્થ માર્ગમાં લગાવવી એટલો વિવેક કરવા યોગ્ય છે. થોડું મોડું થાય એનો એટલો વાંધો નથી પણ જે કાંઈ થાય તેટલું યથાર્થ થાય, એટલું લક્ષમાં લેવા યોગ્ય છે.

એટલે કહે છે કે, 'માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે;...' લખ્યું છે સંક્ષેપમાં, કેમકે (આ) પત્ર છે, પુસ્તક નથી. આખું શાસ્ત્ર લખવા બેઠા હોય તો જ્ઞાનીઓ વિસ્તારથી અનેક ભેદે વાત કરે પણ અહીંયાં તો પત્ર છે એટલે સંક્ષેપમાં લખાયો છે. 'તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.'

આ 'કૃપાળુદેવ'ની સ્પષ્ટ આજ્ઞા છે કે આનો વિસ્તાર કરવો. કોઈ એમ વિચારે છે કે 'કૃપાળુદેવ'નો પત્ર વાંચી જવો પણ વિસ્તાર ન કરવો. એ યોગ્ય નથી. યોગ્ય નથી એટલે એમની જ આજ્ઞાને નહિ અનુસરવા જેવું છે. એમની આજ્ઞા તો છે કે પરસ્પર મળી અને વિસ્તાર કરવું અને સમજવું, વિસ્તારથી સમજવું. 'એમ અમે કહીએ છીએ.'

'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.' આ પત્રની અંદર ભલે વાત સંક્ષેપમાં લખી છે પણ શાસ્ત્રનો ગૂઢ અર્થ એટલે પારમાર્થિક રહસ્ય અમે આમાં પ્રતિપાદન કરેલું છે. એમ કહીને ધ્યાન ખેંચ્યું છે કે પત્ર ઉપર ઉપરથી વાંચી જવા જેવો નથી. એક એક વાતમાં પોતાના અનેક ભવોના અનુભવનો નિચોડ એક એક વાક્યમાં (ભર્યો છે). 'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.'

'તમે વારંવાર વિચારજો.' એકાદ વખત વાંચી ગયા, શબ્દાર્થ અને ભાવાર્થ સમજાય ગયો માટે મને ખબર છે હવે આ કાગળમાં શું લખ્યું છે. એમ એની પૂર્ણાહૂતિ કરવા જેવી નથી. 'કૃપાળુદેવ'ના વચનોમાં એટલું બધું ઊંડાણ છે કે જેમ જેમ એનો સ્વાધ્યાય જીવ કરે તો એ મુમુક્ષુજીવને નવું નવું ઊંડાણ હાથ લાગે એવા વચનો છે. ક્યારેક કોઈ વચન ઉપરથી જાય છે, ક્યારેક વચન ઉપરથી જાય છે પણ જો વારંવાર સ્વાધ્યાય કરે તો નવા નવા ઊંડાણ હાથમાં આવે એવા એમના પત્રો છે, એવા એમના વચનો છે.

'તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.' યોગ્યતા હશે તો, એમ લખ્યું છે. આટલી Condition મૂકી છે. એટલે કે પ્રત્યક્ષ સમાગમ જ્યારે થશે અને એ વખતે તમારી યોગ્યતાનો ખ્યાલ આવશે કે આ વાત અત્યારે કરવા જેવી છે, તો આ વાત વિસ્તારથી એનો વિચાર તમને બતાવશું કે આની પાછળ અમે શું શું કહેવા માગીએ છીએ.

જ્યારે કોઈપણ જ્ઞાનીપુરુષ સંક્ષેપમાં કોઈ વચનામૃતને પ્રકાશે છે ત્યારે એની પાછળ ઘણી ઊંડી અને વિશાળ એમની વિચારધારા હોય છે. વચનામૃત ભલે સંક્ષેપમાં નીકળ્યું હોય પણ જો પ્રત્યક્ષ યોગ હોય તો એ વચનામૃતનું Background શું છે, એની પાછળ એમણે શું શું વિચાર્યું છે, કેટલા ઊંડાણથી વિચાર્યું છે એ બહુ રસિક વિષય છે, બહુ Charming subject છે. અને એમાં આમંત્રણ પણ 'કૃપાળુદેવે' આ પત્રમાં આપી દીધું છે કે અમે જે આ વાત કરી એની પાછળ જે અમારો વિચાર છે એ યોગ્યતા હશે તો બતાવશું. એ પણ પોતાની વિચક્ષણતા હતી કે, એ યોગ્યતા જોઈને જ વાત કરતા. કિંમતી વાતને ગમે તેમ ફેંકતા નહિ. સામાન્ય યોગ્યતા જોઈને એને જેટલી જરૂર હોય એટલી જ વાત કરતા.

જેમ કોઈ Exper doctor હોય તો દર્દીને જેટલી માત્રામાં જ્યારે જે દવા દેવાની યોગ્ય લાગે ત્યારે એટલી માત્રામાં ત્યારે તે દવા આપે કે આ દવા ખાધા પહેલા લેવાની છે અને આ દવા ખાધા પછી લેવાની, આ આટલી માત્રામાં લેવાની છે અને આટલો ટાઈમ લેવાની છે. એવું 'કૃપાળુદેવ'નું હતું. જે મુમુક્ષુઓ એમના સમાગમમાં આવતા તેને તેઓ બહુ સારી માપી શકતા. એવું એમનું ઊંડું અને વિશાળ જ્ઞાન હતું કે એ મુમુક્ષુને માપી લેતા અને એની યોગ્યતા જોઈને, એને જેટલી જરૂર હોય એટલું આપે. ઓછુંઅદકું–ન ઓછું આપે, ન અધિક આપે. તેથી એને પણ નુકસાન નહિ અને પોતાની શક્તિનો પણ વ્યય થાય નહિ.

કેટલાક મહાત્માઓ – જ્ઞાનીઓ વિશેષ પ્રજ્ઞાવંત હોય છે અને એ વિશેષ પ્રજ્ઞાવંત પુરુષોમાં 'કૃપાળુદેવ'ને ગણી શકાય. બધા જ જ્ઞાનીઓને એવો વિકલ્પ પણ નથી હોતો અને એવો ઉઘાડ પણ નથી હોતો અને એવો ઉદય પણ નથી હોતો. એમાં ઘણા ઘણા પ્રકારો ભજે છે. એટલે સિદ્ધાંત ન બાંધી શકાય. જેમ કે કોઈ જ્ઞાનીને વ્યક્તિગત ઉપદેશનો

ઉદય જ ન હોય અને સમષ્ટિગત ઉપદેશનો ઉદય હોય તો એકસાથે સેંકડો, હજારો માણસો એ જ્ઞાનીની ધર્મસભામાં આવે ત્યારે એવો સંભવ નથી કે દરેકને યોગ્ય વાત થઈ શકે. એ સમષ્ટિગત વાત સિદ્ધાંત સૂત્ર અનુસાર કરે અથવા જે પણ શાસ્ત્ર હોય કે જે કાંઈ વિષય હાથમાં લીધો હોય એનું નિરૂપણ કરે. એમાં જે જે પ્રકારની વાતો આવે તે તે પ્રકારની યોગ્યતાવાળા જીવો જો સ્વલક્ષે શ્રવણ કરતા હોય તો ગ્રહણ કરી લે અને નહિતર અધ્ધરથી જાય, ઉપર ઉપરથી જાય અને બહુભાગ એવું બને છે. એટલે સમષ્ટિગત ઉપદેશમાં એ સંભવિત નથી પણ વ્યક્તિગત ઉપદેશમાં આ પ્રકાર સંભવિત છે. અને 'કૃપાળુદેવ'ને વ્યક્તિગત ઉપદેશનો ઉદય હતો, સમષ્ટિગત ઉપદેશનો ઉદય નહોતો.

વ્યક્તિગત રીતે મુમુક્ષુઓ એમના પરિચયમાં રહેલા અને પત્રો દ્વારા પણ પરિચય રાખતા, પરિચય સાધતા અને એ રીતે એમને વ્યક્તિગત માર્ગદર્શન અતિ સુંદર આપ્યું છે, અસાધારણ વિચક્ષણતાથી આપ્યું છે એ વાત સમજી શકાય એવી છે.

'હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી;...' અષાઢ મહિનામાં પત્ર લખેલો છે. સામાન્ય રીતે ચોમાસાની અંદર પોતે નિવૃત્તિ લઈ અને બહુભાગ ચરોતરના વિભાગમાં ખેડા જિલ્લામાં નિવૃત્તિ સ્થળમાં ક્યાંયને ક્યાંય આવતા હતા, પધારતા હતા પણ આ પત્ર લખ્યો છે ત્યારે લખે છે કે, અત્યારે તો સમામગ હાલ તુરત નહિ થાય 'પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય;...' શ્રાવણ વદમાં જો નિવૃત્તિ માટે નીકળશું તો સમાગમ થઈ શકશે. 'પણ તે કયે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી.' એ તો જે પ્રમાણે પોતાના વિચારો અને પરિણામ છે, જેવા છે એવા ચોખ્ખેચોખ્ખા સ્પષ્ટ સરળતાથી લખે છે કે સ્થળનો કોઈ નિર્ણય કર્યો નથી.

લખે છે, 'કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર ન રહેવું...'

આ કાળ ઘણો હિણો કાળ છે. વિષયકષાયના સંયોગો ફાલ્યાફૂલેલા છે. અસત્સંગનો ઘેરાવો નિરંતર મનુષ્યને રહે એવી પરિસ્થિતિ છે અને યથાર્થ સત્સંગ અભાવવત છે અથવા ક્વચિત્ જ ક્યારેક કોઈને પ્રાપ્ત થાય એવી પરિસ્થિતિ છે. એવા આ કળિયુગમાં 'ક્ષણવાર પણ વસ્તુ વિચાર ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે.' થોડો ટાઈમ પણ, ક્ષણવાર પણ એમ લીધું છે. 'વસ્તુવિચાર વિના...' એટલે આત્મકલ્યાણના વિચાર વિના, સ્વ-પર પદાર્થના વિચાર વિના ક્ષણવાર પણ ન રહેવું 'એમ મહાત્માઓની શિક્ષા છે.' જ્ઞાનીઓએ આ શિક્ષા આપી છે કે, તત્ત્વવિચાર, આત્મકલ્યાણનો વિચાર તો મુખ્ય કરીને નિરંતર રહેવો જોઈએ. 'તમને બધાને યથાયોગ્ય પહોંચે.' એ રીતે આ પત્ર સમાપ્ત થાય છે.

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે